તોહફે મુબારકાત વ કરામાત
યા'ને
મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.........
બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحમۃ اللہ علیہ

# બરકાતે ખ્વાજા (માસિક)

"બરકાતે ખ્વાજા" (માસિક)
૧–મે–૨૦૦૪
રબીઉલ અવ્વલ–રબીઉલ આખર
હિ.સ. ૧૪૨૫
વર્ષ : ૦૧ અંક : ૦૫, સળંગ અંક : ૦૫

★ સ્થાપક અને પ્રકાશક ★
ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા

★ પત્ર વ્યવહારનુ સરનામું ★
બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફૈઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા
તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦–૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦–૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી | રૂા. | ૧૦૦૦–૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦–૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ★ નબી જલ્વા ફર્મા...... ★

નબી આજ પૈદા હુવા ચાહતા હૈ
કે કા'બા ઘર ઉસકા હુવા ચાહતા હૈ
ન ક્યૂં આજ કા'બા બને રશ્કે ગુલશન,
વો ગુલ જલ્વા ફર્મા હુવા ચાહતા હૈ
યે રો રો કે આપસમેં બુત કહ રહે હૈં
ખુદા જાને અબ ક્યા હુવા ચાહતા હૈ
નિદા આ રહી હૈ હક્ક કે કમર કા
જહાં મેં ઉજાલા, હુવા ચાહતા હૈ
ખરીદેગા ઈસ્યાં કો રહમતકે બદલે
ખરીદાર પૈદા હુવા ચાહતા હૈ
જો આલમ કો કતરે સે સૈરાબ કર દે
રવાં ઐસા દર્યા હુવા ચાહતા હૈ
ફલક કે સિતારે ઝુકે આ રહે હૈં
કે પૈદા વો મૌલા હુવા ચાહતા હૈ
ખુદા કે ખજાનોંકા મુખ્તારો હાકિમ
શહે દીનો દુન્યા હુવા ચાહતા હૈ
મલાઈક મોઅદબ રહે હુક્મે રબ હૈ
કે મહબૂબ પૈદા હુવા ચાહતા હૈ
ઉઠો બેહરે તા'ઝીમ ઐ એહલે મેહફિલ
નબી જલ્વા ફર્મા હુવા ચાહતા હૈ
સલાતો સલામ અર્ઝ કર ઐ **"જમીલ"** અબ
ઈજાબત કા દર વાં હુવા ચાહતા હૈ

★ માનદ તંત્રી ★
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

નૂરાની આર્ટ, દયાદરા. ફોન : ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧

**નોંધ :** ગ્રાહક નંબર.................... આપનું લવાજમ તા. ..............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.

# બરકાતે ખ્વાજા (માસિક) મે-૨૦૦૭

★ વર્ષ : ૦૧ ★ અંક : ૦૫ ★ સળંગ અંક : ૦૫


## ✪ અનુક્રમણિકા ✪



| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૧. | **તંત્રી લેખ** : ઈસ્લામ વિરૂધ્ધ અમેરિકાની ભેદી શૈતાની ચાલ ! | રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યલય) | ૦૮ |
| ૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ (કાર્યાલય) | ૧૨ |
| ૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ (ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૫ |
| ૫. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની (ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૧૮ |
| ૬. | કુફ્રનો મસ્અલો અને ઈમામ અહમદ રઝા | **લેખક** : હઝરત મુફતી શરીફુલ હક્ક رحمۃ اللہ علیہ **અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૨૧ |
| ૭. | મૌલૂદુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم | **અઝ** : જનાબ "જિગર" નબીપુરી–લંડન | ૨૪ |
| ૮. | હિકમતે નમાઝ | **અઝ** : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી–મુંબઈ *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)* | ૨૯ |
| ૯. | ગુનાહોનો ઈલાજ | **લેખક** : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી **અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી | ૩૨ |
| ૧૦. | **બઝ્મે ઔલિયા** : સૂતેલાઓની વાતો | **કહેનાર** : હઝરત મૌલાના હસન આદમ કોલવનવી | ૩૬ |
| ૧૧. | જગત માટે જોખમરૂપ કોણ ?! | કાર્યાલય | ૪૦ |
| ૧૨. | ફતવા વિભાગ | મુફતી હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી | ૪૪ |
| ૧૩. | બરકાતે ખ્વાજાની ટપાલ | કાર્યાલય | ૪૭ |





### ★ અમો એમના આભારી છીએ ★

લેસ્ટર (યુ.કે.) ખાતે **બરકાતે ખ્વાજા** (માસિક)ના ગ્રાહકો કરવામાં સાથ આપનાર હઝરત મૌલાના કારી અબુલ કલામ રઝવી સાહબ مدظلہ العالی જનાબ હાફેઝ ઈકબાલ માંગરોલવી, જનાબ ઈકબાલભાઈ મોદી, જનાબ રુસ્તમભાઈ વકા, જનાબ નાસિરભાઈ દાઉદ મૂસા દયાદરવી એન્ડ બ્રધર્સ, જનાબ અનસભાઈ ઝંઘારવી તથા અન્ય મિત્રોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. અલ્લાહ તઆલા તેમને બંને જહાનમાં બેહતરીન જઝા અતા કરે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم *(–તંત્રી બરકાતે ખ્વાજા)*

# ઈસ્લામ વિરૂધ્ધ
# અમેરિકાની ભેદી શૈતાની ચાલ !

**(તંત્રી લેખ.......)**

*(પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)*

ઈસ્લામ એક પાકીઝા મઝહબ છે. તમામ બાતિલ મઅબૂદોનો ઈન્કાર જ ઈમાનનો પાયો છે તો પછી બાતિલ મઅબૂદોની તા'ઝીમ કે તેના સન્માનનો કે કુફ્રી રસમોની તા'ઝીમનો પ્રશ્ન જ નથી રહેતો, ન બાતિલ ધર્મોનાં કુફ્રી સૂત્રો કે વાક્યોને બોલવાં ઈસ્લામમાં જાઈઝ ઠરી શકે છે. ઈસ્લામમાં ક્યાંય પણ જૂઠા મઅબૂદોને સન્માનવાને કે તેના પરસ્તારોને સન્માનવાને સ્થાન નથી. બાતિલ પરસ્તો જેવી કુફ્રી વાણી કે તેવી બોલી કે તેવી ધાર્મિક રસમોને અપનાવનાર, તેમાં ભાગ લેનાર ઈસ્લામના વર્તુળની બહાર આપોઆપ નીકળી જાય છે.

વર્તમાનકાળમાં વિ□કક્ષાએ યહૂદીઓની શૈતાની છુપી ચાલ થકી મુસલમાનોના અકીદાની વાતોમાં ભેળસેળ કરાવી તથા હદ તો એ છે કે ઈસ્લામી તા'લીમમાં હસ્તક્ષેપ કરી મુસલમાનોના ઈમાનની તબાહી મચાવવાના હુમ્લા કેવા ચાલી રહ્યા છે અને ગદ્દાર નામના મુસ્લિમ સત્તાધારીઓ તથા બની બેઠેલા રહબરો અંગત સ્વાર્થ ખાતર કૌમનો કેવો સોદો વિ□કક્ષાએ તથા દેશ કક્ષાએ કેવી ભ્રામક પ્રવૃત્તિઓ થકી કરી રહ્યા છે તેનો ચિતાર અત્રે ઉર્દૂ માસિક **"અશ્રફિયા-મુબારકપુર, માર્ચ-૦૪"** માંથી સાભાર રજુ કરીએ છીએ તેને વાંચો અને સાવધાન થઈ ઈમાનની રક્ષામાં લાગી જાવ !

*-તંત્રી "બરકાતે ખ્વાજા"*

હજારો માનવોના ખૂનોની શૃંખલા સર્જીને ઈરાક તથા અફઘાનને તબાહ કર્યા બાદ હવે અમેરિકા નવી ચાલ ચાલી રહ્યું છે. છુપી રીતે અમેરિકા મશહૂર મદ્રસાઓ, ખાનકાહો તથા મુસ્લિમ તન્ઝીમો સાથે સંપર્ક કરી રહ્યું છે અને પંદર દિવસની ટ્રેનિંગના માટે અમેરિકા આવવાની દા'વત આપી રહ્યું છે. અખબારી રિપોર્ટના પ્રમાણે હિંદુસ્તાનથી એક પ્રતિનિધિમંડળ અમેરિકા જઈ ચૂક્યું છે જેમાં જમિઅતે ઉલમાએ હિંદ તથા પર્સનલ લો બોર્ડના સભ્યો પણ સામેલ છે. અમેરિકા જનારાઓને આવવા જવાના તમામ ખર્ચની સાથે ૧૫ દિવસનું વેતન લગભગ ૧૨ લાખ (રૂ.) ઠરાવવામાં આવેલું છે. અમેરિકાના પ્રતિનિધિઓએ અહલે સુન્નતના મશહૂર ઈદારાઓ અને મહત્વની વ્યક્તિઓ સાથે પણ સંપર્ક કર્યો પણ અહીં તેમને સખ્ત નિરાશા સાંપડી. અલ્જામિઆ અશ્રફિયા મુબારકપુરના સરબરાહે આ'લા સાહબે પણ આ ભારે રકમની સાથે મળેલી પેશકશને તુચ્છકારની નજરે ઠુકરાવી દીધી.

હઝરત મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી સાહબ યૂરોપ તથા અમેરિકાની આ છુપી સાઝિશનો પર્દો ચિરતાં લખે છે :-

"આ નિશાનાબાઝોનાં નિશાન પણ બદલાતાં રહે છે. એક સમય એ પણ હતો જ્યારે

ઈસ્લામી તસવ્વુફ પર તેમણે મારો ચલાવ્યો હતો. સદી બે સદી પહેલાંના વિ□ના ઈતિહાસ અને પ્રતિકારાત્મક ચળવળનો અભ્યાસ કરો. રૂસ તથા બ્રિટન તથા ફ્રાંસ વગેરેની તાકતોને એશિયા તથા આફ્રિકાની કેટલીયે ખાનકાહોએ ચેલેન્જ કરી હતી. ઈમાની ઉષ્માથી ભરપુર દરવેશોએ મજલિસથી મેદાન સુધી અને બઝ્મથી રઝ્મ સુધી તેમનો મુકાબલો કર્યો. તરીકતના શયખોએ મુસ્લિમ દેશોને પોતાની કોલોની બનાવનારા હુમ્લાખોરો તથા જાલિમોની વિરૂધ્ધ મુસલમાનોમાં એવા જઝબાત ઉભાર્યા કે સર હથેળી પર રાખીને તેઓ તેમની સામે ખડા થઈ ગયા. જેના પછી ઘણી જ તીવ્ર દષ્ટિ અને હિકમતે અમલીની સાથે તસવ્વુફની વિરૂધ્ધ સક્રિય જંગ છેડી દેવામાં આવ્યો કે, "આ તસવ્વુફ, આ દરવેશ, આ મશાઈખ અને તેમની આ ખાનકાહો ગૈર ઈસ્લામી ખયાલો ધરાવનાર છે." મુસલમાનોમાંથી જ એવા આલિમ અને દાનિશ્વરો તૈયાર કરવામાં આવ્યા જેમણે પોતાનાં બયાનો તથા પ્રવચનો અને કિતાબો, અંકો થકી તસવ્વુફની વિરૂધ્ધ આગ ઓકવાનું શરૂ કરી આપ્યું અને તેને મુસ્લિમ સમાજમાં બદનામ કરવાની ચળવળ છેડી દેવામાં આવી.

હવે જ્યારે કે આ જ કામ અમુક જોશીલી મુસ્લિમ તન્ઝીમો દુનિયાના વિવિધ ભાગોમાં પોત પોતાની રીતે કરી રહી છે અને મુસલમાનોનો પરચમ બુલંદ કરી રહી છે, પોતાની પ્રતિભાની લડાઈ લડી રહી છે. જાલિમ તથા જાબિર હુકૂમતો તથા સત્તાધારીઓ વિરૂધ્ધ અવાજ ઉઠાવી રહી છે તો જેહાદને પોતાનું મિશન બનાવી લેવામાં આવ્યું છે. શું આ એક ઐતિહાસિક અહો વૈચિત્ર્યમ્ અને સમયની કુર મજાક નથી ? છેવટે શું કારણ છે કે પહેલાં તસવ્વુફ નિશાના પર હતું અને હવે જેહાદ નિશાના પર છે ? શું એને પણ બતાવવાની તથા દુનિયાને સમજાવવાની જરૂરત છે ?"

વહાબી અકીદા તથા વિચારશ્રેણી ધરાવતી ગવર્નમેન્ટ સઊદીયા અરબિયાએ આ ક્ષેત્રે પોતાના આકાઓ યૂરોપ તથા અમેરિકાના ઈશારા પર એક બદ્તરીન અમલ શરૂ કરી આપ્યો છે અને તે એ છે કે નિસાબી કિતાબો (તા'લીમી કોર્સના પુસ્તકો)માંથી તે આયતો તથા હદીષોને કાઢવું જેમાં અમેરિકાના કલ્પાનુસાર ઉગ્રતાપસંદીની તા'લીમ આપવામાં આવી છે. કાફિરો તથા મુશ્રિકો તથા યહૂદી તથા ઈસાઈની બુરાઈ વર્ણન કરવામાં આવી છે. સઊદી ગવર્નમેન્ટે આ ફેંસલો કેટલાયે મહીના પહેલાં કરી લીધો હતો પરંતુ અન્ય અખાતી ગવર્નમેન્ટો પર અસરઅંદાઝ થવામાં અને તેમને પોતાની વાત મનાવવામાં થોડુંક મોડુ થઈ ગયું. સઊદી હુકૂમતે "ખલીજ તઆવુન કાઉન્સિલ"ના હેઠળ ૨૩–ડિસેમ્બર–૨૦૦૩ ઈ.સ. ના રોજ કુવૈતમાં અખાતી દેશોની મિટિંગ બોલાવી અને આપસમાં મશ્વરા પછી ખૂબ જ ઝડપભેર તેના પર અમલ કરવાનું પણ શરૂ કરી આપ્યું. કાઉન્સિલના મેમ્બરોમાં સઊદિયા, કુવૈત, ઓમાન, કતર, બેહરીન, અને અરબ અમીરાત સામેલ હતા. એ દેશોમાં નવા તા'લીમી કોર્સના સંપાદન અને જૂના કોર્સમાં ફેરફારનો અમલ જારી થઈ ગયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કુર્આન તથા હદીષ પર આધારિત ઘણી વાતો કાઢી નાખવામાં આવશે બલ્કે ઘણી તો કાઢી પણ નાખવામાં આવી છે. અમેરિકાના જિમ્મેદારોનું કહેવું છે કે ૧૧, સપ્ટેમ્બરના હુમ્લાનું કારણ તે પશ્ચિમ વિરોધી જઝબાત છે જે આ તા'લીમાતથી પેદા થાય છે.

કુવૈતી શિક્ષણ પ્રધાન રાશિદુલ હમ્માદની તરફથી પણ એ નિવેદન સ્થાનિક પેપરોમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે કે એવી કુર્આની આયતોને કોર્સમાં દાખલ કરવામાં ન આવે જેનાથી દિમાગોને ઉગ્રવાદ પ્રતિ આકર્ષણ થાય છે. વર્તમાનપત્રોએ તેમના એ શબ્દો સીધે સીધા લખ્યા છે કે, "નવી

કિતાબોમાં એ વાતનું ધ્યાન રાખવામાં આવે કે આપણે એવી કુર્આની આયતો પઢાવીએ જેનાથી નવયુવાન પેઢી ઉગ્રવાદની પ્રતિ ન ચાલી જાય જેથી તે બળ પ્રયોગથી દૂર રહે." અને આશ્ચર્યની વાત એ છે કે જે દસ્તાવેઝના પાયા પર તે મદ્રસા તથા કોલેજોના કોર્સમાંથી કાફિરો તથા મુશ્રિકો અને યહૂદીઓ તથા નસરાનીઓના બાતિલ હોવા પર આધારિત આયતો તથા હદીષોને કાઢવામાં આવી રહી છે તેની તજવીઝ સઊદી અરબના ભાવિ અનુગામી શાહઝાદા અબ્દુલ્લાહે પેશ કરી હતી. હકીકત એ કે હવે યૂરોપ તથા અમેરિકાએ એ નક્કી કરી લીધું છે કે ઈસ્લામી જગતના વિદ્યાર્થીઓને શું પઢાવવામાં આવે અને શું નહીં એ આલિમો તથા વિદ્વાનોએ નક્કી કરવાનું નથી બલ્કે અમારે નક્કી કરવાનું છે ! આ પ્રકારની ખબરો પાકિસ્તાનથી પણ મળી રહી છે. ૬–નવેમ્બર, ઈ.સ. ૨૦૦૩ ના રોજ પાકિસ્તાનના ગૃહ પ્રધાન ફૈસલ સાલેહ હયાતે "રાઈટર"ને જણાવ્યું કે મદ્રસાઓની નિગરાનીના માટે વહેલી તકે એક સ્કીમ લાગુ કરવામાં આવશે અને કેબીનેટની સમક્ષ આ પ્રકારનો ઠરાવ પેશ કરવામાં આવશે.

અરબ જગતના અડધો ડઝન દેશોને પોતાના નિસાબ (શૈક્ષણિક કોર્સ)માં તબદીલીનો આ અમલ અને અમેરિકાની મરજી પ્રમાણે આયતો તથા હદીષોથી કાઢઘાલ ઈસ્લામની અધોગતિની અત્યંત ભયાનક અને ઊંડી ચાલ છે. એના પ્રત્યાઘાતો થોડાક દિવસોમાં આખા મુસ્લિમ જગતમાં મહસૂસ કરવામાં આવશે. હિંદુસ્તાનમાં પહેલેથી જ આર.એસ.એસ. તથા વિ.હિ.પ. વગેરે ૨૪ કુર્આની આયતો કાઢી નાખવાની વાતો કરી રહ્યા છે. આ નામ માત્રના મુસ્લિમ દેશોની ઈમાનફરોશી અને ચાપલૂસીની આખરી હદ છે. અત્યાર સુધી એ વહાબી આલિમો તથા હાકિમોએ અંગ્રેજોના ઈશારા પર મુસ્લિમ ઉમ્મતનો સંબંધ અંબિયા તથા ઔલિયાથી તોડયો હતો અને હવે આ ખાલિસ તૌહીદના ઝંડાધારીઓ તૌહીદના ફરઝંદોનો સંબંધ ખુદાઈ તા'લીમાતથી તોડી રહ્યા છે. જો આ ઝમીરફરોશોની આ જ હાલત રહી તો એક દિવસે કુર્આને અઝીમની તે આયતોને કાઢી નાખવા માટે પણ રાજી થઈ જશે જે ઈસ્લામના વિરોધીઓના કહ્યા પ્રમાણે આતંકવાદની તા'લીમ પર આધારિત છે અથવા જે આયતોમાં યહૂદી તથા ઈસાઈ તેમજ કાફિરો તથા મુશ્રિકોની બુરાઈ વર્ણન કરવામાં આવી છે. અને લાગે છે કે સઊદિયા અરબિયાના સંબંધે નીચે જણાવેલી ખબર એ દિશામાં એક સાવચેતીપૂર્વકની કૂચ કદમ છે :–

"સઊદી મેનેજમેન્ટે પરદેશ ખાતે કુર્આન મજીદની નિકાશ પર પાબંદી લાગુ કરી દીધી છે અને મદીનામાં આવેલી "કિંગ ફહદ હોલી કુર્આન કોમ્પલેક્ષ"ના પ્રકાશનને સીમિત કરવાનો નિર્ણય કર્યો છે. સઊદી ગેઝેટના રિપોર્ટના પ્રમાણે હાકિમોએ મુલ્કમાં ખરાબ કોપીઓના આગમન તથા શબ્દ તથા પ્રિન્ટિંગની ગલતીઓની રોક થામના માટે આ ડગલુ ભર્યું છે. યાદ રાખશો કે આ પ્રિન્ટિંગ કોમ્પલેક્ષે ઈ.સ. ૧૯૮૫ થી કુર્આને અઝીમની છપાઈનું કામ શરૂ કર્યું હતું અને અત્યાર સુધી એક અંદાઝા પ્રમાણે ત્યાંથી વાર્ષિક ૧૬૫ મિલિયન કુર્આન મજીદનું છાપકામ થઈ રહ્યુ હતું."

રિપોર્ટમાં કુર્આન મજીદના નિકાશ અને પ્રકાશિત ન થવાનું કારણ જે વર્ણન કરવામાં આવ્યું છે તે અતિશય હાસ્યાસ્પદ છે. રિપોર્ટના લખાણ પરથી સાફ જાહેર થાય છે કે કોઈ બાહ્ય પ્રેશરમાં કુર્આન મજીદનું પ્રકાશન તથા નિકાશ પર પાબંદી લાગુ પાડવામાં આવી છે. વહાબી (સઊદી) હાકિમોએ અંગ્રેજ સામ્રાજ્યને રાજી રાખવાના માટે ઈસ્લામી સંસ્કૃતિ તથા સત્તા અને તેની દીની સિદ્ધ બાબતોનો ચહેરો વિકૃત કરવાની ચળવળ પણ તીવ્ર

કરી આપી છે. સઊદી અરબની પ્રથમ "માનવ હક્કની કોન્ફરન્સ" થોડાક દિવસો પહેલાં રિયાઝમાં થઈ છે. કોન્ફરન્સનો એક ઠરાવ એ પણ હતો કે "માનવ હક્કોની રક્ષાનું એવું માળખુ તૈયાર કરવામાં આવવું જોઈએ જે દરેક વ્યક્તિ દરેક કૌમ તથા જમાઅત માટે સમાન હોય જેથી દરેક ધર્મ તથા જાતિની રક્ષા અને તેની સંસ્કૃતિ તથા રિવાજોનું સમાન રીતે માન સાચવવામાં આવે." આ પશ્ચિમી ગુલામીના યુગમાં સઊદી ગવર્નમેન્ટનો રજૂ કરેલ આ ઠરાવ ઈસ્લામની વિરૂદ્ધ જે ખતરનાક મનસૂબાઓનો નિર્દેશ કરી રહેલ છે એ કોઈ સમજદાર વાંચકથી છુપુ નથી. આ કેવળ સમાન સિવિલ કોડને છતો નથી કરતું બલ્કે યહૂદિયત તથા સલીબિયતના દામનમાં શરણાગતિનું બુમો પાડી પાડીને એલાન પણ કરી રહેલ છે. જ્યારે કુર્આને અઝીમનો એ સિદ્ધ થઈ ચૂકેલો ફેંસલો છે કે **ઈન્નદીન ઈન્દલ્લાહિલ ઈસ્લામ.** અલ્લાહની નજીક હક્ક ધર્મ કેવળ અને કેવળ ઈસ્લામ જ છે તો કોઈ મુસલમાનને મુસલમાન રહેવા છતાં હરગિઝ એ હક્ક પ્રાપ્ત નથી થઈ શક્તો કે તે કોઈ એવું માળખુ ઊભુ કરે જેમાં તમામ ધર્મો તથા જાતિઓની રક્ષા તથા માનનો સમાન લેહાઝ રાખવામાં આવે. શું આ ઉઘાડે છોગે હક્કની સાથે બાતિલ ખુદાઓની રક્ષા તથા તા'ઝીમનું નિમંત્રણ નથી ? જે વાતવાતમાં શિર્કની શંકા ઉઠાવનારા વહાબીઓને ઔલિયા અલ્લાહથી મદદ તથા વસીલા સુદ્ધાંમાં ઉઘાડુ શિર્ક નજર આવતુ હતું તેમને હવે બાતિલ ધર્મોને ઈસ્લામના બરાબર ખડા કરવામાં અને તદ્દન ઈસ્લામની જેમ તેમની તા'ઝીમ તથા રક્ષામાં શિર્કની ગંધ સુદ્ધાં નથી મહસૂસ થતી ?! શું આ મકામે ઉલૂહિયતમાં તા'ઝીમ તથા રક્ષામાં શિર્કનું આમ એ'લાન નથી ? જો વહાબી આલિમો નજીક ખાલિસ તૌહીદ આ નથી તો અમને જણાવવામાં આવે કે ખાલિસ શિર્ક કઈ ચીજનું નામ છે ?

આ જ ક્ષેત્રે હિંદુસ્તાની રાજમાં પણ વહાબી તથા દેવબંદી આલિમોએ પોતાનો ચહેરો બદલવાનું શરૂ કરી આપ્યું છે. જે આર.એસ.એસ. ઈસ્લામ અને કુર્આન પર સતત ઉઘાડી બળજબરીનું પ્રદર્શન કરતી રહી છે તેમની સાથે હવે જમીઅતે ઉલમાએ હિંદના જિમ્મેદારોએ હાથ લંબાવવાનું શરૂ કરી આપ્યું છે. બે રાઉન્ડ ચર્ચાના સંપૂર્ણ થઈ ચૂક્યા છે. ૧૪–જાન્યુ.–૨૦૦૪ ના રોજ ચર્ચા વિચારણાનો બીજો દૌર ખત્મ થયો અને તેની સમાપ્તિ પર પ્રેસને જે નિવેદન આપવામાં આવેલ છે એનાથી આ તારણ સામે આવે છે : (૧) હિંદુસ્તાનના હિંદુ મુસ્લિમ ભેગા (સંયુક્ત) દેશના વતની છે. (૨) તેમના બાપદાદાઓ ભાગીદાર (ભાગ્યા) છે. (૩) તેમની સંસ્કૃતિ ભેગી છે. (૪) વતનપ્રેમ અને જાતિનો પાયો ધર્મ નથી દેશ છે.

આર.એસ.એસ. અને જમીઅતની ચર્ચાના નીચોડ પર જો નૂરે બસીરતથી પ્રકાશ વેરવામાં આવે તો એ હકીકત સંપૂર્ણપણે ઓપન થઈને ઉભરાઈ આવે છે કે જમિઅતે કેવળ પોતાનો જ સોદો નથી કર્યો બલ્કે અંગત સ્વાર્થ ખાતર આખી કૌમને કુર્બાનગાહ પર લાવીને ઉભી કરી દીધી છે. એ અલગ વાત છે કે જમિઅતના હમખયાલ દેશમાં અમુક જ લોકો છે અને તેમનો કોઈ નિર્ણય દેશના મુસ્લિમો પર સદંતર પ્રભાવકર્તા થશે નહીં. જરા મુદ્દા નં. ૩ પર નજર કરો જેમાં હિંદુ તથા મુસ્લિમ સંસ્કૃતિના ભેગા હોવાની વાત કહેવામાં આવી છે. કોણ નથી જાણતું કે આપણો દેશ પુષ્કળ સંસ્કૃતિઓવાળો દેશ છે અને બંધારણ પ્રમાણે દરેક સંસ્કૃતિ તથા સંસ્કારોને ફૂલવા ફાલવાનો કાનૂની હક્ક હાંસલ છે. જ્યારે કે આર.એસ.એસ.ની આઈડિયોલોજી એ જ છે કે એક દેશ, એક જાતિ, એક સંસ્કૃતિ અને પરિણામ કેવળ સાંસ્કૃતિક જાતિ જેને તેઓ "ભારતિયતા" અથવા "હિંદુત્વ"ના નામથી ઓળખાવે છે. શું સમાન સિવિલ કોડનો

ના'રો આ જ બાતિલ વિચારસરણીનું પરિણામ નથી ? જયાં સુધી છેલ્લા નંબરવાળી વાતનો મામલો છે એના અનુસંધાનમાં શાઈરે મુશ્રિક ડો. ઈકબાલ ઘણા સમય પહેલાં નિર્ણયાત્મક વાત કહી ચૂક્યા છે કે :–

**અજમ હનૂઝ ન દાનદ રુમૂઝે દીં વરના**
**ઝ દેવબંદ હુસૈન અહમદ ઇં ચેહ્ બુલ અજબીસ્ત**
**સરૂદ બર સરે મિમ્બર કે મિલ્લત અઝ વતનસ્ત**
**ચે બેખબર ઝે મકામે મુહમ્મદે અરબીસ્ત**
**બ મુસ્તફા બરસાં ખેશરા કે દીં હમાંઉસ્ત**
**વ ગર બ ઊ ન રસીદી તમામ બૂ લહબીઅસ્ત**

**[અર્થ** : અજમવાળા હજી દીનનાં રહસ્યોને જાણતા નથી, નહીંતર દેવબંદથી હુસૈન અહમદ ટાંડવી (આલિમોના વેશમાં) કેવી અજાયબી છે ?

(હુસૈન અહમદ ટાંડવી) મિમ્બર પર બેસીને બોલી રહ્યો છે કે દીન વતનથી છે ! (એવું કહેનાર) મુહમ્મદે અરબી ﷺ ના મર્તબાથી કેટલો અજ્ઞાન છે ?!

તું પોતાને મુસ્તફા જાને રહમત ﷺ સુધી પહોંચાડી દે, કારણ કે સંપૂર્ણ દીન એ જ છે. જો તું એમના સુધી ન પહોંચી શક્યો, તો બધી બૂલહબી છે.]

આજે ઈસ્લામ અને મુસલમાનોની વિરૂધ્ધ વિ□ કક્ષાએ સલીબિયત (ઈસાઈયત) તથા યહૂદિયતનો હુમ્લો છે અને વિ□ભરમાં થતી હરકતોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરવામાં આવે તો દરેક ક્ષેત્રે ઈસ્લામના દુશ્મનોની સાઝિશોને કામયાબ બનાવવામાં વહાબીઓ તેમના હમનવા તથા હમ ફિક્ર જોવા મળે છે. ઈસ્લામી ઈતિહાસના તે ચિંતામય પૃષ્ઠોથી આ પરિણામો હવે એક પછી એક સામે આવી રહ્યાં છે કે ઈસ્લામના નામે આ વહાબિયત દેવબંદિયતના ફિત્નાઓ અંગ્રેજોની ખેતિ છે, મુસ્લિમોમાં આપસમાં વિખવાદ અને તેમની અધોગતિ (પીછેહઠ)ના રૂપમાં જેનું ફળ યૂરોપ તથા અમેરિકા પામી રહેલ છે. હવે સંજોગોનો તકાઝો છે કે મુસલમાનો આ ભેદોને સમજે અને બાતિલના મુકાબલામાં એક થઈને દરેક ક્ષેત્રે ભેદી ન શકાય તેવી ચટ્ટાન બની જાય. *(માહનામા અશ્રફિયા–ઉર્દૂ, મુબારકપુર, માર્ચ–૨૦૦૪ માંથી સાભાર)*

આ ગંભીર ખબરોથી સાચા મુસલમાને સાવધાન થઈ જવું જોઈએ અને દિલમાં ઈમાની ગૈરત પેદા કરીને ઈસ્લામની પાબંદી પ્રતિ અધિક મજબૂત થવું જોઈએ અને જે ઈસ્લામમાં હરામ બલ્કે કેટલાંક તો કુફ્ર, શિર્ક છે તેવાં ગૈર કૌમોનાં કામો જેવાં કે તેમની ધાર્મિક વિધિઓમાં શરીક થવું, બાતિલ મઅબૂદનાં વખાણ કરવાં, તેમનાં ધાર્મિક ચિન્હો અપનાવવાં તથા કુફ્રી સૂત્રો–વાક્યો, ગીતો બોલવાં, શિર્કમય મેળવડા તથા રથયાત્રાઓનું સન્માન, તેને ફૂલહાર કરવા વગેરે ઈસ્લામી શરીઅતની હદ બહારનાં કામો જેનાથી મુસલમાન ઈસ્લામના વર્તુળ બહાર નીકળી જાય છે તેનાથી ગમે તે ભોગે પરહેઝ કરે એમાં બંને જહાનની ભલાઈ છે. **વમા અલૈના ઈલ્લલ બલાગ.** *(સંપૂર્ણ)*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

આલમે સુન્નિયતની બુઝુર્ગ હસ્તી **અશ્રફુલ ઉલમા હઝરત અલ્લામા મૌલાના સૈયદ હામિદ અશરફ અશ્રફી જીલાની કછોછવી** قدس سرہ તા : ૯–૦૪–૨૦૦૪ ના રોજ મુંબઈ ખાતે અલ્લાહના પ્યારા થઈ ગયા. આપની દફનવિધિ કિછોછા શરીફ ખાતે કરવામાં આવી. આપના જવાથી આલમે સુન્નિયતને ન પૂરાઈ તેવી ખોટ ઉભી થઈ છે. આપે દીનો સુન્નિયતની આખરી દમ સુધી બેનમૂન ખિદમત કરી હતી. મૌલા તઆલા આપની કબર પર રહમતોની વર્ષા વરસાવે અને આપને જન્નતુલ ફિરદૌસમાં આ'લાથી આ'લા મકામ અતા ફર્માવે. *(આમીન)*

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

હપ્તો : ૦૫

કાર્યાલય

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહની તફસીર ★

وَمَا يَخْدَعُونَ إِلَّا أَنفُسَهُمْ وَمَا يَشْعُرُونَ ﴿٩﴾ فِي قُلُوبِهِم مَّرَضٌ
فَزَادَهُمُ اللَّهُ مَرَضًا ۖ وَلَهُمْ عَذَابٌ أَلِيمٌ بِمَا كَانُوا يَكْذِبُونَ ﴿١٠﴾
وَإِذَا قِيلَ لَهُمْ لَا تُفْسِدُوا فِي الْأَرْضِ قَالُوا إِنَّمَا نَحْنُ مُصْلِحُونَ ﴿١١﴾
أَلَا إِنَّهُمْ هُمُ الْمُفْسِدُونَ وَلَٰكِن لَّا يَشْعُرُونَ ﴿١٢﴾ وَإِذَا قِيلَ لَهُمْ
آمِنُوا كَمَا آمَنَ النَّاسُ قَالُوا أَنُؤْمِنُ كَمَا آمَنَ السُّفَهَاءُ ۗ أَلَا إِنَّهُمْ
هُمُ السُّفَهَاءُ وَلَٰكِن لَّا يَعْلَمُونَ ﴿١٣﴾ وَإِذَا لَقُوا الَّذِينَ آمَنُوا قَالُوا آمَنَّا
وَإِذَا خَلَوْا إِلَىٰ شَيَاطِينِهِمْ قَالُوا إِنَّا مَعَكُمْ إِنَّمَا نَحْنُ مُسْتَهْزِئُونَ ﴿١٤﴾
اللَّهُ يَسْتَهْزِئُ بِهِمْ وَيَمُدُّهُمْ فِي طُغْيَانِهِمْ يَعْمَهُونَ ﴿١٥﴾ أُولَٰئِكَ
الَّذِينَ اشْتَرَوُا الضَّلَالَةَ بِالْهُدَىٰ فَمَا رَبِحَت تِّجَارَتُهُمْ وَمَا كَانُوا
مُهْتَدِينَ ﴿١٦﴾ مَثَلُهُمْ كَمَثَلِ الَّذِي اسْتَوْقَدَ نَارًا فَلَمَّا أَضَاءَتْ
مَا حَوْلَهُ ذَهَبَ اللَّهُ بِنُورِهِمْ وَتَرَكَهُمْ فِي ظُلُمَاتٍ لَّا يُبْصِرُونَ ﴿١٧﴾
صُمٌّ بُكْمٌ عُمْيٌ فَهُمْ لَا يَرْجِعُونَ ﴿١٨﴾

**તર્જુમો** : અને (હકીકતમાં) નથી ધોકો આપી રહ્યા પણ પોતાની જાતને (અને એ હકીકતને) નથી સમજતા તેમના દિલોમાં બીમારી છે, તો વધારી દીધી[૧૬] અલ્લાહે તેમની બીમારી, અને તેમના માટે દર્દનાક અઝાબ છે. એ કારણે કે તે જૂઠુ બોલ્યા કરતા હતા અને જ્યારે કહેવામાં આવે તેમને કે ફસાદ ન ફેલાવો જમીનમાં[૧૭] તો કહે છે અમે જ તો સમારનારા છીએ. સાવધાન ! એઓ જ ફસાદી છે પરંતુ સમજતા નથી અને જ્યારે કહેવામાં આવે તેમને કે ઈમાન લાવો જેવી રીતે ઈમાન લાવ્યા (અને) લોકો, તો કહે છે શું અમે ઈમાન લાવીએ જેવી રીતે ઈમાન લાવ્યા બેવકૂફ ! ખબરદાર ! બેશક ! તેઓ જ મૂર્ખ છે પણ તેઓ જાણતા નથી[૧૮]. અને જ્યારે મળે છે ઈમાનવાળાઓને તો કહે છે કે અમે ઈમાન લઈ આવ્યા છીએ, અને જ્યારે એકલા હોય છે તો પોતાના શૈતાનોની પાસે તો કહે છે, અમે તમારી સાથે છીએ, અમે તો કેવળ (તેમની) મજાક ઉડાડી રહ્યા હતા. અલ્લાહ સજા આપી રહ્યો છે તેમને આ મજાકની[૨૦] અને ઢીલ આપે છે તેમને જેથી પોતાની સરકશી (નાફર્માની)માં ભટકતા રહે (આ) તે લોકો છે જેમણે ખરીદી લીધી[૨૧] ગુમરાહી હિદાયતના બદલામાં પણ લાભદાયી ન બની તેમની (આ) તિજારત[૨૨], અને તેઓ સહીહ રાહ જાણતા ન હતા[૨૩] તેમનું દૃષ્ટાંત તે શખ્સ[૨૪] ની જેવું છે જેણે આગ સળગાવી[૨૫], પછી જ્યારે ઝગમગી ઉઠયું તેની આસપાસ તો લઈ ગયા તેમનુ નૂર અને છોડી આપ્યા તેમને ગાઢ અંધારાઓમાં કે કાંઈ જ નથી જોતા તેઓ બહેરા છે ગુંગા છે આંધળા છે[૨૬], જેથી તેઓ ફરશે નહીં અથવા તો જાણે જોરથી વરસાદ વરસી રહ્યો હોય વાદળેથી[૨૭].

## ★ તફસીર ★

**૧૬.** હુઝૂર કરીમ صلى الله تعالىٰ عليه وسلم ની વિરૂધ્ધ મુનાફિકોના દિલમાં અદાવતની જે ભાવનાઓ ઉછરી રહી હતી અને ઈર્ષા તથા ગુસ્સાની જે ચિન્ગારીઓ ઉડી રહી હતી તેને કુર્આને બીમારી ગણાવેલ છે. જ્યારે તેઓ હુઝૂર કરીમ صلى الله تعالىٰ عليه وسلم અને ઈસ્લામની દિન પ્રતિ દિન વૃદ્ધિ પામતી ઈજ્જત તથા પ્રગતિને જોઈને તો ઈર્ષા તથા દુશ્મનીના ભડકા સળગી ઉઠતા. અલ્લાહ તઆલા તેમને ચેતવણી આપે છે કે જો તેમણે આ બીમારીને આમ જ વધવા દીધી અને તેનો ઈલાજ ન કર્યો તો જેવી રીતે શારીરિક બીમારીઓ મૃત્યુનો સબબ બને છે એ જ પ્રમાણે તેમની આ બીમારી તેમના કલ્બ તથા રૂહનું ગળુ ઘોંટીને રાખી દેશે.

**૧૭.** આ આયતમાં તેમના દિલોના બીમાર હોવાની દલીલ રજુ કરવામાં આવી રહી છે. તેઓ રાત દિવસ ફિત્નો તથા ફસાદ ફેલાવવામાં અને હક્કની શમ્અ બુઝાવવામાં વ્યસ્ત છે અને જો તેમની ફિત્નાખોરીની પ્રતિ ધ્યાન દોરીને તેમને તેનાથી દૂર રહેવાનું કહેવામાં આવે છે તો ઉલ્ટા ચોર કોટવાળને દંડે છે અને કહે છે કે તમે અમને ફસાદી (ઝઘડાળુ) કહો છો ! અમે જ તો અમ્ન તથા ઈસ્લાહ (શાંતિ તથા સુધારણા)ના માટે દરેક સમયે કોશિશ કરી રહ્યા છીએ. તો હવે જે શખ્સ ફસાદ ફેલાવવાને અને હક્કનો ચિરાગ ગુલ કરવાને ઈસ્લાહ કહેવા માટે આગ્રહી હોય તેના દિલ તથા દષ્ટિને જો બીમાર ન કહેવામાં આવે તો શું કહેવામાં આવે ?! હવે તમે તમારી આસપાસ દષ્ટિ ગુમાવો કે જેટલા નવા ફિર્કા, નવા મઝહબ જન્મ લઈ રહ્યા છે તેના સ્થાપકો પણ દીનની ઈસ્લાહ અને કૌમની ભલાઈનો દા'વો જ કરે છે પરંતુ તેમની ફિત્નાખોર પ્રવૃત્તિઓ દિન પ્રતિ દિન જે રંગ લાવી રહી છે તેના કારણે તો કૌમની વૈચારિક એક્યતાના પણ ટૂકડે ટૂકડા થતા જઈ રહ્યા છે. અલ્લાહ તઆલા આ નાદાન દોસ્તો કે દાના દુશ્મનોના પ્રપંચોથી ઉમ્મતને બચાવે અને આપણને તૌફીક બખ્શે કે આપણે તેમને ઓળખી શકીએ, આમીન.

**૧૮.** તે લોકો જેમની દષ્ટિમાં નફો તથા નુકસાન અને લાભ અલાભ પારખવાની કસૌટી કેવળ દુનિયાનો એશ તથા આરામ અને ઈજ્જત તથા મોભ્ભો છે તેમની દષ્ટિએ તે હસ્તીઓ બુદ્ધિ તથા શાણપણથી મેહરૂમ છે જેઓ પોતાના દીન તથા ઈમાનના માટે તનતોડ મેહનત તથા જાનની બાજી લગાડી દે છે. પરંતુ હકીકતમાં તેમનાથી વિશેષ શાણો (દાના) બીજો કોણ છે જેમણે ફાની દુનિયા આપીને બાકી (હમેશાંની જિંદગી)ને લઈ લીધી, જેમણે જાન આપીને પોતાના માલિકની રઝા હાંસલ કરી લીધી. ورضوان من الله اكبر અને તેમનાથી વધીને મૂર્ખ કોણ છે જેમણે થોડાક દિવસની જિંદગીની રાહતોના બદલામાં પોતે પોતાને કાયમી રાહતો બલ્કે પોતાના રબ્બે કરીમની ખુશ્નૂદીથી મેહરૂમ કરી દીધા. એટલા માટે કુર્આને કરીમે ફર્માવ્યું :– الاانهم هم السفهاء

**૧૯.** મુનાફિકોનો વર્તાવ એવો હતો કે મુસલમાનોને મળતા તો તેમને કહેતા કે અમે ઈમાન લાવી ચૂક્યા છીએ અને કાફિરોના ગિરોહની પાસે એકાંતમાં જઈ જઈને તેમને યકીન અપાવતા કે અમે અમારા મઝહબ પર કાયમ છીએ અને મુસલમાનોની સાથે અમારી વાતચીત અને ઉઠવુ બેસવું એ કારણે હરગિઝ નથી કે અમે તેમનો દીન કબૂલ કરી ચૂક્યા છીએ, બલ્કે અમે તો આ રીતે તેમને મૂર્ખ બનાવીએ છીએ અને તેમની હંસી ઉડાવીએ છીએ.

**૨૦.** અલ્લામા કુર્તબી رحمة الله عليه એ શબ્દ "ઈસ્તેહાઝા"નું શબ્દકોશ હેઠળ સંશોધન કરતાં લખ્યું છે કે : اصل الاستهزاء الانتقام "ઈસ્તેહાઝા"નો અર્થ બદલો લેવો છે. સનદના રૂપે આ શેઅર પણ લખ્યો છે :–

قداستهزأ وامنهم بالفى مدجج
سرا تهم وسط الضحاضح جُثّم

આ તેહકીક પ્રમાણે الله يستهزئ بهم નો અર્થ થશે કે અલ્લાહ તઆલા તેમનાથી તેમની શરારતોનો બદલો લઈ રહ્યો છે. આ અર્થમાં અલ્લાહ તઆલાની તરફ "ઈસ્તેહાઝા"ની નિસ્બતમાં કોઈ ખરાબી નથી. તેમ જ અરબવાસીઓમાં એ સામાન્ય મુહાવરો છે કે જ્યારે કોઈ કામ કોઈ કૃત્યની સજાના રૂપે કરવામાં આવે તો તેની તા'બીર પણ તે જ શબ્દ વડે કરી આપે છે જે શબ્દથી એ કૃત્યની તા'બીર કરવામાં આવી હોય જેના પર સજા કે એતાબ (ધમકી) કરવામાં આવી રહેલ છે. દા.ત. جزاء سيئة سيئة مثلها એટલે કે બુરા કર્મની સજા પણ એ પ્રમાણે બુરી હોય છે. જ્યારે કે સજા જે અદ્લો ઈન્સાફનો અયન તકાઝો હોય છે તે બુરી નથી હોતી. نسوا الله فانسهم અથવા તેઓએ ખુદાને ભૂલાવી દીધો અને ખુદાએ તેમને ભૂલાવી દીધા. જો કે ખુદાની જાત ભૂલથી પાક છે પરંતુ તેમના ભૂલાવવા પર જે સજા આપવામાં આવી તેને ભૂલાવવાથી તા'બીર કરવામાં આવી. એ જ પ્રમાણે "ઈસ્તેહાઝા" પર મુનાફિકોને જે સજા આપવામાં આવી તેને પણ "ઈસ્તેહાઝા" શબ્દથી વર્ણવવામાં આવી. કેમ કે આ ઉપયોગ અરબના મુહાવરાના અયન મુતાબિક હતો એટલા માટે કાફિરો જેઓ કુર્આન પર વાંધો ઉઠાવવાના માટે કોઈ જરા સરખા બહાનાની તલાશમાં રહેતા હતા તેઓ આ શબ્દ પ્રયોગ પર કોઈ વાંધો ઉઠાવી ન શક્યા.

**૨૧.** ઈશ્તેરાનો અર્થ છે ખરીદવું, કીંમત ચૂકવીને કોઈ ચીજ લેવી. અહીં ઈશ્તેરાનો એ અર્થ ત્યારે યોગ્ય થઈ શક્તો હતો જ્યારે કે મુનાફિકોની પાસે ઈમાનની દોલત હોત અને તેને આપીને તેઓ કુફ્ર ખરીદતા, ત્યાં તો પહેલાંથી કુફ્ર જ કુફ્ર હતું ! એટલા માટે અલ્લામા કુર્તબી رحمة الله عليه એ લખ્યું છે કે અહીં **ઈશ્તરૂ** એ **ઈસ્તહબૂ**ના અર્થમાં છે એટલે કે તેમણે કુફ્રને પસંદ કરી લીધું અને હક્કનો સ્વીકાર કરવાથી ઈન્કાર કરી દીધો. ફર્માવે છે કે અરબી શબ્દકોશમાં **શરાઅ્**નો શબ્દ એક ચીજને બીજી ચીજથી બદલી દેવાના અર્થમાં સામાન્યતઃ વપરાય છે.

والمعنى استحبوا الكفرعلى الايمان.....وانما اخرجه بلفظ الشراء توسعا......والعرب تستعمل ذلك فى كل من استبدل شيئًا بشيئى
*–(કુર્તબી)*

**૨૨.** તેમણે મુનાફિકતનો નકાબ તો એટલા માટે ઓઢયો હતો કે તેઓ મુસલમાનોની જમાઅતમાં શરીક થઈને દુનિયાવી લાભો હાંસલ કરશે, માલે ગનીમતમાં તેમને હિસ્સો મળશે અને તેમનું ચૌધરીપણુ (વડપણ) કાયમ રહેશે પરંતુ તેમની કોઈ ઉમ્મીદ પાર ન ઉતરી, અલ્લાહ તઆલાએ તેમનો ભેદ ખોલી નાખ્યો, હુઝૂર નબી કરીમ صلى الله تعالى عليه وسلم એ ભરી મેહફિલમાં એક એકનું નામ લઈને તેમને મસ્જિદેથી કાઢી મૂક્યા.

**૨૩.** નફો કમાવાનું તો એક બાજુ રહ્યું તે મૂર્ખાઓએ તો પોતાનો સરમાયો (સારી પ્રકૃતિ) જ તબાહ કરી નાખી.

وهم ضيعواراس المال وهى الفطرة
وماحصلوا الفضل بادراك الحق وَنَيْلِ الكمال
*–(મઝહરી)*

**૨૪.** મષલુન્, મિષ્લુન્ અને મષીલુન્ ત્રણેવનો અર્થ નઝીર (દષ્ટાંત) છે, પરંતુ તેઓ આમ ઈસ્તેમાલ ઝર્બુલ મિષ્લ (ઉર્દૂ)ના અર્થમાં થાય છે અને સરખામણી આપવાના રૂપે. એવી સ્થિતિને પણ મિષ્લ કહે છે જેમાં અનોખાપણુ હોય. અહીં આ શબ્દ એ જ ભાવાર્થમાં વર્ણન થયેલો છે. એટલે આ મુનાફિકોની વિચિત્ર હાલત એવી છે જેવી આ લોકોની જેનું વર્ણન આ આયતમાં છે.

**૨૫. મુનાફિકો**ના બે ગૃપો હતાં **એક** તે જેઓ

દિલથી કુફ્ર પર જામેલા હતા અને કેવળ જીભ વડે પોતે પોતાને મુસલમાન કહેતા હતા. **બીજા** તેઓ જેઓ ઈમાન તો કબૂલ કરતા પરંતુ મુસીબતો તથા મુશ્કેલીઓથી ગભરાઈને ફરી ઈસ્લામથી નીકળી જતા. પ્રથમ ગૃપનું દૃષ્ટાંત આ આયતમાં વર્ણન કરવામાં આવેલું છે અને બીજા ગૃપનું **અવ્ કસૈયિબિમ્** છેવટ સુધીમાં છે.

**૨૬.** આ દૃષ્ટાંતમાં જે લોકોનો હાલ વર્ણન કરવામાં આવ્યો છે તેની સ્પષ્ટતા હઝરત સદરુલ્ અફાઝિલ મુરાદાબાદી رحمۃ اللہ علیہ એ સારી રીતે કરી છે. ફર્માવે છે, "જેમણે ઈમાનને પ્રદર્શિત કર્યું અને દિલમાં કુફ્ર રાખીને ઈકરારની રોશનીને વેડફી નાખી. અને તે પણ જેઓ મો'મિન થયા બાદ મુર્તદ થઈ ગયા અને તેઓ પણ જેમને સારી પ્રકૃતિ અતા થઈ અને દલીલોની રોશનીએ હક્ક સ્પષ્ટ કરી આપ્યું છતાં પણ તેમણે ફાયદો ન ઉઠાવ્યો અને ગુમરાહી અપનાવી. અને જ્યારે હક્ક સાંભળવા, માનવા, કહેવા અને રાહે હક્ક જોવાથી મેહરૂમ થઈ ગયા તો કાન, જીભ, આંખ સૌ બેકાર છે." *(ખઝાઈનુલ ઈર્ફાન)*

**૨૭.** આ આયતમાં કેટલીયે ચીજોનું વર્ણન આવ્યું છે. વરસાદ, અંધકાર, વાદળની ગર્જના તથા વીજળીનો ચમકાર, અને આવા વાતાવરણમાં મુસાફરી કરનાર વ્યક્તિ આ સર્વ સરખામણીનાં દૃષ્ટાંતો છે. જ્યાં સુધી તેના સમાન દૃષ્ટાંતો નિશ્ચિત ન કરી લેવામાં આવે ત્યાં સુધી આ દૃષ્ટાંતોની ખૂબી ઉઘડીને સામે આવશે નહીં. વરસાદથી મુરાદ ઈસ્લામ છે, અંધારું અને વાદળની ગર્જનાથી મુરાદ તે મુસીબતો તથા મુશ્કેલીઓ છે જેણે ચારેવ બાજુએથી ઈસ્લામને ઘેરી લીધો હતો. અને વીજળીની રોશનીથી મુરાદ તે ફતહો વગેરે છે જે એવા પ્રતિકૂળ સંજોગોમાં ઈસ્લામને પ્રાપ્ત થતી રહી. જેવી રીતે વરસાદ મૃતપાય જમીનોને નવું જીવન અર્પી દે છે એવી રીતે ઈસ્લામ મુર્દા દિલોને નવી જિંદગી અર્પે છે. જેમ કે વરસાદ વરસતી વખતે ઘનઘોર ઘટાઓ છવાઈ જાય છે અને અંધકાર ફેલાઈ જાય છે. વાદળની ખૌફનાક ગર્જનાઓથી દિલ ધકડવા લાગે છે, એવી રીતે ઈસ્લામની વર્ષા થતી વખતે ઉઘાડી અદાવતો તથા ગુપ્ત ષડયંત્રોનો એક હંગામો ઉપસ્થિત થઈ ગયો, વાતાવરણ એકદમ ખરાબ થઈ ગયું, મુસીબતોનાં વાદળો ગાજવા લાગ્યાં. જેઓ સાચા દિલથી ઈમાન લાવી ચૂક્યા હતા તેમને ન અંધારાંઓનો ડર હતો ન વાદળની ગર્જનાથી ભયભીત હતા. મુસીબતોની ભીડમાં પણ તેઓ ચટ્ટાનની જેમ જામેલા રહ્યા. પરંતુ તે લોકો જેઓ મુઝબઝબ (ડાલમડોલ) હતા તેમની હાલત અજીબ ડાલમડોલ હતી, તેઓ ઈસ્લામના જીવન બખ્શનારા છાંટાઓથી સૈરાબ પણ થવા ચાહતા હતા પણ મુસીબતોની કાળી ઘટાઓ જોઈને, મુશ્કેલીઓની ગર્જનાઓ સાંભળીને તેમનાં દિલો ગભરાઈ ઉઠતાં હતાં અને ઈસ્લામનો દામન છોડવામાં જ તેમને પોતાની સલામતી દેખાતી હતી. પછી જો ઈસ્લામને કોઈ કામયાબી નસીબ થતી તો તેઓ ઈસ્લામની તરફ લપકવાની તૈયારી કરતા, એવામાં મુસીબતોનું કોઈ તેજ ઝોંકુ આવી જતું તો તેઓ બદ્દિલ થઈને રહી જતા. *(ક્રમશઃ)*

### ★ દુઆની અપીલ ! ★

મૌલાના ઈસ્માઈલ ખોજબલવાલા બોલ્ટનથી જણાવે છે કે તેમની પુત્રી ઝાહેદાબાનુની જેઠાણી ઝૈતુનનિસા (મર્હૂમ હાજી યૂનુસ સાંપવાળાની પુત્રી) ખૂબ બીમાર હોવાથી બોલ્ટન ટાઉનલી હોસ્પિટલમાં દાખલ કરેલ છે તમામ ભાઈ બહેનોને દુઆની અપીલ છે કે મૌલા તઆલા તેના પ્યારા મહબૂબ صلی اللہ علیہ وسلم ના સદકામાં વહેલી તકે શિફા અતા કરે. *(આમીન) –તંત્રી*

### ★ ઈન્તેકાલે પુરમલાલ ! ★

હાજી ગુલામ માસ્તર કોઠીવાળા(દયાદરા) તા. ૧૫–૪–૦૩ જુમેરાતે ઈન્તેકાલ કરી ગયા જેમના ઈસાલે સવાબ અર્થે મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ ખાતે કુર્આન ખ્વાની કરવામાં આવી હતી. મર્હૂમ દર મહિને ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને રૂા. ૧,૦૦૦/– ઈમદાદ આપતા હતા. મૌલા કરીમ તેના હબીબેપાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે. *(આમીન)*

(દર્સે હદીષે પાક)

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

(એટલે)

# મિર્કાત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

(કાર્યાલય) હપ્તો : ૦૫

**★ હદીષ : ૧૨ ★**

રિવાયત છે હઝરત અનસ رضی اللہ عنہ થી ફર્માવે છે કે ફર્માવ્યું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે જે અમારા જેમ નમાઝ પઢે અમારા કિબ્લા પ્રતિ મોઢું કરે, અમારું ઝબહ કરેલું ખાઈ લે તો એ તે મુસલમાન છે[૧] જેના પર અલ્લાહ રસૂલની જિમ્મેદારી છે જેથી તમે અલ્લાહનો જિમ્મો ન તોડો[૨]. *(બુખારી)*

## ★ સમજુતી ★

**૧.** યાદ રાખશો કે મો'મિનની નિશાની વિવિધ જમાનાઓમાં વિવિધ રહી છે એના લેહાઝથી એના વિશે વિવિધ હદીષો આવેલી છે. એક સમયે કેવળ કલ્મો પઢવો મો'મિનની નિશાની હતી, નમાઝ વગેરે કોઈ હુકમો આવ્યા ન હતા ત્યારે ઈર્શાદ થયો : **મન કાલ લાઈલાહ ઈલ્લલ્લાહ દખલલ્ જન્નહ્** "જેણે કલ્મો પઢી લીધો તે જન્નતી થઈ ગયો." પછી તે સમય આવ્યો જ્યારે નમાઝ વગેરે પણ આવી ગઈ તો ઈર્શાદ થયો જે અહીં વર્ણન થયેલો છે. મદીના મુનવ્વરામાં મુનાફિકો પણ હતા જેઓ કલ્મા, નમાઝ વગેરે અદા કરવા છતાં પણ બેઈમાન રહ્યા ત્યારે અલ્લાહ વ રસૂલની મહોબ્બત ઈમાનની નિશાની ઠરી. કે ઈર્શાદ થયો :–

لَا يُؤْمِنُ اَحَدُكُمْ حَتّٰى اَكُوْنَ *(છેવટ સુધી....)*

ભવિષ્યના માટે ખબર આપવામાં આવી કે આખર જમાનામાં એક કૌમ થશે જે તમારાથી અધિક આબિદ તથા ઝાહિદ હશે પણ ઈસ્લામથી ખારિજ હશે. સારાંશ કે જેવા સંજોગો તેવી નિશાનીઓ, આજે મિર્ઝાઈ, રાફઝી વગેરે આ કામો કરે છે છતાં મો'મિન નથી.

**૨.** એટલે કે આ મો'મિન અલ્લાહ વ રસૂલના અમ્નમાં છે, તમે તેને ન સતાવો, નહીં તો અલ્લાહ વ રસૂલના ખયાનત કરનાર ઠરશો. એનાથી જાણવા મળ્યું કે હુઝૂરની પનાહ અને જિમ્મો લેવો શિર્ક નથી પણ ઈમાનનો રુક્ન છે. એ પણ જાણવા મળ્યું કે મુત્તકી મુસલમાનને સતાવવો એ ફાસિકને સતાવવા કરતાં વિશેષ બુરું છે, કેમ કે એમાં જુલ્મ પણ છે અને અલ્લાહ વ રસૂલની ખયાનત પણ છે.

## ★ હદીષ : ૧૩ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : ફર્માવે છે કે એક દેહાતી (ગામડાવાસી) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા. અર્ઝ કરવા લાગ્યા કે મને એવા કામની હિદાયત કરો કે તે હું કરું તો જન્નતી થઈ જાઉં ! ફર્માવ્યું, અલ્લાહને પૂજો, તેનો કોઈ શરીક ન ઠરાવો, નમાઝ કાયમ કરો, ઝકાત ફર્ઝ આપો, રમઝાનમાં રોઝા રાખો[૧]. તે બોલ્યા, કસમ તેની જેના કબજામાં મારી જાન છે ! કદી એનાથી કાંઈ વધારો ઘટાડો કરીશ નહીં[૨]. પછી જ્યારે તે ચાલ્યા ગયા તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, જે જન્નતી પુરૂષને જોવા ચાહે તે તેને જોઈ લે[૩].

### ★ સમજુતી ★

**૧.** આ સર્વ ઈબાદતોની તફસીર છે કેમ કે તે સમયે જેહાદ વગેરેના હુકમ આવ્યા ન હતા, અથવા એના પર જેહાદ ફર્ઝ ન હતો એટલા માટે જેહાદનો ઝિક્ર નથી કર્યો.

**૨.** એટલે કે એ ફર્ઝોમાં પોતાના તરફથી વધારો ઘટાડો કરીશ નહીં કે ફજર ચાર કે છ પઢું અને ઝોહ્ર બે અથવા ત્રણ પઢું, અથવા ચાલીસ રોઝા રાખી લઉં અથવા પોતાની કૌમ સુધી જેમ છે તેમ એ જ સ્થિતિમાં હુકમો પહોંચાડી દઈશ, તબ્લીગમાં વધારો ઘટાડો કરીશ નહીં. અથવા હવે સવાલમાં વધારો ઘટાડો કરીશ નહીં, જેથી આ હદીષથી એ લા'ઝિમ નથી થતું કે ફિત્રો, કુર્બાની, ઈદની નમાઝો, નઝરના રોઝા, વિત્ર જરૂરી ન થાય, એ હુકમો એ સમય સુધી આવ્યા જ ન હતા, બાદમાં ખૂદ હુઝૂરે અહકામમાં વધારો કર્યો જેથી આ હદીષ હનફીઓ વિરૂધ્ધ નથી.

**૩.** એનાથી બે મસ્અલા માલૂમ પડયા : **એક** એ કે જન્નતી માણસને જોવો પણ સવાબ છે, બુઝુર્ગોને જોવાથી ગુનોહ બખ્શી દેવામાં આવે છે. **બીજું** એ કે હુઝૂરને લોકોના અંજામ, નેકબખ્તી તથા બદ્બખ્તીનો ઈલ્મ છે. જાણે છે કે જન્નતી કોણ છે દોઝખી કોણ છે. હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખબર હતી કે આ મો'મિન બંદો તકવા પર કાયમ રહેશે, ઈમાન પર મરશે અને જન્નતમાં જશે.

## ★ હદીષ : ૧૪ ★

રિવાયત છે હઝરત સુફયાન ઈબ્ને અબ્દુલ્લાહ ષકફીથી[૧] કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મને ઈસ્લામના વિશે એવી વાતો બતાવો કે આપના પછી એના વિશે કોઈને ન પૂછું. બીજી રિવાયતમાં છે (કે તમારા સિવાય) ફર્માવ્યું કે કહો કે હું અલ્લાહ પર ઈમાન લાવ્યો, પછી તેના પર કાયમ રહો[૨].

### ★ સમજુતી ★

**૧.** આપનું નામ સુફયાન ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને રબીઅહ્ છે. કુન્નિયત અબૂ અમ્ર, કબીલા બની ષકીકથી છે. તાઈફવાસીઓમાંથી છે. ફારૂકી યુગમાં તાઈફના હાકિમ રહ્યા. કુલ પાંચ હદીષો આપનાથી મરવી છે. ઘણા મુત્તકી આબિદ હતા.

**૨.** અલ્લાહ પર ઈમાન લાવવાનો અર્થ સર્વ ઈસ્લામી અકીદાઓનું માનવું છે, જેથી એમાં તૌહીદ તથા રિસાલત, હશ્ર તથા નશ્ર, ફરિશ્તા, જન્નત, દોઝખ સૌ પર ઈમાન લાવવું આવી જાય છે, જેવી રીતે કોઈને પોતાનો બાપ માનીને તેના સર્વ સગાંઓને પોતાના અઝીઝ (સગા) માનવું પડે છે, કે તેનો બાપ આપણો દાદો, તેની ઔલાદ આપણા ભાઈ બહેન, તેના ભાઈ આપણા કાકા માન્યા. અને ઈસ્તિકામતથી મુરાદ સર્વ ઈસ્લામી અમલો પર સખ્તી તથા પાબંદીથી અમલ કરવું છે જેથી આ હદીષ ઈમાન તથા

તકવાનું સંગમ છે અને એના પર અમલ કરનાર યકીનન ! જન્નતી છે. રબ તઆલા ફર્માવે છે :– إِنَّ الَّذِينَ قَالُوا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسْتَقَامُوا *(છેવટ સુધી....)* આ કલેમાત જામેઅમાંથી છે.

## ★ હદીષ : ૧૫ ★

રિવાયત છે હઝરત તલ્હા ઈબ્ને અબ્દુલ્લાહ[1] رضي الله عنه થી કે એક નજદી શખ્સ[2] હુઝૂર صلى الله تعالى عليه وسلم ની ખિદમતમાં વિખેરાયેલા વાળ સાથે હાજર થયો જેનો ગણગણાટ તો અમે સાંભળતા હતા પણ સમજતા ન હતા કે શું કહે છે એટલે સુધી કે હુઝૂરે અન્વર صلى الله تعالى عليه وسلم ની પાસે પહોંચી ગયો તો ઈસ્લામના વિશે પૂછવા લાગ્યો. હુઝૂર صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું, દિવસ રાતમાં પાંચ નમાઝો છે. બોલ્યો, એ સિવાય મારા માથે અન્ય નમાઝો પણ છે ? ફર્માવ્યું, નહીં[3], હા ! ચાહો તો નફ્લ પઢો[4]. હુઝૂર صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું, રમઝાન માસના રોઝા. બોલ્યો, શું મારા પર એના સિવાય અન્ય પણ છે ? ફર્માવ્યું, ના ! પણ એ કે તું નફ્લ અદા કરે. હુઝૂર صلى الله تعالى عليه وسلم એ તેને ઝકાતનો ઝિક્ર ફર્માવ્યો. બોલ્યો, શું મારા માથે કાંઈ અન્ય પણ છે ? ફર્માવ્યું, નહીં, પણ નફ્લ અદા કરે[5]. ફર્માવ્યું, તેણે પીઠ ફેરવી લીધી, એવું કહેતો જતો હતો કે હું એનાથી અધિક કરીશ નહીં અને ન કમ કરીશ. હુઝૂર صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું, જો આ શખ્સ સાચો છે તો કામયાબ છે[6].

## ★ સમજુતી ★

**૧.** આપની કુન્નિયત અબૂ મુહમ્મદ છે. કરશી છે. અબૂબક્રના ભત્રીજા ઈસ્લામ લાવવામાં પૂરાણા છે. તમામ ગઝવાતમાં હુઝૂરની સાથે રહ્યા. જંગે ઓહદમાં હુઝૂરની ઢાલ બન્યા અને ચોવીસ ઝખ્મ ખાધા. આપના શરીર પર કુલ ૭૫ ઘા હતા જે ગઝવાઓમાં ખાધા હતા. જંગે જુમલ હિ.સ. ૨૬ માં બસરામાં શહીદ થયા ત્યાં જ આપનો મઝારે પુર અન્વાર છે. ફકીરે (લેખકે) મઝારે પાકની ઝિયારત કરી છે. હુઝૂરની દા'વત અને દા'વતના મો'જિઝા આપના ત્યાં જાહેર થયા જે પ્રખ્યાત છે.

**૨.** નજદ અરબનો એક પ્રદેશ છે જે મક્કા મોઅઝ્ઝમા તથા ઈરાકની વચ્ચે આવેલ છે. આ પ્રદેશના વિશે હુઝૂરે દુઆ ન ફર્માવી અને ત્યાંથી વહાબી ફિર્કાના નીકળવાની ખબર આપી જેનો કિતાબના અંતમાં ઈન્શાઅલ્લાહ ઉલ્લેખ થશે.

**૩.** એટલે આ પાંચ નમાઝો સિવાય અન્ય નમાઝો ઈસ્લામનો ફર્ઝ નથી, ઈદોની તથા વિત્ર નમાઝો વાજિબ છે, જુમ્આની નમાઝ ઝહોરના સ્થાને છે જેથી એ તે પાંચમાં જ સામેલ છે.

**૪.** નફ્લથી લુગ્વી (શાબ્દિક) અર્થ મુરાદ છે ફર્ઝ ઉપર વધારાની. રબ ફર્માવે છે :– فَتَهَجَّدْ بِهٖ نَافِلَةً لَّكَ જેથી એમાં વિત્ર તથા ઈદૈન સામેલ છે અથવા એ સમય સુધી એ નમાઝો ઈસ્લામમાં આવી ન હતી. મતલબ કે આ હદીષ વિત્ર તથા ઈદોના વાજિબની વિરૂધ્ધ નથી તથા હનફીઓ (અહનાફ) વિરૂધ્ધ નથી.

**૫.** આ વાક્ય પણ ફિત્રા તથા કુર્બાનીના વાજિબ હોવાની વિરૂધ્ધ નથી. જેમ કે નં. ૪ ની તફસીરથી સ્પષ્ટ થાય છે.

**૬.** એટલે કે જો સાચા દિલથી વાયદો કર્યો છે તો કામયાબ થશે અથવા જો એ વાયદાને પૂરો કરી દેખાડે તો કામયાબ થશે. જાણવા મળ્યું કે નજદીઓનો ભરોસો નથી હોતો, કેમ કે આથી પહેલાં એક (અન્ય) પ્રશ્નકર્તાના આવા જ શબ્દો પર હુઝૂર صلى الله تعالى عليه وسلم એ ફલાહ તથા કામયાબીનો કતઈ હુકમ આપી દીધો, પણ આ નજદીના એ જ શબ્દો પર શંકામય તરીકાથી કામયાબી વર્ણન કરી. *(ક્રમશઃ)*

"ઈમાનની જાન રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની
શાન પ્રદર્શિત
કરતો સંગ્રહ"
એટલે

# શિફા શરીફ

شفا شریف

**મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ**

★ ઉર્દૂ અનુવાદક ★
મૌલાના અબ્દુલ હકીમ અખ્તર શાહજહાંપુરી

★ ગુજરાતી અનુવાદક ★
ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

***(વિભાગ-૩)***

## ★ કુર્આને પાકમાં હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم ને સંબોધન ★

ખાસ મહેરબાનીની જાહેર કરવાવાળી આયતમાંથી એક આ આયતે કરીમા છે :–

عَفَا اللّٰهُ عَنْكَ لِمَ اَذِنْتَ لَهُمْ حَتّٰى يَتَبَيَّنَ لَكَ الَّذِيْنَ صَدَقُوْا وَتَعْلَمَ الْكٰذِبِيْنَ ۝

**અર્થ :** અલ્લાહ તમને માફ કરે તમે તેમને શા માટે રજા આપી દીધી ? જ્યાં સુધી તમારી સમક્ષ સાચા પ્રગટ થયા ન હતા અને જૂઠા ખુલ્લા પડયા ન હતા. *(સૂરએ તૌબા, આયત–૪૩)*

અબૂ મુહમ્મદ મક્કી رحمۃ اللہ علیہ ફર્માવે છે : આ બયાનમાં આરંભ એવો છે જેવી રીતે શરૂઆતના શબ્દોમાં બયાનમાં (રાજાઓ પોતાના અમીરો અને વઝીરોથી) કહે છે કે **અસ્લહકલ્લાહુ વઅઆઝ્ઝકલ્લાહુ** એટલે અલ્લાહ તઆલા તારી ઈસ્લાહ (સુધારણા) કરે અને અલ્લાહ તઆલા તને ઈજ્જત અને આબરૂથી રાખે (જાણે વાણીના પહેલાં એવા શબ્દો કહેવા જે દુઆના જેવા હોય આવા શબ્દોથી સંબોધન કરનારની મહેરબાની અને જેને સંબોધન કરવામાં આવી રહ્યું છે તેનો તેના નજીક ખાસ બુલંદ મરતબા (રુત્બા)નો પત્તો લાગે છે.)

ઔન બિન અબ્દુલ્લાહ رحمۃ اللہ علیہ નું કથન છે કે : આપની જાહેરી (રીતે જણાતી) ભૂલનું વર્ણન કરતાં પહેલાં માફીની ખુશખબરી સંભળાવી દીધી છે. ઈમામ સમરકન્દી رحمۃ اللہ علیہ ના અર્થમાં કેટલાક હઝરાતથી વાત કરી છે કે, **આફાકલ્લાહુ યા સલીમુલ્કલ્બિ લિમા અઝિન્તલહુમ** *(પેજ–૨૨)*
**અર્થ :** હે શાંતિ પ્રિય હૃદય ! અલ્લાહ તઆલાએ તમને માફ કરી દીધા તમે તેમને રજા જ કેમ આપી ?!

આ જ ઈમામ અબુલ લૈષ સમરકન્દી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી શરૂઆતના શબ્દોમાં એ કહેવામાં આવે છે કે, **"લિમા અઝિન્ત લહુમ"** (તમે તેઓને રજા જ કેમ આપી ?) ત્યારે તે ડર હતો કે શબ્દોની ભયાનક્તાથી ક્યાંક આપનો મુબારક સીનો ફાટી ન જાય. એ માટે ખુદાએ તઆલાએ ઘણા જ લુત્ફો કરમ (મહેરબાની) સાથે પહેલાં આપને માફીની ખુશખબરી સંભળાવી જેનાથી આપના હૃદયને શાંતિ પ્રાપ્ત થઈ ગઈ. તેના પછી ફર્માવ્યું, **લિમા અઝિન્ત લહુમ.** તેમને પાછળ રહેવાની રજા ન આપતા પરંતુ તેમાંથી દરેકના બહાનાની સુનવણી કરતા અને દરેકનું સાચુ જૂઠુ પ્રગટ થવા દેતા[૧]. (જેથી તેમનાં ગંદાં બહાનાંઓનો ભેદ ખુલી જતો.)

૧. આ આયતથી જાણવા મળ્યું કે, નામના મુસ્લિમોથી આંખ આડા કાન કરવા અથવા તેમને આ□સન આપવું સારું નથી પરંતુ તેમની ઈસ્લામ દુશ્મનીનો ભેદ જાહેર કરવો અલ્લાહની ખુશીનું કારણ છે. મુશ્રિકો તથા સામ્યાવાદીઓના યારો તથા પ્યારાઓથી મુસલમાનોએ સાવધાન રહેવું જોઈએ.

આ વાતચીતની રીતથી સાબિત થાય છે કે, બારગાહે ખુદાવંદીમાં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો એ અઝીમુશ્શાન મકામ છે જે કોઈ અક્લમંદ શખ્સ પર ગુપ્ત નથી. આ મુબારક આયત દ્વારા અલ્લાહ عزوجل ની પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم પરની મહેરબાની સાબિત થાય છે જેની સીમા જાણવા માટે મનુષ્ય લાચાર છે.

ઈમામ અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન ઈબ્રાહીમ બિન મુહમ્મદ નફતુયહ્ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અમુક લોકોનો ખયાલ છે કે આ આયતમાં નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم પર નારાજગી બતાવવામાં આવી છે, જો કે દામને મુસ્તફા આ આક્ષેપથી પાક છે કેમ કે આપને આ ફેંસલાનો અધિકાર આપવામાં આવ્યો હતો (વાત તો કેવળ એટલી જ છે) કે જ્યારે ફખ્રે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મુનાફિકોને પાછળ રહેવાની પરવાનગી આપી દીધી તો અલ્લાહ તઆલાએ આપને બતાવ્યું કે, મુનાફિકોને જો રજા ન મળતી તો પણ તેઓને પોતાની દુશ્મનીના કારણે ઘરોમાં બેસવાનું હતું અને હવે જ્યારે પરવાનગી આપી દેવામાં આવી તો એ પણ ખરાબ કર્યું નથી.

ફકીહ અબુલ ફઝ્લ કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૫૪૪) અલ્લાહની મહેરબાનીથી ફર્માવે છે કે : દરેક મુસલમાન પર વાજિબ છે કે અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવાના પૂરેપૂરા પ્રયત્નો કરે તેવી રીતે પોતાના આચરણ અને વર્તનની લગામ "પાક શરીઅત"ને બનાવે. પોતાના આચરણને કુર્આની અદબથી સજાવે, વાણી તથા વર્તન અને વાતચીત તથા કારોબારમાં પણ "કુર્આની અદબ" શોભાયમાન દેખાય. આ જ વસ્તુ વાસ્તવમાં આરિફોનો મૂળ પાયો અને દીની દુનિયવી આદાબનો બાગ છે.

જોઈએ કે રબ્બે કાયનાતથી સવાલ કરતી વખતે તે અજબ મહેરબાની (જેનું વર્ણન ઉપરની પંક્તિઓમાં "લિમા અઝિન્ત લહૂમ" હેઠળ થઈ ચૂક્યું છે) યાદ રાખો અને તેમાં ચિંતન કરો. યદાપિ બધા પર ઈનામોનો વરસાદ વરસાવનાર તેની જ જાત છે. તે બધાથી નિઃસ્પૃહ (બેનિયાઝ, બેપરવા) છે અને આ ફાયદાઓમાં પણ ચિંતન કરો કે અલ્લાહ તબારક વ તઆલાએ કલામ (વાણી)ની શરૂઆત કેવી રીતે કરી કે નારાજગી પહેલાં સન્માન અને કુસૂરના ઝિક્ર પહેલાં માફીથી પ્રભાવિત કર્યા. આ એ હાલતમાં છે કે આવું કરવું કોઈ પણ સંજોગોમાં કુસૂર ગણવામાં આવી શક્તુ હોય. આ પણ ઈર્શાદે બારી તઆલા છે:–

**અર્થ** : અને જો અમે તમને وَلَوْلَآ اَنْ ثَبَّتْنٰكَ لَقَدْ كِدْتَّ અડગ રાખત નહીં તો નજીક تَرْكَنُ اِلَيْهِمْ شَيْــًٔا قَلِيْلًا ۗ હતું કે તમે તેમની તરફ કંઈક થોડું નમતું આપત. *(સૂરએ બની ઈસરાઈલ, આયત–૭૪)*

વિદ્વાન અવલોકનકારોનું કથન છે કે, અલ્લાહ તઆલાએ બીજા અંબિયાએ કિરામ علیہم السلام પર લગઝિશો પછી સંબોધન કર્યું અને નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી લગઝિશ થાય તે પહેલાંથી જ ચેતવણી ફર્માવી જેથી તેના કારણે તેઓ લગઝિશોથી સેંકડો માઈલ દૂર રહે અને મહોબ્બતની શર્તોનું પૂર્ણ રીતે રક્ષણ કરી શકે. આ વાત આખરી કૃપા દષ્ટિનો નિર્દેશ કરનાર છે. વિચાર તો કરો કે અલ્લાહ عزوجل એ પહેલાં આપની સ્થિરતા અને સલામતીનો ઉલ્લેખ કર્યો અને તેના પછી તે કાર્યનો ઉલ્લેખ કર્યો જેનાથી ચેતવણી કરવામાં આવી રહી છે અને જેના તરફ વળવાની શંકા થઈ શકે છે. (સુબ્હાનલ્લાહ !) ચેતવણી દરમ્યાન ખૂદ આપની મુક્તિનું એ'લાન કરવામાં આવી રહ્યું છે અને ભયના મેદાનમાં આપને હિકમતથી સલામત અને સુરિક્ષત રાખવામાં આવી રહ્યા છે. આના જેવો ઈર્શાદે ખુદાવંદી આ પણ છે :–

**અર્થ** : અમને જાણ છે કે قَدْ نَعْلَمُ اِنَّهٗ لَيَحْزُنُكَ તમને દુઃખ આપે છે તે વાત الَّذِيْ يَقُوْلُوْنَ فَاِنَّهُمْ لَا જે એઓ કહી રહ્યા છે તો يُكَذِّبُوْنَكَ وَلٰكِنَّ الظّٰلِمِيْنَ એ તમને નથી જૂઠાડતા بِاٰيٰتِ اللّٰهِ يَجْحَدُوْنَ ۝ પણ જાલિમો અલ્લાહની આયતોને નકારે છે. *(સૂરએ અન્આમ, આયત–૩૩)*

હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે કે, અબૂ જહલે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી કહ્યું હતું કે, અમે આપને જૂઠાડતા નથી પરંતુ તે વસ્તુનો ઈન્કાર કરનાર છીએ જે આપ અમારા પાસે લઈને (કુર્આને કરીમ) આવ્યા છો. તે સમયે અલ્લાહ તઆલાએ આ આયતે

કરીમા **"લા યુકઝ્ઝિબૂનક"** નાઝિલ કરી.

આ પણ રિવાયત છે કે : જ્યારે કૌમે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જૂઠલાવ્યા તો તેમની આ રીતભાતથી આપને ખૂબ દુ:ખ થયું, તે સમયે આપની બારગાહમાં જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام હાજર થઈ અરજ કરવા લાગ્યા, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપને કઈ વાતથી દુ:ખ પહોંચ્યું છે ? ફર્માવ્યું, મારી કૌમે મને જૂઠલાવ્યો છે. તેમણે અર્ઝ ગુઝારતાં કહ્યું, યા રસૂલલ્લાહ ! શું ખરેખર તેઓ જાણે છે કે આપ સાચા રસૂલ છો ?! આ સમયે અલ્લાહ તઆલાએ આ આયતે કરીમા ના'ઝિલ કરી હતી.

(કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે) આ આયતમાં અલ્લાહ તઆલાએ પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાંત્વના માટે ખૂબ મજેદાર રીત ઈખ્તિયાર કરી અને ખૂબ જ મહેરબાનીની સાથે સંબોધન કર્યું છે. કેમ કે આપનું સત્યવાદી હોવું તો (કાફિરના નજીક પણ ) સ્વીકૃત કાર્ય છે એ માટે તેઓ તે કાર્યને જૂઠલાવી શક્તા નથી જ્યારે કે આપની સચ્ચાઈનો પોતાના જીભ વડે ઈકરાર કરે છે અને દિલમાં ભરોસો રાખે છે જેમ કે નબુવ્વતની જાહેરાત પહેલાં તેઓ "અમીન" માનતા હતા અને આ ગુણથી પ્રશંસિત ગણાતા રહ્યા હતા. આ વ્યક્તવ્યથી અલ્લાહ તઆલાએ આપના દિલના આઘાતને દૂર કરી દીધો. જે (કાફિરોના જૂઠના કારણે પેદા થયો હતો.) પછી અલ્લાહ તઆલાએ આ ઈચ્છાપૂર્વકના ઈન્કાર કરવાવાળાને જાલિમ ગણતાં ફર્માવી દીધું : **વલાકિઝ્ઝાલિમીન બિ આયાતિલ્લાહિ યહ્જદૂન** અને આ બાજુ આપને આક્ષેપમાંથી મુક્ત કરી દીધા તો પેલી બાજુ અલ્લાહની આયતોનો ઈન્કાર કરનારાઓની ગરદનોમાં દુશ્મનીની રસ્સી નાખી દીધી. કેમ કે હકીકતમાં આવું કરવું બહુ જ મોટો જુલ્મ છે કે એક વસ્તુનો ઈલ્મ રાખવા છતાં ઈરાદાપૂર્વક તેનો ઈન્કાર કરી આપે. જેવું કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યુ :–

وَجَحَدُوا بِهَا وَاسْتَيْقَنَتْهَا أَنفُسُهُمْ ظُلْمًا وَعُلُوًّا ط

**અર્થ** : અને તેને નકારનાર બન્યા જુલ્મ અને ઘમંડના કારણે અને તેમના દિલોમાં તો તેનું યકીન હતું. (સૂરએ નમ્લ, આયત, ૧૪)

પછી આ સમયે આગળના અંબિયાએ કિરામની ચર્ચા કરીને પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને દિલાસો આપ્યો છે અને સહાયતાનો વાયદો કર્યો છે જેવું કે અલ્લાહ તઆલાનો આ ઈર્શાદ છે :–

وَلَقَدْ كُذِّبَتْ رُسُلٌ مِّن قَبْلِكَ فَصَبَرُوا عَلَىٰ مَا كُذِّبُوا وَأُوذُوا حَتَّىٰ أَتَاهُمْ نَصْرُنَا ۚ وَلَا مُبَدِّلَ لِكَلِمَاتِ اللَّهِ ۚ وَلَقَدْ جَاءَكَ مِن نَّبَإِ الْمُرْسَلِينَ

**અર્થ** : તમારાથી અગાઉ (પણ) રસૂલ જૂઠાડાયા તો તેમણે સબ્ર કરી એ જૂઠાડવા અને ઈજાઓ પામવા પર એટલે સુધી કે તેમને અમારી મદદ આવી અને કોઈ બદલનાર નથી અલ્લાહની વાતોને અને તમારી પાસે રસૂલોના સમાચારો આવી જ ચૂક્યા છે. *(સૂરએ અન્આમ, આયત–૩૪)*

જેમણે **યુ કઝ્ ઝિબૂનક**ની **ઝાલ**ના ઉચ્ચારને હલ્કો કરી પઢેલ છે તેમના નજીક આ મુબારક ઈર્શાદનો મતલબ એ થયો કે તે લોકો તમને જૂઠા ગણતા નથી. અને ઈમામ ફરાવ, ઈમામ કસાદી رحمۃ اللہ علیہ ના નજીક મતલબ એ છે કે, અય હબીબ ! તેઓ ક્યારે કહે છે કે, તમે જૂઠા છો ! આ મતલબ બયાન કરવામાં આવ્યો છે કે, ન તમારા જૂઠ પર તેઓ દલીલ કરી શકે છે અને ન કોઈ એવી વાત સાબિત કરી શકે છે. જે હઝરાત **યુકઝ્ઝિબૂનક**ના **ઝાલ**ને "તસ્દીક" સાથે પઢી છે તેમના નજીક અર્થ એ છે કે, તે જૂઠ તરફ તમારો સંબંધ જોડતા નથી. તેનો મતલબ એ પણ બયાન કરવામાં આવ્યો છે કે, તેઓ તમારા જૂઠનો અકીદો રાખતા નથી.

નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જે વિશેષતાઓનું બયાન થયું છે અને જેના દ્વારા અલ્લાહ તઆલાએ આપને પ્રતિષ્ઠિત ગણ્યા છે તેમાંથી એક વાત એ પણ છે કે, અલ્લાહ તઆલાએ તમામ અંબિયાએ કિરામ علیہم السلام ને તેમના નામ લઈને સંબોધન કર્યું છે. એટલે કે ફર્માવ્યું, **યા આદમુ, યાનૂહુ, યા ઈબ્રાહિમુ, યા દાવૂદુ, યા ઈસા, યા ઝકરિયા, યા યહ્યા**. પરંતુ નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સંબોધન કરેલ તેમના ઈલ્કાબ (પદવીઓ) સાથે સંબોધન કર્યું છે : **યા અય્યુ હર્રસૂલુ, યા અય્યુ હન્નબ્બિયૂ, યા અય્યુહલ્મુઝ્ઝમ્મિલુ, યા અય્યુહલ્મુદ્દષ્ષિર** વગેરે. *(ક્રમશઃ)*

# ઈસ્લામ અને આધુનિક શોધો

અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની
ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફ્તી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)
ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

હપ્તો : ૦૫

**ત્રીજી આયત :** જે કિયામતની નિશાનીઓમાંથી એક નિશાની છે. و اذا لعشار عطلت "અને જ્યારે જવાન ઊંટડીઓ છૂટી ફરે....છેવટ સુધી. *(સૂરએ તકવીર, આ. ૪)* એટલે કે લોકો ઊંટડીઓ પર સફર કરવાનું તથા તેના થકી સામાન ઉઠાવવાનું ત્યજી દે. **અશાર** દસ મહીનાની ઊંટડીને કહે છે જેમ કે ષઅલબ તથા અન્ય શબ્દકોષના ઈમામોએ કહ્યું. તેના પર મુસાફરી કરવાનું અને સામાન ઉઠાવવાનું એટલા માટે છોડી દેવામાં આવ્યું કે હવે મોટરકારો તથા રેલ ગાડીઓ વગેરે મળી રહે છે અને તેને મેળવી લીધા પછી કોઈ વ્યક્તિ એવી જોવામાં નથી આવી કે જે ઊંટ પર મુસાફરી કરતો હોય અથવા પોતાનો માલ એના થકી ક્યાંક મોકલતો હોય, ખૂબ જ જુઝ પ્રમાણમાં એવું જોવા મળે છે અને તે પણ એવા સ્થળોએ જ્યાં મોટર વગેરે જઈ શકતી ન હોય. એટલે સુધી કે ગામડિયા તથા ધંધાવાળા લોકો જેમનો ધંધો ઊંટો પર જ હતો તેઓ એ વાતથી પરેશાન થઈ ગયા કે તેમના ત્યાં સડકો બનાવી દેવામાં આવી અને ત્યાં ટ્રાફિક શરૂ કરી દેવામાં આવ્યો જેના કારણે તેમણે પોતાની રોજી કમાવાનું મુશ્કેલ થઈ ગયું.

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એનાથી પણ વિસ્તૃત તફસીર ફર્માવી. સહીહ મુસ્લિમમાં છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

والله لينزلن ابن مريم حكما عدلا، فليكسرن الصليب، وليقتلن الخنزير، و ليضعن الجزية ولتتركن القلاص فلا يسعى عليها

"ખુદાની કસમ ! ઈબ્ને મરયમ (ઈસા علیہ الصلوٰۃ والتسلیم ) આદિલ હાકિમ થઈને ઉતરશે તો સલીબ (ક્રોસ)ને તોડી નાખશે, સુવ્વરને કત્લ કરી દેશે, જિઝયાનો કાનૂન લાગુ કરશે અને ઊંટને છોડી દેવામાં આવશે તો એના પર ચાલવામાં આવશે નહીં." *(મુસ્લિમ, ભાગ–૧, પેજ–૮૬)*

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું કથન : ولتتركن القلاص فلا يسعى عليها અલ્લાહના કૌલ واذا العشار عطلتનું નિશ્ચિત કરેલ મુરાદ છે, એટલે કે સફર અને સામાન ઉઠાવવાના માટે પહલાં જે કામ ઊંટડીથી લેવામાં આવતુ હતું તે છોડી દેવામાં આવશે.

તો રેલગાડીઓ તથા વિવિધ પ્રકારની મોટરકારોની શોધ એ હકીકતમાં કિયામતની નિશાનીઓમાંથી એક નિશાની છે અને હઝરત ઈસા علیہ الصلوٰۃ والتسلیم ના ઉતરવાની નિકટતાની નિશાની છે. કેમ કે આપના ઉતરાણના સમયે દુનિયા એવી જ હશે જેવી કે આજે છે, કે લોકો મોટરોથી કામ લે છે અને ઊંટ વગેરેથી બેપરવા છે. જેમ કે આયતે કરીમા તથા હદીષ શરીફમાં છે.

તેની અધિક સ્પષ્ટતા તે વિવિધ હદીષોથી પણ થાય છે જેમાં દજ્જાલનું વર્ણન છે કે તે ઈસા علیہ الصلوٰۃ والسلام ના ઉતરાણ પહેલાં નીકળશે અને ૪૦ દિવસ તમામ પૃથ્વીની સપાટીનો આંટો મારશે. તેનો પ્રથમ દિવસ એક વરસના જેટલો હશે, બીજો એક મહીનાના બરાબર હશે, ત્રીજો એક અઠવાડિયાના બરાબર અને બાકી દિવસો આમ દિવસોની જેમ હશે. તેનો સરવાળો એક વરસ અઢી મહીના થાય છે અને જાહેર છે કે આ ટૂંકી મુદત પૂરી જમીનના આસપાસ ચક્કર મારવા માટે પૂરતી નથી કે તમામ શહેરો અને ગામડાંઓમાં પ્રવેશી શકે એના સિવાય કે તે મક્કા, મદીના તથા બૈતુલ મુકદસમાં દાખલ થશે નહીં. તેના દરવાજાઓ સુધી જરૂર આવશે અને નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ગુંબદ શરીફ પણ દૂરથી જોશે. આપનો ગુંબદ શરીફ આજે પણ દૂરથી જોવા મળે છે. દજ્જાલનું એ ગુંબદને જોઈને એવું કહેવું કે : هذا مسجد ذالك الرجل "આ જ તે વ્યક્તિની મસ્જિદ છે." એ વાતની દલીલ પૂરી પાડે છે કે તે દુનિયાનો કોઈ ખૂણો એવું નહીં છોડે કે જ્યાં પ્રવેશ ન કરે. તેમ છતાં કે દુનિયામાં તેના ઝહૂર પછીની મુદત જાનવરો પર સફર કરવા માટે પૂરતી નહીં હોય જેમ કે એ સમયે હતું જ્યારે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ હદીષ શરીફ વર્ણન કરી હતી. જેથી સાબિત થયું કે દજ્જાલની સફર અને દુનિયાની ચોતરફ ઘુમવું આધુનિક વાહનો થકી હશે.

હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એક દિવસ મિમ્બર મુબારક પર તશરીફ લાવ્યા તો આપે ફર્માવ્યું, "હે લોકો ! મેં તમોને એવી ખબરના માટે ભેગા કર્યા છે જે આસ્માનથી આવી છે." પછી આપે હદીષ વર્ણન કરી જેમાં છે : "તે એક કાણો છે જેના માટે આખી દુનિયા ચાલીસ દિવસમાં લપેટી દેવામાં આવશે, સિવાય તયબ્હના, કે મદીનાના દરવાજાઓમાંથી દરેક દરવાજે એક ફરિશ્તો તલ્વાર ખેંચીને ઉભો હશે જે એને રોકી દેશે અને એ જ પ્રમાણે મક્કા મુકર્રમામાં." (અબૂ યઅ્લા) અબૂ યઅ્લાએ આ હદીષને બે રીતે વર્ણન કરી છે.

આ હદીષની અસ્લ સહીહમાં અન્ય રીતે પણ આવેલી છે પણ તેમાં આ શબ્દો નથી. "ચાલીસ દિવસમાં જમીન એના માટે લપેટી દેવામાં આવશે." સહીહ મુસ્લિમમાં નવાસ ઈબ્ને સમ્આનની રિવાયતથી દજ્જાલના બારામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી નકલ થયેલ છે. સહાબા ફર્માવે છે કે, અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم દજ્જાલ કેટલો સમય જમીનમાં રોકાશે ? આપે ઈર્શાદ ફર્માવ્યો, ચાલીસ દિવસ. એક દિવસ એક વરસના જેટલો, એક દિવસ એક મહીનાના જેટલો અને એક દિવસ એક અઠવાડિયા જેટલો અને બાકી દિવસો તમારા દિવસો જેમ હશે. અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તે દિવસ જે એક વરસના જેટલો હશે તો શું તે દિવસમાં એક દિવસની નમાઝ પૂરતી થશે ? ફર્માવ્યું, નહીં ! તેનો અંદાઝો કરી લેજો. અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તે ધરતી પર કઈ રીતે તેજ ગતિથી ચાલશે ? એ વાદળની જેમ જેને હવા ધક્કો આપતી હોય." *(મુસ્લિમ, ભાગ-૨, પેજ-૪૦૧)*

આ એ વાતના પ્રતિ નિર્દેશ છે કે દજ્જાલ પોતાના લશ્કર તથા મદદગારોની સાથે મોટરકારોના થકી જમીન પર ખૂબ જ તેજ ગતિએ ચાલશે. તેમજ એમાં એરોપ્લેન તરફ પણ ઈશારો છે. જો કે હઝરત જાબિરની હદીષમાં છે તે એ વાત પર નિર્ધારિત કરવામાં આવશે કે દજ્જાલ પોતાની ધરતી પરની મુસાફરીમાં કારોનો ઉપયોગ કરશે અને હદીષનો તે હિસ્સો જેમાં તેના ચાલવાને તેજ વાદળ સાથે સરખાવવામાં આવેલ છે તે એના માટે દલીલ પૂરી પાડે છે કે તે પોતાની મુસાફરીમાં હવાઈ જહાઝો (એરોપ્લેન વગેરે)નો ઉપયોગ પણ કરશે. કેમ કે એરોપ્લેન જ તે જ

વાદળ સાથે સંપૂર્ણપણે સમાનતા ધરાવે છે.

એનું અધિક સમર્થન આ હદીષથી પણ થાય છે જે ઈમામ મેહદી عليه السلام ના બારામાં છે કે લોકો હજ્જના પછીથી આપની શોધમાં મક્કાથી મદીના જવાનો ઈરાદો કરશે અને આશૂરાના દિવસ સુધીમાં તેઓ આપની તલાશમાં ત્રણ ત્રણ વખત મક્કા અને મદીનાની વચ્ચે વારંવાર આવશે. જ્યારે કે હજ્જથી પરવાર્યા બાદ આશૂરાના દિવસ સુધી લગભગ પંદર દિવસ કે એથીય ઓછા હોય છે, આટલી મુદ્દતમાં મક્કા તથા મદીનાનો એક જ ચક્કર થઈ શકે છે કેમ કે હુઝૂર صلى الله تعالى عليه وسلم ના મુબારક જમાનામાં અને તેના પછી મોટરો વગેરેની શોધ થતા પહેલાં મક્કાથી મદીના જવાનું અંતર ઊંટ થકી લગભગ દસ દિવસનું હતું અને એટલા જ દિવસ પાછા ફરતાં થતા હતા. તો કોઈ કલ્પના પણ કરી શક્તુ ન હતું કે કોઈ વ્યક્તિ મક્કાથી મદીના કેવળ પંદર દિવસમાં ત્રણવાર આવે અને જાય, જ્યારે કે એમાં બે મહીના લાગે. મુતકદ્દેમીન આલિમો માટે એ વાત મુશ્કેલ થઈ ગઈ કે એનો મતલબ શો છે ? ખાસ કરીને એ લોકો કે જેઓ હરમૈન શરીફૈનથી ઈમામ મહદી عليه السلام ની તલાશમાં નીકળશે તેઓ આપને આશૂરાની રાતે મેળવી લેશે અને પછી આપના હાથ પર બયઅત કરશે. કેટલાક ઉલમાએ એવો જવાબ આપ્યો કે એ સૌ લોકો અસ્હાબે ખુતૂવાત તથા અવલિયા હશે. તો શક્ય છે કે એમના માટે જમીનનું અંતર ઓછું કરી દેવામાં આવે.

અમુક આલિમોએ ચર્ચા વિચારણાના અંતે જવાબ આપ્યો કે શક્ય છે કે એ લોકો ઊંટો પર પાંચ દિવસમાં જ અંતર કાપી લે જેમ કે કદીક કદીક એવું થાય છે. જો તેને આપણે સ્વીકારી લઈએ અને એવું કહીએ કે એ લોકો કશાય આરામ વિના સતત એટલી તકલીફ સહન કરી લેશે તો પણ અંતર ચાલીસ દિવસનું તો છે, નહીં કે પાંત્રીસ દિવસનું રહી જાય. જ્યારે ત્યાં તો આ મુદ્દત પંદર દિવસથી પણ ઓછી છે ! હકીકત એ છે કે આ સર્વ વાતો એની વિરૂધ્ધ છે, કેમ કે નબી કરીમ صلى الله تعالى عليه وسلم નો ઈશારો એ તરફ હતો કે એ પ્રગતિશીલ વાહનોના થકી એ લોકો આરામથી એક બે દિવસમાં મક્કાથી મદીના આવી શકશે. એ જ કારણ છે કે એ લોકોનું પંદર દિવસમાં મક્કાથી મદીના મુનવ્વરા ત્રણ ત્રણ વાર આવવું જવું શક્ય છે, જેમ કે આજકાલ છે. ખાસ કરીને જો હવાઈ જહાઝો (એરોપ્લેનો)થી સફર કરે.

તદ્ઉપરાંત મેહદી, ઈસા عليه السلام તથા દજ્જાલના સંબંધિત ઘણી હદીષોમાં એ ઈશારો છે કે મોટરો, કારો, અને વિમાનની શોધ થશે અને લોકો એના પર સફર કરશે.

તિબ્રાની કબીરમાં રિવાયત કરે છે (રિજાલે ષિકાત મિન હદીષે અબી મૂસલ અશ્અરીની સનદથી) કે રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું :–

لاتقوم الساعة حتى يتقارب
الزمان وتزوى الا رض زيا

"કિયામત રચાતાં પહેલાં સમય એકબીજાની નિકટ થઈ જશે અને જમીન સંકોચાઈ જશે એટલે લપેટી દેવામાં આવશે અને અમુક અમુકથી મળી જશે." *(તિબ્રાની કબીર)*

અને સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضى الله عنه થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું :–

يتقارب الزمان وينقص العلم وفى
رواية، العمل، ويلقى الشح ويكثر الهرج

"સમય એકબીજાની નજીક થઈ જશે, ઈલ્મ ઘટી જશે અને એક રિવાયતમાં "અમલ" છે. અને કંજૂસાઈ જોવા મળશે અને લડાઈ, ઝઘડા, ખૂનરેજીમાં અધિક્તા થશે." *(બુખારી, ભાગ–૨, પેજ–૧૦૪૯) (ક્રમશઃ)*

# કુફ્રનો મરહલો અને ઇમામ અહમદ રઝા

★ લેખક ★
ફકીહે આ'ઝમે હિંદ, શારેહે બુખારી હઝરત
અલ્લામા મુફતી શરીફુલ્ હક્ક رحمۃ اللہ علیہ
★ અનુવાદક ★
અલ્હાજ હાફેઝ મૂસા ઝંઘારવી (પ્રેસ્ટન, યુ.કે.)

હપ્તો : ૦૫

**પ્રથમ** : તો નાનોત્વી સાહેબ જેવા હોશિયાર અને પ્રવીણ મુનાઝિર નબી બિઝ્ઝાતને છેલ્લા નબી માનતા હોત તો પેજ–૧૪ ઉપર આવું લખત નહીં, **"બલ્કે અગર બિલ્ફર્ઝ આપકે ઝમાનેમેં ભી કહીં કોઈ ઔર નબી હો જબ ભી આપકા ખાતિમ હોના બદસ્તૂર બાકી રહતા હૈ."**

**બીજું** : પેજ–૨૮ ઉપર પણ આ મુજબ ન લખત :–

"બલ્કે અગર બિલફર્ઝ બાદ ઝમાના નબવી કોઈ નબી પૈદા હો તો ફિર ભી ખાતમિય્યતે મુહમ્મદીમેં ફર્ક ન આએગા. ચેહ જાએ કે આપકે મુઆસિર કિસી ઔર ઝમીનમેં યા ફર્ઝ કિજીએ ઈસી ઝમીનમેં કોઈ ઔર નબી તજવીઝ કિયા જાએ."

આ બાબત સ્પષ્ટ છે કે જો નબી બિઝ્ઝાત (સ્વંય નબી) હોવા માટે છેલ્લા–આખરી નબી હોવું જરૂરી હોત તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સમયમાં બીજા કોઈ નબી હોવાથી આપ નબીઓમાં છેલ્લા નબી ન ગણી શકાત. અને આપના પછી કોઈ નબી પેદા થાત તો પણ આપની અંતિમતા ખતમ થઈ જાત. (અર્થાત નબુવ્વત આપના ઉપર ખતમ (પૂર્ણ) થઈ ગઈ, નબુવ્વતનો દરવાજો આપના પછીથી બંધ થઈ ગએલો ન ગણી શકાત.)

એટલા માટે થોડીક બુદ્ધિ ધરાવનાર પણ જાણે છે કે હુઝૂરનું આખરી નબી હોવું એ વાતનું વિરોધી છે કે હુઝૂરના મુબારક સમયમાં કે હુઝૂરના પછી (કયામત સુધી) કોઈ નવો નબી કોઈ પણ જગ્યાએ પેદા થાય. જ્યારે નાનોત્વી સાહેબ આ પ્રમાણે વિવરણ કરે છે કે આપના જમાનામાં કે આપના પછી કોઈ નવો નબી પેદા થાય તો પણ આપનું ખાતિમ હોવું (નબીઓને ખતમ કરનાર, છેલ્લા હોવું) બદસ્તૂર (હેમખેમ) બાકી રહેશે ! અને આપની ખાતમિય્યત (અંતિમતા)માં કશો જ ફરક નહીં પડે. આથી સ્પષ્ટ પુરવાર થયું કે તેઓ સ્વયં નબી (નબી બિઝ્ઝાત) હોવાને માટે આખરી નબી હોવું જરૂરી માનતા નથી. એટલા માટે કે જે વસ્તુ આવશ્યક્તાની વિરોધી હોય તે એ વસ્તુની પણ વિરોધી હશે જેના માટે પેલી આવશ્યક્તા અનિવાર્ય છે, અને સ્પષ્ટ છે કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સમયમાં કે ત્યાર પછી બીજો કોઈ નબી થવાથી સમયમાં અંતિમ (આખરી) હોવું અવશ્ય ના'બૂદ થઈ જશે અને જ્યારે એ ના'બૂદ તો સ્વયં અંતિમતા પણ ના'બૂદ. એટલે જ્યારે ચર્ચાએલી પરિસ્થિતિમાં સ્વંય અંતિમતા અને સામયિક અંતિમતા બંનેવ ના'બૂદ થશે.

**ત્રીજું** : નાનોત્વી સાહેબ શરૂઆતમાં જ ૧૪ કારણોથી એ સાબિત કરતા આવ્યા છે કે ખાતમુન્નબિય્યીનનો અર્થ નબીઓમાં સૌથી આખરી (છેલ્લા) નબી એ ખોટું છે, તેથી અનિવાર્યતા જો ખોટી ઠરે તો તે વસ્તુ પણ ખોટી ઠરશે જેના માટે પેલી અનિવાર્યતા છે. તેથી જો તેમના અકીદા વિરૂધ્ધ કોઈ સ્વંય (જાતિ) અંતિમતા માટે સામયિક અંતિમતા જરૂરી માને તો એનાથી જાતિ અંતિમતા

પણ ખોટી ઠરશે, હવે ન જાતિ (સ્વંય) રહી ન સામયિક (ઝમાની.)

**ચોથું** : નાનોત્વી સાહેબના શ્રધ્ધાળુઓ ખોટી રીતે એમના ઉપર આક્ષેપ મૂકે છે એનો અમારી પાસે કે ખૂદ નાનોત્વી સાહેબ હોત તો પણ તેમની પાસે શો ઈલાજ હતો ! કેમ કે નાનોત્વી સાહેબે પોતે જ તહઝીરુન્નાસના પેજ–૮ ઉપર લખ્યું છે કે :–

"હા ! અગર બતોરે ઈત્લાક યા ઉમૂમે મજાઝ ઈસ ખાતમિય્યત કો ઝમાની ઔર રૂત્બીસે આમ લિજીયે તો ફિર દોનોં તરહકા ખતમ મુરાદ હોગા, પર એક મુરાદ હો તો શાયાને શાને મુહમ્મદી ખાતમિય્યત ન રૂત્બી હૈ ન ઝમાની." *(પેજ નં. ૮)*

આનો સ્પષ્ટ મતલબ એ થયો કે ખાતમિય્યતે ઝમાની અર્થાત નબીઓમાં સૌથી આખર હોવું હુઝૂર અકદસ ﷺ ની શાન (મોભા)ને અનુરૂપ નથી. તો પછી એને જરૂરી માનવાથી શો લાભ ?! બલ્કે એનાથી તો સાબિત થશે કે જે ગુણ હુઝૂરની શાન (મોભા)ને લાયક નથી તેને હુઝૂર માટે માનવો. શું એમાં નાનોત્વી સાહેબના પોતાના ઉપર કહેવા મુજબ હુઝૂરે અકદસ ﷺ ની શાનને (મોભા–મર્તબા) ન છાજે તેવી મર્તબાને ઘટાડનાર તથા અલ્લાહ તઆલા પ્રતિ અર્થહિન, બેકાર વાતો કહેવાનો સંબંધ જોડવા સમાન નથી ! અને એમના છેલ્લા વાક્યે તો સામયિક અંતિમતા (સમયના આધારે છેલ્લા)નો પાયો જ ઉખેડી નાંખ્યો કે, "જ્યારે એ હુઝૂરના મર્તબાને લાયક જ નથી તો પછી એને સામાન્ય અર્થમાં માનીએ કે કોઈ ખાસ અર્થમાં માનીએ બંને રીતે નકામું છે, બલ્કે મર્તબો ઘટવાની શક્યતા છે."

આ બાબતમાં બીજી બધી વાતો તરફથી હટીને ખૂદ નાનોત્વી સાહેબની પોતાની કબૂલાત સાંભળી લો. તેઓ પોતે જ પોતાના એક વિ□સુને પત્રમાં લખે છે કે :–

"ખાતમુન્નબિય્યીનનો અર્થ ઉપલક દષ્ટિવાળાઓની દષ્ટિમાં તે એ છે કે નબી ﷺ નો સમય આગળ થઈ ચૂકેલા નબીઓના સમયથી પાછળ છે અને હવે કોઈ નબી આવશે નહીં. પરંતુ આપ જાણો છો કે આ એવી વાત છે કે એમાં ન તો કોઈ તારીફ છે કે કોઈ બુરાઈ. *[કાસિમુલ ઉલૂમ, પેજ–૫૫, પ્રથમ પત્ર મૌલાના મુહમ્મદ ફાઝિલને (ફારસી)]*

દરેક માણસ ખૂબ જાણે છે કે, લેખક પોતાનો લખવાનો મતલબ શો છે તે બીજા કરતાં વધુ સારી રીતે જાણે છે, જ્યારે કે નાનોત્વી સાહેબ પોતે જ કોઈ પણ જાતના વાંધા–વચકા કે ગુંચવણો ઉભી કર્યા વિના સાફ સાફ વર્ણન કરી દે છે કે, "નબીઓમાં સૌથી છેલ્લા નબી હોવું એ કોઈ તારીફ કે વખાણની વાત નથી જ્યારે કે એમાં કોઈ તારીફ (વખાણ) કે વિશિષ્ટતા જેવું નથી તો પછી એમને નબીઓમાં સ્વંય છેલ્લા નબી હોવું જરૂરી માનવું તદ્દન અર્થહીન (બેકાર) વાતો છે."

આનાથી સ્પષ્ટ થયું કે, નાનોત્વી સાહેબ ખત્મે જાતી (સ્વંય નબી) સાથે ખત્મે ઝમાની (સમયમાં) જરૂરી માને છે તો એમના ઉપર આક્ષેપ જૂઠ સિવાય બીજું શું કહી શકાય !

એનાથી એ પણ જણાયું કે, પેજ–૩૦ પર "બિઝ્ઝાત કુછ ફઝીલત નહીં"માં બિઝ્ઝાતનો વધારો માત્ર ધોકો આપવાની આડ છે. એમનો અસલ અકીદો તો એ જ છે કે, "છેલ્લા નબી હોવું" કોઈ ફઝીલતની વાત નથી. બલ્કે આખરી નબીનો મતલબ સ્વયં નબી છે એમાં છેલ્લા નબી હોવું જરૂરી નથી. અને એ જ કારણે એમણે પેજ–૧૪ અને પેજ–૨૮, પર સાફ સાફ લખી નાખ્યું છે કે, 'અગર હુઝૂર કે ઝમાને મેં કોઈ ઔર નબી પૈદા હો જાએ તો ભી આપકા ખાતિમ હોના (છેલ્લા નબી) બદસ્તૂર બાકી રહતા હૈ, બલ્કે અગર બિલ્ફર્ઝ બાદ ઝમાના નબવી કોઈ નબી પૈદા હો જાએ તો ખાતમિય્યતે મુહમ્મદીમેં કુછ ફર્ક નહીં આએગા."

## ★ નાનોત્વી સાહેબ પર શરીઅતની પકડ ★

નાનોત્વી સાહેબે જાણીબુઝી ઈરાદાપૂર્વક "તહઝીરુન્નાસ"ની આ ઈબારતોમાં નીચે જણાવેલા ચોક્કસ અને ખાત્રીપૂર્વકના કુફ્રિયાત આદર્યા છે જેમાં કોઈપણ પ્રકારની આશંકાની ઝર્રા બરાબર પણ ગુંજાઈશ નથી. જેમાં કોઈપણ તાવીલ (અર્થઘટન)ની કોઈ જ ગુંજાઈશ નથી, ન તો જલ્દી સમજાય તેવા અર્થઘટનની શક્યતા છે કે ન તો ગુંચવણમય અર્થઘટનની.

૧. કુર્આન મજીદના ઈર્શાદ "ખાતમુન્નબિય્યીન"નો અર્થ બધાંથી "છેલ્લા નબી", "અંતિમ નબી" એ પોતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તારવેલો છે. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن એ પણ એ જ અર્થ લીધો છે. સમગ્ર ઉમ્મતે પણ એનું એવું જ અર્થઘટન કર્યુ છે અને એ બાબતે સમગ્ર ઉમ્મતીની એકમતિ સધાએલી છે. "ખાતમુન્નબિય્યીન"નો એક જ અર્થ "છેલ્લા નબી" છે. "એમાં બીજા કોઈ પણ અર્થઘટનની જરા જેટલી પણ ગુંજાઈશ નથી." એવું ઉલમાએ લખી દીધું છે. પરંતુ આ વતને નાનોત્વી સાહેબે સામાન્ય માણસો એટલે કે નાસમજ (કમઅક્કલ) માણસોનો ખ્યાલ ગણાવ્યો છે.

૨. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને, સહાબાએ કિરામને તથા આખી ઉમ્મતના ઉલમા, અવલિયા અને તમામ લોકોને નાસમજ (કમઅક્કલ) ગણી કાઢયા.

૩. આ ઉચ્ચ પ્રકારનો વખાણપાત્ર ગુણ (અંતિમનબી) વખાણના સ્થાનમાં વાપરવા યોગ્ય હોવાનો ઈન્કાર કર્યો, બલ્કે એ ગુણ વખાણપાત્ર છે તેવું માનવાનો પણ ઈન્કાર કર્યો.

૪. એને એલફેલ, બકવાસ અને અર્થહિન વાત તરીકે ઓળખાવ્યું.

૫. છેલ્લા નબી (અંતિમ નબી) હોવામાં ફઝીલત કશી જ નથી એમ કહ્યું.

૬. એને નીચલી કક્ષાના અને અભણ લોકોની વાતો કહી.

૭. એને અલ્લાહના ઉચ્ચકક્ષાના કલામની વિરૂધ્ધ કહ્યું.

૮. એને કુર્આનની વાક્ય રચના અને શબ્દોના એકબીજા સાથેના સંબંધમાં અવરોધરૂપ ગણી કહ્યું કે એનાથી કુર્આનના વાક્યો, આયતોમાં સંબંધ જળવાતો નથી.

૯. એને નબુવ્વતના જૂઠા દાવેદારોના જૂઠા દાવાઓ માટેના દરવાજા બંધ કરનાર તરીકે નથી માન્યું, આ આયતને એવું સ્થાન આપવાનો ઈન્કાર કર્યો !

૧૦. એમને નબુવ્વતની અંતિમતાનું મૂળ માનવાનો ઈન્કાર કર્યો, બલ્કે અંતિમતાનું મૂળ બીજું જ છે એમ કહ્યું.

૧૧. ખાતમિય્યત એટલે કે અંતિમતાનો અર્થ પોતે પોતાના મનથી ઘડી કાઢવો કે આપની નબુવ્વત બિઝ્ઝાત એટલે સ્વંયનબી છે, જ્યારે બીજા નબીઓ બિલ્અર્ઝ (આપણા નબીની નબુવ્વત પર આધારિત) છે.

૧૨. હુઝૂરના સમયમાં બીજા કોઈ નબી આવવાને આપની અંતિમતા (છેલ્લાપણા)ને વિરોધી ન માન્યું. એટલે કે કોઈ નબી આપના સમયમાં આવી જાય તો પણ આપ ખાતમુન્નબી ગણાય એમાં કશો વાંધો ન આવે ! એમ બતાવ્યું.

૧૩. આપના પછી પણ કોઈ નબી હોવાનો દા'વો કરે તો પણ ખાતમિય્યતમાં કોઈ વાંધો ન આવે ! એમ કહ્યું.

વાંચકોને પૂછીએ છીએ કે, આટલી કુફ્રી વાતો આદર્યા પછી પણ શું "તહઝીરુન્નાસ"ના લેખક નાનોત્વી સાહેબ મુસલમાન જ રહ્યા ! શું ઉલમા પર એમને કુફ્રનો ફતવો આપવો જરૂરી ન હતો ?! એનો ફેંસલો તમારા ઉપર છોડું છું. *(ક્રમશઃ)*

# મૌલૂદુન્નબી ﷺ

અઝ : જનાબ "જિગર" નબીપુરી-લંડન

મવલાય સલ્લિ વ સલ્લિમ દાએમન અબદન્
અલા હબીબિક ખયરિલ્ ખલ્કિ કુલ્લિહીમી
મુહમ્મદુન્ ﷺ સૈયદુલ કવનયને વષષકલયનિ
વલ્ફરીકયનિ મિન ઓરોબીંવ વમીન અઝમે ﷺ

અલ્લાહ તઆલાના અંતિમ નબી હઝરત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ નું જન્મસ્થળ (મૌલૂદુન્નબી ﷺ) મક્કાશરીફમાં, કઅ્બતુલ્લાહ નજીક, જબલે અબૂ કુશયરા (અબૂ કુશયરા પહાડ)ની તળેટીમાં, શવકુલ લૈલ વિસ્તારના બની હાશિમ મહોલ્લામાં એક જાણીતું મકાન છે જે મુકદસ મકાનને મૌલૂદુન્નબી ﷺ ના નામથી ઓળખવામાં આવે છે.

વર્તમાન સમયમાં જોઈએ તો નબી પાક ﷺ ની પેદાઈશગાહ (મૌલૂદુન્નબી ﷺ) સિવાયનો આખો વિસ્તાર જમીન દોસ્ત કરી દેવામાં આવ્યો છે.

મક્કા શરીફ મિના તરફ જવાના રસ્તાની બાજુએ ખુલ્લી જગ્યાએ આ મુકદસ મકાન નજરે પડે છે.

મક્કા શરીફના એક અમાનતદાર, દીનદાર, શૈખ અબ્બાસ કટાન નામના અલ્લાહ પાકના બંદાએ ૧૯૫૨ ઈસ્વીમાં નજદી શાહ અબ્દુલ અઝીઝ પાસેથી મંજૂરી મેળવી મકાનનું બાંધકામ કરાવેલું જેથી આ મુકદસ જન્મ સ્થળ (મૌલૂદુન્નબી ﷺ )ની કાયમને માટે દેખભાળ થતી રહે.

તે પછી આ મકાનમાં હજ્જ અને વકફ (વજારતુલ્ હજ્જ વલ અવકાફ) તરફથી એક "પબ્લિક લાયબ્રેરી" બનાવવામાં આવેલી છે) જે બંધ હાલતમાં પડેલી છે.

ઈમામ હુસૈન બિન મુહમ્મદ અદ–દિયાર બકરી લખે છે કે, આ કમાન નબીપાક ﷺ ને વારસામાં મેળલું જે આપ ﷺ એ મક્કા શરીફથી મદીના શરીફ હિજરત કરી ગયા બાદ આપ ﷺ ના પિત્રાઈ ભાઈ હઝરત અકીલ બિન અબી તાલિબ رضی اللہ عنہ ને બક્ષિશ તરીકે આપી દીધું હતું એ કારણે એ મકાન (મૌલૂદુન્નબી ﷺ) હઝરત અકીલ બિન અબી તાલિબ અને પરિવારના કબજામાં રહ્યું. (તારીખુલ ખમીસ, જિ. ૧, પેજ–૧૯૮)

તે પછી હજ્જાઝ બિન યૂસુફના ભાઈ મુહમ્મદ બિન યૂસૂફે એક લાખ દીનાર ભેટ આપીને પોતાના મકાનમાં સમાવી લીધું જેને "અલ્ બયઝાઅ" સફેદ ઈમારત અથવા દારે ઈબ્ને યૂસુફ (ઈબ્ને યૂસુફનું મકાન) તરીકે પણ ઓળખાતું.

ઈમામ ઈબ્ને દહ્યાનું કથન છે કે : ખલીફા હારૂન રશીદના વાલિદહ્ જનાબા ખૈજરાન જ્યારે મક્કા શરીફ હજ્જ પઢવા આવેલ ત્યારે તેણીએ મૌલૂદુન્નબી ﷺ વાળો ભાગ દારે યૂસુફથી અલગ કરાવી દઈ એ મુકદસ જગ્યાએ મસ્જિદ બંધાવી કાયમી નમાઝ માટેનો બંદોબસ્ત કરાવેલ.

ઈમામ સુહેલી એ જગ્યાનું વર્ણન કરતાં લખે છે કે, જ્યારે ઝુબૈદા ખાતૂન (હારૂન રશીદનાં પત્ની) મક્કા શરીફ આવ્યાં ત્યારે તેમણે મૌલૂદુન્નબી ﷺ વાળી જગ્યાએ મસ્જિદનું નવેસરથી ચણતર કરાવેલું. ***(હવાલો** : અલ્ જામેઉલ લતીફ, પેજ–૨૦૧, ૨૦૨, અસીરતુલ્ હલબિયહ્, જિ.૧, પેજ–૫૯, ૬૦, અર્રવઝુલ અન્ફ, જિ.૧, પેજ–૧૮૪, ફી રહાબુલ્ બૈતુલ્ હરામ, કર્તા : શૈખ મુહમ્મદ બિન અલ્વી અલ્ માલિકી અલ મક્કી, પેજ–૨૬૧, ૨૬૩)*

ઈમામ તકીયુદ્દીન મુહમ્મદ બિન અહમદ અલફાસી અલ્ મક્કી કાઝી અલ્ મક્કા (વફાત : હિજરી–૮૩૨) ઈમામ અઝકરીની રિવાયત (પ્રાણાલિકા) મુજબ કહે છે કે, જ્યારે ખલીફા હારૂન અલ્ રશીદના વાલેદહ જનાબા ખૈજરાને મૌલૂદુન્નબી ﷺ દારુલ બયઝાઈ (સફેદ ઈમારત)ને ઈબ્ને યૂસુફના મકાનથી અલગ કરાવી મસ્જિદ બંધાવી તે પહેલાં એ મુકદ્દસ જગ્યાએ જે લોકો રહેતા તેમનું કહેવું છે કે, આ મુકદ્દસ જગ્યાએ રહેવા દરમ્યાન એમને કોઈ મુસીબતો કે ચિંતાઓનો સામનો કરવો પડયો ન હોતો. અને જ્યારથી એ જગ્યા છોડી છે ત્યારથી અનેક ચિંતાઓ માથા પર આવી પડી છે. *(શિફાઉલ ગિરામ બ અખ્બારુલ્ બલદીલ હરામ, જિ. ૧, પેજ–૨૬૯)*

હઝરત ઈમામ ફાસી અલ્ મક્કી સાહેબ મૌલૂદુન્નબી ﷺ મુબારક સ્થળનું વર્ણન કરતાં કહે છે કે : આ એક ચોરસ આકારનું મકાન છે જેમાં એક થાંભલો છે, એની નેઋત્ય દિશામાં એક ખૂણો છે, પૂર્વ તરફના ભાગમાં એક દરવાજો છે. મકાનમાં દસ બારીઓ છે, જેમાંની ચાર બારીઓ પૂર્વ તરફની દીવાલમાં, ત્રણ ઉત્તર તરફની દીવાલમાં અને એક પશ્ચિમ તરફની દીવાલમાં છે જ્યારે બીજી બે બારીઓ ખૂણામાં છે. જેમનાથી એક ઉત્તર તરફ અને બીજી એની જમણી તરફમાં છે. આ મકાનમાં એક મેહરાબ (કમાન)વાળો ભાગ પણ છે જેની નજીકમાં એક ઊંડાઈવાળો ભાગ જે સાડા ત્રણ ચોરસ ફૂટ ફેલાવવાના ક્ષેત્રફળમાં છે. એની ચારે તરફ લાકડાનો કઠેડો લગાડેલ છે. આ જગ્યાની વચ્ચે એક લીલા રંગનો પથ્થર જે ચાંદીની ફ્રેમમાં રાખવામાં આવ્યો છે. ઈબ્ને ઝુબૈરના કથન અનુસાર આ એ જ મુકદ્દસ સ્થળ છે જ્યાં નબીપાક ﷺ ની વિલાદત બા સઆદત થઈ હતી. આ મૌલૂદુન્નબી ﷺ વાળા મકાનની લંબાઈ સવા ચોવીસ ગઝ (૧ ગઝ = ૨'–૩'') એટલે ચોપન ફૂટથી કંઈક અધિક છે.

ખલીફા નાશિર અલ્ અબ્બાસીએ હિજરી સન ૫૭૬ માં આ મુકદ્દસ જગ્યાએ નવા નામથી બાંધકામ કરાવેલું. તે પછી યમનના બાદશાહ અલ્ મુઝફ્ફરે હિજરી સન ૬૬૬ માં અને એના પૌત્ર અલ્ મુજાહિદે હિજરી સન ૭૪૦ માં ફરીથી બાંધકામ કરાવેલું. ત્યાર બાદ મિસરના અમીર શેખુને હિજરી સન ૭૫૮ માં, તે પછી મિસ્રના શાહ અલ અશરફ શોઅબાનના રાજવહિવટમાં યલબગા અન્નહાશકીએ હિજરી ૭૬૬ માં, મિસ્રના શાહ અલ્ ઝાહિરે હિજરી સન ૮૦૧ માં નવચણતર કરાવેલું. *(શિફાઉલ ગિરામ બ અખબારુલ બલદિલ હરામ, ઈમામ ફાસી અલ્ મક્કી, જિ. ૧, પેજ–૨૭૦)*

એ જ રીતે તુર્કી સંશોધક ઈબ્રાહીમ રફઅત પાશાએ ઉપરોક્ત માહિતી સહિત વધુ વિગતે આ રીતે વર્ણન કર્યું છે કે, હિજરી સન ૯૩૫ માં અને હિજરી સન ૯૬૩ માં સુલ્તાન સુલેમાન ખાને મઝકૂર (મૌલૂદુન્નબી ﷺ) જગ્યાએ ગુંબજ સહિત નવું ચણતર કરાવ્યું અને સોનાની ત્રણ ફાનસ પણ ભેટમાં આપી. જેનાથી એક મૌલૂદુન્નબી ﷺ વાળી મુકદ્દસ જગ્યાએ અને બીજી બે બયતુલ્લાહ શરીફમાં લટકાવી જે લટકાવવાનું સૌભાગ્ય એમના (ઈબ્રાહીમ રફઅત પાશાના) વાલિદ સાહેબને ફાળે ગયું.

હિજરી સન ૧૦૦૯ માં સુલ્તાન મેહમૂદખાન ઈબ્ને સુલ્તાન મુરાદખાને આ પવિત્ર જગ્યાએ નવેસરથી બાંધકામ કરાવ્યું એ વેળા એક મોટો ગુંબજ અને મિનાર બનાવવામાં આવ્યો. જેનો ખર્ચ તુર્કી શહેરોની વાર્ષિક આવકમાંથી ઉપાડવામાં આવ્યો. વળી એક મસ્જિદ પણ બનાવવામાં આવી જેમાં એક ખાદિમ, એક મુઅઝ્ઝિન અને ઈમામ નિયુક્ત કરવામાં આવ્યા.

ગૌરવની વાત તો એ છે કે આ જગ્યા માટે દર વરસે લાયકાત ધરાવતા ખુશ કિસ્મત ઉમેદવારની નિમણૂંક કરવામાં આવતી. અને વરસ પૂરું થતાં સન્માન કરી તેને નિવૃત કરવામાં આવતા. એ જગ્યાએ ફરી બીજા ઉમેદવારોની નિમણૂંક થતી. ઉસ્માનિયા સલ્તનત દરમ્યાન ત્યાં એક મદ્રસો પણ કાયમ કરવામાં આવ્યો હતો. જેવાં દીની તા'લીમ (શિક્ષણ) આપવામાં આવતું. *(મિર્અતુલ હરમૈન, જિ. ૧, પેજ–૧૮૮, ૧૮૯)*

કિતાબ અફસઅદતુલ અનામ બ અખબારે વિલાદલ્લાહિબ હરામના લેખક શૈખ અબ્દુલ્લાહ ગાઝી હિજરી ૧૩૬૫ ઈસ્વી સન ૧૯૪૬ લખે છે કે અમારા વખતમાં મૌલૂદુન્નબી ﷺ માંથી નિયુક્ત થયેલા મુદર્રિસ (ઉસ્તાદ) હતા. હિજરી સન ૧૩૩૨. ઈસ્વી સન ૧૯૧૨ માં મૌલૂદુન્નબી ﷺ નું નવેસરથી બાંધકામ નવા નિમાયેલા સુલ્તાન મેહમૂદ પાશાના આદેશથી મુહમ્મદ અલી પાશાએ કરાવ્યું હતું અને તે પછી સુલ્તાન હમીદખાને પણ કરાવ્યું.

હિજરી સન ૧૩૪૩ ઈસ્વી સન ૧૯૨૫ નજદી સરકારે અંગ્રેજોની મદદ લઈ હિજાઝ (મક્કા–મદીના શરીફ)માં દાખલ થઈ કહેર વર્ષાવ્યો ત્યારે જન્નતુલ મુઅલ્લા, જન્નતુલ બકીઅ સહિત અનેક મુકદ્દસ જગ્યાઓ પર બુલડોઝરો ફેરવી જમીન દોસ્ત કરી નાંખી જેમાં આ મુકદ્દસ સ્થળ મૌલૂદુન્નબી ﷺ નો પણ સમાવેશ થતો હતો.

હિજરી સન ૧૩૭૦ ઈસ્વી સન ૧૯૫૨ માં સદાચારી અમાનતદાર શૈખ અબ્બાસ બિન યૂસુફ અલ્ કટાને મકતબએ આમ્મહ (પબ્લિક લાયબ્રેરી) પ્રકારે એ જગ્યાએ પોતાના ખર્ચે તૈયાર કરાવ્યું તે દરમ્યાન તેની વફાત થતાં એના દિકરા શૈખ અમીન બિન અબ્બાસ બિન યૂસુફ અલ કટાને બાકીનું કામ પૂરુ કરાવ્યા બાદ શૈખ કામિલ બિન માઝીદુલ કરદી અને એના ભાઈઓએ પોતાની લાયબ્રેરી મકતુબુલ માઝીદિયહ્ આ પવિત્ર સ્થળ ખસેડી. *(અલ તારીખુલ કુયુમ અલ મક્કા વ બૈતુલ્લાહિલ કરીમ, કર્તા : શૈખ મુહમ્મદ તાહિરુલ કરદી અલ્ મક્કી, જિ. ૧, પેજ–૧૭૦, ૧૭૧)*

ઈમામ મુહમ્મદ જારલ્લાહ ઈબ્ને ઝહીરહ્ લખે છે કે, આ જગ્યા (સ્થળ) નબીપાક ﷺ નું જન્મ સ્થળ (મૌલૂદુન્નબી ﷺ) હોવાનું પૂર્વજોથી માંડી અત્યાર સુધી પરંપરાગત જાણીતું છે અને મક્કાવાસીઓમાં આ બાબતે કોઈપણ મતભેદ નથી. *(અલ્ જામેઉલ લતીફ, પેજ–૨૦૧, ૨૦૨)*

આ મુકદ્દસ સ્થળ વિશેની વિગત ઈમામ ઈબ્ને હબીરે પોતાની કિતાબ "અલ્ રેહલહ્" પ્રવાસપોથીમાં આ રીતે વર્ણન કરી છે :–

મક્કા શરીફના પવિત્ર સ્થળોમાંથી એક અતિ પવિત્ર જગ્યા મૌલૂદુન્નબી ﷺ નો પણ સમાવેશ થાય છે. નબીપાક ﷺ ના શરીર મુબારકને સ્પર્શવાનું સદ્ ભાગ્ય સૌ પ્રથમ આ જગ્યાને થયું હતું. જયાં વિલાદતે સઈદાની ભાગ્યશાળી પળોએ નબીપાક ﷺ નું આગમન થયું અને એ જ જગ્યાએ મસ્જિદ બનાવવામાં આવી છે. મુસ્લિમ સંપ્રદાય માટે અલ્લાહ પાકની આ પણ એક નેઅમત છે. આ જગ્યા (મૌલૂદુન્નબી ﷺ) ઊંડાઈવાળી છે અને એને સમગ્ર રીતે ચાંદીની ફ્રેમથી સજાવવામાં આવી છે.

આ મુકદ્દસ જગ્યા મુલાકાતીઓ માટે દરેક સોમવાર (રવિ અને સોમની દરમ્યાન રાત્રી)ની રાત્રી તેમજ માહે રબીઉલ અવ્વલ શરીફમાં ખુલ્લી મૂકવામાં આવે છે કારણ કે સોમવાર અને રબીઉલ અવ્વલ શરીફ મહીનો નબી પાક ﷺ નો જન્મ દિવસ અને મહિનો છે. આ દિવસોમાં મક્કા

શરીફના મુકદ્દસ સ્થળો ખુલ્લા રાખવામાં આવે છે. આ પ્રતિષ્ઠિત દિવસ પ્રતિ વર્ષ મક્કા શરીફમાં ઉજવવામાં આવે છે એની બરકતોથી લોકો ફૈઝયાબ થાય છે.

એ વાત પણ ખૂબ જ પ્રચલિત છે કે મક્કા શરીફની ઝિયારતગાહો અને ઈબાદત ગાહોમાં મૌલૂદુન્નબી ﷺ ની પણ ખાસ ગણના થાય છે. ઈબાદતના ખાસ દિવસો અને શુભ પ્રસંગોએ મૌલૂદુન્નબી ﷺ ખુલ્લું રાખવામાં આવે છે. પૂર્વજો અને સદીઓથી માંડી અત્યાર સુધી આ નિયમ ચાલતો આવ્યો છે અને એનું સમર્થન જાણીતા અરબ પ્રવાસી ઈબ્ને બતુતાની આ નોંધ પરથી પણ મળી આવે છે. તેઓ લખે છે કે :–

અને કઅબહ્ મુઅઝ્ઝમાનો દરવાજો જે હજરે અસ્વદ અને રૂકને ઈરાકી તરફ છે, એ બાબરકત દરવાજો દરેક જુમ્આના દિવસે અને યવમે મીલાદુન્નબી (૧૨ મી રબીઉલ અવ્વલ)ના દિવસે ખોલી નાખવામાં આવે છે. *(રહબહ્ ઈબ્ને બતુતા અલમેહઝુબ, જિ. ૧, પેજ–૧૦૫)*

એ જ રીતે નોંધ ૨૪ માં વધુ વિગતે મક્કાવાસીઓ વિશે લખે છે કે; મક્કા શરીફના કાઝી ઈમામ નજમુદ્દીન મુહમ્મદ અલ્ તિબ્રી યવમે મીલાદુન્નબી ﷺ (૧૨ મી રબીઉલ અવ્વલ)ના માંગલિક પ્રસંગે મોટી દા'વત (મેઝબાની) રાખે છે જેમાં મક્કા શરીફના શરીફથી માંડી ગરીબ–ગુરબા, ફકીર–ફુકરા સુધી દરેક જણ મોટા પ્રમાણમાં ભાગ લે છે. આ મુકદ્દસ પ્રસંગ ખૂબ શાનો શૌકતથી મનાવવામાં આવે છે.

આ વાત પણ સ્પષ્ટ કરવા જેવી છે કે પ્રવાસી ઈબ્ને બતુતાએ એ પહેલાંના સાતસો વરસ પૂર્વેના પ્રસંગોનું વર્ણન કર્યું છે.

ઈમામ કુતબુદ્દીન અલ હનફી رحمۃ اللہ علیہ હિજરી સન ૯૮૮ મૌલૂદુન્નબી ﷺ (જન્મ સ્થળ)ના હવાલાથી લખે છે કે, નબીપાકની પેદાઈશગાહ (મૌલૂદુન્નબી ﷺ) મુબારક પર દૂઆ કબૂલ થાય છે, આ જગ્યા ખૂબ જ જાણીતી છે, અહીં મસ્જિદ પણ છે. નમાઝ બાજમાઅતનો બંદોબસ્ત પણ છે. સોમવારની રાત્રી (રવિ અને સોમ દરમ્યાનની રાત) એ મીલાદ શરીફની મેહફિલ પણ થાય છે. લોકો મોટા પ્રમાણમાં હાજરી આપે છે.

દર વર્ષે ૧૨ મી રબીઉલ અવ્વલના દિવસે આ જગ્યા ઝાએરીનો (મુલાકાતીઓ) માટે ખુલ્લી રાખવામાં આવે છે. આ રાત્રીના હરમ શરીફમાં ઈજતેમાઅ થાય છે તમામ ઈલાકાઓમાંથી ઓલમાએ કેરામ (કેળવણીકારો) ફુકહાએ કિરામ (ઈસ્લામી ધર્મશાસ્ત્રીઓ) ગવર્નરે મક્કા ઉપરાંત હનફી, શાફઈ, માલિકી, હંબલી મસ્લકના કાઝી સાહેબો, મશાઈખ (ધર્મગુરૂઓ, પીર સાહેબો) પોતાના આપ્તજનો સાથે ઝંડીઓ લઈ હરમ શરીફમાં હાજરી આપે છે) અને રાત્રીની નમાઝ પછી મસ્જિદે હરામથી જુલૂસ આકારે શવકુલ લૈલ્ તરફ જ્યાં મૌલૂદુન્નબી ﷺ છે ત્યાં ઝિયારતે (મુલાકાતે) જાય છે. ત્યારે તેમના હાથોમાં મશાલ, મીણબત્તી, ફાનસ હોય છે. આ દશ્ય મશાલની હારમાળા જેવું દેખાય છે. ત્યાં પહોંચ્યા બાદ એક આલિમ ત્યાં તકરીર (પ્રવચન) કરે છે, દુઆ માંગે છે. *(તારીખ અલ્ કુતબી ફી તારીખે મક્કતુલ મુશર્રફ, કિતાબ અલ્ એઅલામ બ એઅલામ બૈતુલ્લાહિલ હરામ, પેજ–૩૫૫, ૩૫૬)*

એ જ રીતે ઈમામ મુહમ્મદ જારલ્લાહ ઈબ્ને ઝહીરહ્ અલ્ મખજવમી મૌલૂદુન્નબી ﷺના અનુસંધાનમાં મક્કા શરીફવાસીઓની પરંપરાનું વર્ણન કરતાં લખે છે કે :–

દર વર્ષે મક્કા મુઅઝ્ઝમામાં ૧૨ મી રબીઉલ અવ્વલની રાત્રીની મક્કા શરીફવાસીઓમાં આ

રિવાયત (પ્રણાલિકા) ચાલતી આવી છે કે મક્કા શરીફના કાઝી જે શાફઈ મસ્લકના છે તેઓ લોકોના એક મોટા સમુહ સાથે મૌલૂદુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم (જન્મ સ્થળે) ઝિયારત માટે જાય છે. એમાં ચારેવ મસ્લકના ફુકહા (કાયદાશાસ્ત્રીઓ) સહીત મક્કાવાસીઓ હાથમાં ફાનસો અને મોટી મીણબત્તીઓ, મશાલો લઈને જુલૂસ આકારે ચાલે છે પછી ત્યાં પહોંચ્યા બાદ મીલાદુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم વિષય પર તકરીર (પ્રવચન) થાય છે. *(અલ્ જામેઉલ લતીફ, પેજ–૨૦૧, ૨૦૨)*

શૈખ મુહમ્મદ રઝા મિસરીએ પણ મક્કાવાસીઓના આ નેક કામનો નિર્દેશ આપ્યો છે. તેઓ કહે છે કે; યવમે મીલાદના રોજ જન્મ સ્થળ મુબારક પર હાજરી આપવાનો રિવાજ આજ સુધી પાળવામાં આવ્યો છે. તેમણે ઉપર જણાવેલ તારીખ, દિવસ અને સ્થળ વિશે પણ એ જ રીતે વર્ણન કર્યુ છે.

રમઝાનુલ મુબારક હિજરી ૧૪૧૪ ઈસ્વી સન ફેબ્રુઆરી–૧૯૯૪ના મૌલૂદુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم બે માળાવાળી ઈમારતની બાંધણીનું ક્ષેત્રફળ આગળના ભાગમાં ૩૮'–૫" પહોળુ, પાછળના ભાગમાં ૩૯'–૦૦ પહોળુ અને લંબાઈ ૬૯'–૦૦ માપવામાં આવી છે.

આ સમયમાં લાયબ્રેરી સંચાલક (અમીનુલ મકતબહ) શૈખ અબ્દુલ માલિક અલ્ તરાબુલસી હતા તેમના કહેવા મુજબ લાયબ્રેરીમાં મુલાકાતીઓવાળો ઓરડો (**Sitting Room**) એ જ મૌલૂદુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم (વિલાદતગાહ, જન્મસ્થળ) છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

આજની તારીખે મોહર્રમુલ હરામ ૧૪૨૫ મુતાબિક ઈસ્વી સન માર્ચ–૨૦૦૪ માં એ મુકદ્દસ જગ્યાની મુલાકાત લેતાં જોઈ શકાય છે કે એ મકાનની આગળમાં એક દિવાલ બનાવી લેવામાં આવી છે. છતાંય ઝાએરીનો (મુલાકાતીઓ) પાછળ ના ભાગ તરફથી આવી એ મુકદ્દસ જગ્યાએ મકાનની બહાર ઓટલા પર કે નજીકમાં નવાફિલ નમાઝ પઢી પોતાની અકીદત અને મહોબ્બતના ફૂલ વરસાવી મનની મુરાદો માટે દુઆઓ માંગે છે અને તે પણ છૂટા છવાયા એકલ દોકલ લોકો જ ! કારણ કે નજદી સરકારના ચમચાઓ ઝાએરીનો (મુલાકાતીઓ)ને ત્યાં સુધી પહોંચવા દેતા નથી. હા ! નજદી સરકારના મેહમાનો અથવા લાગવગવાળાઓને આ મુકદ્દસ જગ્યાએ જતાં કોઈ રોકતું નથી.

ઉપર જણાવ્યા પ્રમાણે દીને ઈસ્લામનો ઈતિહાસ અને ભૂતકાળ જોતાં એ વાતનું સમર્થન મળે છે કે, રબીઉલ અવ્વલ મહિનામાં મીલાદુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم અર્થાત નબીપાક صلی اللہ تعالیٰ علیہ وسلم નો જન્મ મુબારક દિવસ મનાવવો એ દિવસોમાં રોશની કરવી, ઈબાદતગાહોમાં જઈ ઈબાદત કરવી, અય્યામુલ્લાહની યાદ તાજી કરવી, ઝિક્રે રસૂલની મેહફિલો રાખવી, રઝાએ ઈલાહી માટે નેક કામો કરવાં, રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બત અને ઈમાન તાજુ કરવા માટેની રોશન દલીલ છે.

**विलादते शहे दीं صلی اللہ تعالیٰ علیہ وسلم हर खुशी की बाईस है**
**हज़ारों ईद से भारी है बारहवीं तारीख**

*(હઝરત હસન રઝાખાન رحمۃ اللہ علیہ)*

**ફૂટનોટ** : આ વેળા જગત ભરના મુસલમાનોએ (નજદીઓ અને દેવબંદીઓ, વહાબીઓ સિવાયના) નજદી ગવર્નમેન્ટ પર આ અમાનુષી કૃત્યનો વિરોધ કરી ફિટકાર વરસાવ્યો હતો. દારુલ ઉલૂમ શાહે આલમ અમદાવાદ અને "તયબાહ" માસિકના આદ્ય સ્થાપક મર્હૂમ હાજી સુલેમાન ઈબ્રાહીમ સાહેબ તે વેળા "નિઝામ" પખવાડિક ગુજરાતીનું સંપાદન કરતા હતા, તે પખવાડિકમાં આ વિશેની પળેપળની ખબરો વાંચવા મળી છે. *–જિગર નબીપુરી*

# હિકમતે નમાઝ

## حکمت نماز

હપ્તો ૦૧

અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી–મુંબઈ *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

الحمد للّٰه رب العالمين، والعاقبة للمتقين، والصلوٰة والسّلام على سيد الانبياء والمرسلين وعلىٰ اٰلهٖ واصحابه الطيبين الطاهرين اما بعد

فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْم بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم

اَقِمِ الصَّلٰوةَ لِذِكْرِی (سوره طٰهٰ آيت١٤) صدق الله العظيم

કાબિલે કદર ઉલ્માએ ઝવીલ એહતેરામ વ હાઝેરીને સુન્ની ઈજતેમા ! અસ્સલામુ અલૈકુમ વરહ્‌મતુલ્લાહિ વ બરકાતુહૂ.

મેરે પ્યારે આકા صلی اللہ تعالیٰ علیہ وسلم કે પ્યારે દીવાનો ! જિસ આયતે કરીમા કી તિલાવત કા મૈંને શર્ફ હાસિલ કિયા ઉસકે મુતાલ્લિક કુછ મા'રુઝાત પેશ કરનેસે પહલે આઈએ હમ ઔર આપ મિલકર અપને ઔર સારી કાઈનાત કે મર્કઝે અકીદત હુઝૂર રહમતે આલમ નૂરે મુજસ્સમ ફખ્રે દો આદમ વ બની આદમ صلی اللہ تعالیٰ علیہ وسلم કી બારગાહે બે કસ પનાહમેં જિસ તરીકેસે મેં પળ્હાઉં ઉસી તરીકે સે બઆવાઝે બુલંદ દુરૂદો સલામકા નઝરાના પેશ કરે.

الصلوٰة والسلام عليک يا رسول الله الصلوٰة والسلام عليک يا حبيب الله

الصلوٰة والسلام عليک يا نبی الله الصلوٰة والسلام عليک يا نور الله

وعلى آلک واصحابک يا حبيب الله صلى الله تعالىٰ عليک وسلم

મેરે પ્યારે આકા صلی اللہ تعالیٰ علیہ وسلم કે પ્યારે દીવાનો ! જિસ આયતે કરીમા કી તિલાવતકા મૈંને શર્ફ હાસિલ કિયા હે ઉસકે સિલસિલામેં રબ્બે કદીર મુઝે હક્ક કહને ઔર આપ સબકો હક્ક સુનનેકી તૌફીક અતા ફર્માએ. પરવર દિગાર જલ્લ જલાલુહૂ કુર્આને મુકદસ મેં ઈર્શાદ ફર્માતા હે : اَقِمِ الصَّلٰوةَ لِذِكْرِی "મેરી યાદ કે લિએ નમાઝ કાઈમ રખ." –*(કન્ઝુલ ઈમાન)*

રબ્બે કદીર યૂંહી ફર્મા દેતા કે નમાઝ કાઈમ કરો, લેકિન ! યહ તાકીદ ફર્માઈ : اَقِمِ الصَّلٰوةَ لِذِكْرِی નમાઝ કાઈમ કરો મેરી યાદ કે લિએ. કભી આપને ઉસકે બારેમેં સોચનેકી કોશિશ કી ?

યૂં હી ચારો મસ્લક કે અંદર, ચારો ઈમામ કે નઝદીક આપ દેખેં કે નમાઝ કા આગાઝ હોતા હૈ કયામસે. અય મેરે પરવરદિગાર ! તૂ વુઝૂકા તરીકા તો બતા રહા હૈ :–

يـــا ايهـا الـذين آمنو اذا قمتم الى الصلوٰة فا غسلوا وجوهكم وايديكم الى الـمـرافـق، وامســحـوا برؤسكم وارجلكم الى الكعبين *(અલમાઈદા, ૬)*

**તર્જુમા** : અય ઈમાનવાલો ! જબ નમાઝ કો ખળે હોના ચાહો તો અપને મુંહ ધોઓ ઔર કોહનિયોં તક હાથ ઔર સરોં કા મસહ કરો ઔર ઘટ્ટોં તક પાઉં ધોઓ. –*(કન્ઝુલ ઈમાન)*

લેકિન ! નમાઝ કે સિલસિલેમેં તો ફર્મા રહા હે : "નમાઝ કાઈમ કરો મેરી યાદ કે લિએ !" અય મેરે પરવરદિગાર હમેં વો તરીકાએ નમાઝ ભી તો બતા દે ! પૂરા કુર્આન જિસકે અંદર સારી ચીઝોં કા ઝિક્ર મિલતા હૈ. કહીં ચ્યૂંટિયોં કા ઝિક્ર મિલ રહા હૈ, કહીં નમાઝ કા હુકમ મિલ રહા હૈ. મગર મા'બૂદ નમાઝ કા હુકમ તો મિલ રહા હૈ, તરીકએ નમાઝ નહીં મિલતા ! તો મૌલા તઆલા ઈર્શાદ ફર્માતા હૈ :–

ومـآ تـاكـم الـرسول فخذوه ومانهكم عنه فانتهوا

**તર્જુમા** : ઔર જો કુછ તુમ્હેં રસૂલ અતા ફર્માએં વો લો ઔર જિસસે મના ફર્માએં બાઝ રહો. –*(કન્ઝુલ ઈમાન)*

જો રસૂલ દેં ઉસે લે લો. યા'ની નમાઝ કા હુકમ મૈં ને દિયા અબ અગર મૈં નમાઝ કી તફસીર ભી બતા દેતા તો મહબૂબ કે દર પર તુમ કૈસે જાતે ? નમાઝ કાઈમ કરનેકા ઉસૂલ ઉનસે કૈસે હાસિલ કરતે ? ઈસ લિએ મૈં ને નમાઝકા હુકમ દેકર મહબૂબકા દરબાર બતા દિયા કે સજદા વહી કબૂલ હોગા જો અદાએ મુસ્તફા કે સાથ હો.

અબ આપ દેખેં, નમાઝ કા આગાઝ હોતા હૈ કયામ સે. જબ મૈં ને ઈસ અંદાઝ કે બારેમેં બૈઠે બૈઠે ગૌર કિયા કે નમાઝ કા આગાઝ સજદેસે કયૂં નહીં હો રહા હૈ ? રુકૂઅ સે કયૂં નહીં હો રહા હૈ ? નમાઝ કા આગાઝ કયામસે ક્યૂં હો રહા હૈ ?

તો યહ બાત સહીહ હૈ ! ઉલ્મા કી મૌજૂદગીમેં પરવરદિગાર કી તરફસે ઈલ્મ કી બરકતેં મિલ જાતી હૈં. બાત આલિમ કી આઈ હૈ તો અર્ઝ કરું. આપ દેખેં, ફર્માયા ગયા : આલિમ કે લિએ સમંદર કી મછલિયાં દુઆએં કરતી હૈં. મૈં ને સોચા કે આખિર સરકારને સમંદર કી મછલિયોંસે ક્યૂં તશ્બીહ (સરખામણી) ફર્માઈ કે આલિમ કે લિએ સમંદર કી મછલિયાં દુઆ કરતી હૈં ? તો સુનોં ! મછલિયાં બગૈર પાની કે જી નહીં સકતી ઔર પાની અગર બરસતા હૈ તો આલિમ કી બરકતસે બરસતા હૈ. (સુબ્હાનલ્લાહ !)

મેરે પ્યારે આકા ﷺ કે પ્યારા દીવાનો ! નમાઝ કા આગાઝ કયામસે હોતા હૈ, ખ્વાહ ઈમામે આ'ઝમ હોં, ઈમામ માલિક હોં, ઈમામ શાફઈ હોં, યા ઈમામ અહમદ અહમદ ઈબ્ને હંબલ હોં. ઉન મેં સે કોઈ ભી ઈમામ હોં, સબકે નઝદીક નમાઝ કા આગાઝ કયામ હી સે હોતા હૈ, ક્યૂં ?!

તો મૈં ઈસ નતીજા પર પહોંચા કે કુર્આન મુકદ્દસમેં હુઝૂર ﷺ કે અસ્માએ ગિરામીકા જો ઝિક્ર હૈં ઉસમેં રસૂલે આ'ઝમ ﷺ કા નામ આસમાન પર અહમદ, ઝમીન પર મુહમ્મદ હૈ. કુર્આને મુકદ્દસમેં હઝરત ઈસા عليه السلام કા કૌલ બઈ તૌર મૌજૂદ " *–(અસ્સફ–૬)*

**و مُبشراۢ برسولٍ یاتی من بعدی اسمه احمد**

**તર્જુમા** : ઔર ઉસ રસૂલ કી બશારત સુનાતા હુવા જો મેરે બાદ તશરીફ લાએંગે ઉનકા નામ અહમદ હૈ. *–(કન્ઝુલ ઈમાન)*

ફિર પરવરદિગારને મહબૂબ કો અર્શ પર બુલાકર નમાઝ અતા ફર્માઈ, ઝમીન પર નહીં દી ગઈ. ઔર અર્શ પર આસમાની દુન્યા પર મેરે મુસ્તફા ﷺ કા નામ **અહમદ** હૈ. અબ **અહમદ** કો દેખો તો ઈસ નામકા આગાઝ અલિફ (ا) સે હો રહા હૈ ઔર **અલિફ** ખળી હૈ તો નમાઝ કા આગાઝ ભી ખળે હોકર યા'ની કયામસે હો રહા હૈ.

મેરે પ્યારે આકા ﷺ કે પ્યારે દીવાનો ! દુન્યા કા હર ઈન્સાન બુલંદી ચાહતા હૈ, દુન્યાકા હર ઈન્સાન તરક્કી ચાહતા હૈ, દુન્યા કા હર ઈન્સાન બળેસે કરીબ હોના ચાહતા હૈ, જો બળા હો ઉસસે કરીબ હો જાઓ કામ બન જાઓગે. અગર કિસી માલદારસે કરીબ હોંગે તો બચ્ચી કી શાદી હો જાએગી, કિસી માલદારસે કરીબ હોંગે તો નોકરી મિલ જાએગી, કિસી માલદારસે કરીબ હોંગે તો મકાન મિલ જાએ.

અલ્લાહુ અકબર ! દુન્યા કા ઈન્સાન માલદારસે કરીબ હોને કી કોશિશ કરતા હૈ. લેકિન ! મેરે મુસ્તફા ﷺ અલ્લાહ સે કરીબ કરને કે લિએ ઝમીન પર જલ્વાગર હૂએ. ઔર અલ્લાહ સે કરીબ હોને કે લિએ સબસે બળા અમલ કુર્આનો હદીષ કી રોશનીમેં દેખા જાએ તો સજદા હી નઝર આતા હૈ. ઈસ લિએ કે સરકારે દો આલમ ﷺ ને ફર્માયા : "**من تواضع لله فقد رفعه الله**" જો અલ્લાહ કે લિએ તવાઝોઅ (આજીઝી) કરે અલ્લાહ ઉસે બુલંદી અતા કરતા હૈ." અબ ઝહનમેં સવાલ પૈદા હોતા હૈ, મૌલા ! કયામ કે સબબ સે કુર્બે ખુદાવંદી નહીં મિલતી ? રુકૂઅ કે સબબ સે કુર્બે ખુદાવંદી કી દૌલત નહીં ? આખિર સજદે કે અંદર વો કૌનસી ખુસૂસિયત હૈ કે બંદા સજદા મેં જાએ તો મૌલાસે કરીબ હો જાએ ? તો મેરે સરકાર કા ફર્માન મિલતા હૈ : **من تواضع لله فقد رفعه الله** બંદેકી આજિઝી કા ઈઝહાર અગર સબસે ઝયાદા કિસી અમલ કે અંદર હોતા હૈ તો વો સજદા હી કે અંદર હોતા હૈ કે પૂરા વજૂદ મિટ્ટી પે ઝુકાકર કહ રહા હૈ :–**سبحان ربی الاعلی**

**તર્જુમા :** "પાકી હૈ તેરે લિએ કે મરે પરવરદિગાર ! તૂ સબસે બળા હૈ, સબસે બુલલંદ હૈ."

આપ નમાઝ કી હિકમતોં કો મુખતલિફ અંદાઝસે સમઝેં મૈં નમાઝ કો આજ એક અલગ અંદાઝસે પેશ કરના ચાહતા હૂં. ઈસ તરીકે સે પેશ કરના ચાહતા હૂં કે આપ યહાં સે અઝમ (પાકો નિશ્ચય) કર કે ઉઠેં કે નમાઝ પાબંદી સે પળ્હેંગે. ક્યૂં કે યહ નમાઝ હમેં કુર્બે ખુદા કી દૌલત ભી અતા કર દેગી ઔર દિલોં પે લગે હૂએ ઝંગકો ભી મિટા દેગી. ખુદા કી કસમ ! એક ગિરે હૂએ બચ્ચે કો સુધારને કે લિએ ન જાને વાલિદૈન કિત્ને જતન કરતે હૈં, લેકિન મૌલા ! તેરી અઝમતોં પર કુર્બાન ! કે તૂને બેશુમાર બુરાઈયોં કા ઈલાજ તો નમાઝ કે અંદર રખ દિયા હૈ. ઝરા સોચો, જાઈઝા લો. મૈં નમાઝ કો મહબૂબે ખુદા ﷺ કી અદા કે તૌર પર ભી પેશ કરુંગા ઔર જિસ કે સીને મેં મેરે મુસ્તફા જાને રહમત ﷺ કી મહબ્બત પૈદા હોગી, વો આજકે બાદ કભી નમાઝ કો કઝા નહીં કરેગા.

સુનોં ! નમાઝ કયા હૈ ? નમાઝ કી હિકમત કો સમઝો. રબને ફર્માયા : اَقِمِ الصَّلٰوةَ لِذِكْرِى "નમાઝ કાઈમ કરો મેરી યાદ કે લિએ." બંદા રાત કો બહુત શોર જમલોં કે બાદ જબ સોતા હૈ તો સુબ્હ કી પોઝીશન આપ જાનતે હૈં, નીંદ ઉસે નમાઝ કે લિએ ઉઠને નહીં દેતી. કે અચાનક રબ્બે કદીર કી તરફસે એક મુનાદી આવાઝ દેતા હૈ, **"હય્ય અલસ્સલાત, હય્ય અલલફલાહ"** ઔર સુબ્હ કે બારેમેં એક ખાસ જુમ્લા હૈ, **"અસ્સલાતુ ખૈરુમ્મિનન્નૌમ"** કુર્બાન જાઓ ઈસ જુમ્લે પર ! ચાર નમાઝોં કે અંદર યહ જુમ્લા નહીં, લેકિન ફજરકી નમાઝ કે અંદર યહ એલાન હો રહા હૈ. મસ્જિદ સે મોઅ્ઝિઝન કહ રહા હૈ : **"અસ્સલાતુ ખૈરુમ્મિનન્નૌમ"** "નમાઝ નીંદ સે બેહતર હૈ." ઈસ લિએ કે સુબ્હ સાદિક કે બાદ તુલૂઅ આફતાબ સે પહલે પરવરદિગાર કી જાનિબસે ફરિશ્તા રિઝ્ક લેકર તેરે ઘર કે દરવાઝે પર પહોંચ જાતા હૈ. અગર તૂ સોયા રહા, અગર તૂ ગાફિલ રહા તો તુઝે કૈસે મિલેગા ?! સુબ્હ જબ હોગી ઔર સૂરજ આબોતાબ કે સાથ બાહર નિકલેગા, ઉસ વક્ત તૂ નમાઝ પળ્હકર બાહર નિકલતા હૈ તો સુન લે, ઈસ્લામકા ઝંડા તેરે હાથોં મેં હોગા ઔર અગર તૂ ફજર કી નમાઝ કઝા કર કે અપને ઘરસે નિકલા તો શૈતાનકા ઝંડા લેકર નિકલા !

દેખીએ ! સુબ્હ કી પોઝીશન બળી અચ્છી હોતી હૈ. કોઈ ભી દુકાન, કોઈ ભી સ્કૂલ, દુનિયા કા કોઈ ભી નિઝામ હો ઉન સારે નિઝામોં કે સિલસિલે મેં દેખેં તો આપ કે સિવાએ ઈન્સાની જાનોં કે ઔર દુન્યા કમાને કે જહાં તક મામલાત હૈં કોઈ ભી ચીઝ તુલૂઅ આફતાબસે પહલે ખુલતી નઝર નહીં આતી, સારે મામલે તુલૂઅ આફતાબ કે બાદ નઝર આતે હૈં. ઈસ લિએ જબ બંદા સુબ્હ બેદાર હોને કે બાદ કારોબાર કે લિએ પહોંચને સે પહલે, મુલાઝેમત પર જાનેસે પેહલે, દુકાન ખોલનેસે પહલે વુઝૂ કરતા હૈ ઔર અલ્લાહ કી બારગાહમેં ઝબીંને નિયાઝ ઝુકા કર અલ્લાહ કી યાદ કર લેતા હૈ, ફિર ઉસકે બાદ જબ વો નિકલતા હૈ તો મૌલા કી રહમત કો જોશ આતા હૈ, અય મેરે બંદે ! જબ તૂ સુબ્હ ઉઠકર અપની દુકાન કી તરફ નહીં બળ્હા, કારોબાર કી તરફ નહીં બળ્હા બલ્કે રિઝ્ક દેનેવાલે રઝ્ઝાક કો યાદ કર રહા હૈ, તો મેરે બંદે ! મૈં તુઝે કૈસે ભૂલું ? તૂને મુઝે યાદ કિયા, અબ સુન લે ! **فَاذْكُرُوْنِىْٓ اَذْكُرْكُمْ** *(સૂ. બકરહ્, આ. ૧૫૨)*

**તર્જુમા** : તુમ મેરી યાદ કરો, મૈં તુમ્હારા ચર્ચા કરુંગા. *–(કન્ઝુલ ઈમાન)*

બંદે તૂને મુઝે યાદ કિયા, મૈંને રિઝ્ઝક કે ફરિશ્તે કો કહ દિયા કે ઉસકે લિએ રિઝ્ક કા દરવાઝા ખોલ દો. અબ તૂ નિકલ અગર એક ભી મિલેગા તો ઉસ રિઝ્કે હલાલ કે અંદર બેશુમાર બરકતેં હોંગી. *(ક્રમશઃ)*

# ગુનાહોનો ઈલાજ

હપ્તો : ૦૧

લેખક : હકીમ મુહમ્મદ અસ્લમ શાહિન કાદરી
અનુવાદક : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ દયાદરવી

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

*(પ્રથમ વિભાગ)*

## ★ આપણી અસલ બીમારી અને તેનો ઈલાજ ★

આપણી અસલ બીમારી ગુનાહ છે અને ગુનાહોને છોડવા તથા તેનાથી તૌબા કરવી એ તેનો ઈલાજ છે. આ કિતાબ લખવાનો મકસદ એ છે કે આપણે આપણી રૂહાની બીમારીઓને સમજીએ પછી તેને દૂર કરીએ જેથી રૂહાની અને ઈમાની સલામતી મળી જાય. આવો ! આપણે સૌ મળી પોતાનું નિરીક્ષણ કરીએ અને પોતાના ભીતરની તપાસ કરીએ કે તેમાં કયા કયા ગુનાહોએ માળો બાંધેલો છે, અને કઈ કઈ બુરી વાતો આપણામાં છુપાયેલી છીએ જેના કારણે આપણે અલ્લાહની રઝા અને તેની રહમતથી દૂર રહી ગયા છીએ. જેથી, જરૂરી છે કે આપણી ખરાબ આદતો દૂર થાય અને તેના બદલામાં સારી આદતો પૈદા થાય, આપણે ગુનાહોથી તૌબા કરીએ અને અલ્લાહને રાજી કરનારાં કામોમાં લાગી જઈએ જેથી દુનિયા અને આખિરત બંનેમાં કામ્યાબી હાંસલ થાય.

જે રીતે આ એક ફિતરતી કાનૂન છે કે ઝહેર ખાવાથી ઈન્સાનનું શરીર મુર્દા થઈ જાય છે એ જ રીતે આ પણ ફિતરતનો કાનૂન છે કે ગુનાહ કરવાથી માણસની રૂહાનિયત ખતમ થઈ જાય છે. અને જે રીતે તબિયતની હિફાઝત ન કરવાથી માણસ બીમાર થઈ જાય છે એ જ રીતે નફસને પાક ન રાખવાના કારણે માણસ ગુનાહોનો મરીઝ (બીમાર) બની જાય છે જેનો ઈલાજ કરવો માત્ર ખૂબ જ જરૂરી જ નહીં પણ દીનના ફર્ઝોમાં સામેલ છે.

## ★ ગુસ્સો અને તેની તબાહકારી ★

પોતાના જઝબાની સખ્તી (લાગણીના આવેશ)ને જાહેર કરવાનું નામ ગુસ્સો છે. ગુસ્સો એ કાબૂ બહારની વસ્તુ છે અને દરેક ઈન્સાનમાં કુદરતી રીતે મૌજૂદ હોય છે. લોકોમાં જે એવું મશ્હૂર છે કે "ગુસ્સો હરામ છે" આ વાત બિલ્કુલ ખોટી છે. અમુક સમયે ગુસ્સો જરૂરી પણ છે દા.ત. જેહાદ કરતા સમયે ગુસ્સો નહીં આવે તો અલ્લાહના દુશ્મનોથી કઈ રીતે લડાઈ કરશો ?!

ટૂંકમાં એ કે મોકા વિના અને વાત વાત પર ગુસ્સો આવવો એ ખૂબ જ ખતરનાક છે. ઘણીવાર માણસ ગુસ્સામાં આવી દુનિયાનાં ઘણા ખરાં બનેલાં કામો બગાડી નાખે છે. અને અમુક સમયે ગુસ્સાની હાલતમાં ખુદાની નાશુકરી અને કુફ્રની વાતો સુધી બકવા માંડે છે અને પોતાના ઈમાનની દૌલતને ગારત તથા બરબાદ કરી નાખે છે. ઘણીવાર દંગો ફસાદ, બે ભાઈઓ વચ્ચે દુશ્મની, પતિ પત્નીમાં તલાક, અંદરો અંદર દુશ્મની અને કતલ તથા ખૂનામરકીનું કારણ ગુસ્સો જ હોય છે. જ્યારે કોઈના પર ગુસ્સો આવે અને માર ધાડ તથા તોડ ફોડ કરવાનો ઈરાદો થાય તો પોતે પોતાને એ રીતે સમજાવો કે જે રીતે મને બીજા લોકો પર કુદરત હાંસલ છે એથી ઘણીયે વધુ કુદરત મારા પર અલ્લાહ તઆલાની છે, જો ગુસ્સામાં કોઈના દિલને

ઠેસ પહોંચાડી, અને કોઈનો હક્ક માર્યો તો કયામતના દિવસે અલ્લાહના ગઝબથી કઈ રીતે બચી શકીશ ?!

"તમ્બીહુલ ગાફિલીન"માં છે કે હઝરત સૈયેદેના વહબ ઈબ્ને મુનબ્બા رحمۃ اللہ علیہ ફરમાવે છે કે બની ઈસ્રાઈલમાં એક બુઝુર્ગ હતા. એકવાર તેઓ કોઈ જગ્યાએ તશરીફ લઈ ગયા, રસ્તામાં એક વખતે અચાનક પત્થરની એક ચટ્ટાન ઉપરથી તેમના માથા તરફ આવવા લાગી તો તેમણે અલ્લાહનું ઝિક્ર શરૂ કરી દીધું તો તે દૂર થઈ ગઈ. પછી ખૌફનાક સિંહ, ફાડી નાંખવાવાળાં જાનવરો જાહેર થવાં લાગ્યાં પણ તે બુઝુર્ગ ગભરાયા નહીં અને અલ્લાહ તઆલાના ઝિક્રમાં લાગેલા રહ્યા, જ્યારે તેઓ નમાઝમાં મશગૂલ થયા તો એક સાપ તેમના પગોએ વિંટળાઈ ગયો પછી આખા બદન પર ફરતો ફરતો માથા સુધી પહોંચી ગયો. જ્યારે તે સજદાનો ઈરાદો ફર્માવતા તો તે સાપ તેમના મોઢે વિંટાઈ જતો, જ્યારે તેઓ સજદા માટે માથું ઝુકાવતા તો તે કોળીયો બનાવવા માટે તૈયાર રહેતો, પરંતુ તે બુઝુર્ગ તેને હટાવી સજદો કરવામાં કામ્યાબ થઈ જતા. જ્યારે નમાઝથી ફારિગ થયા તો શૈતાન જાહેર થઈ સામે આવી ગયો અને કહેવા લાગ્યો કે આપની સાથે આ બધાં કૃત્યો મેં જ કર્યાં છે ! આપ ઘણા હિમ્મતવાળા છો અને હું તમારાથી ઘણો જ પ્રભાવિત થયો છું માટે મેં નક્કી કરી લીધું છે કે હું તમને કદી નહીં બેહકાવું, મેહરબાની કરી આપ મારી સાથે દોસ્તી ફર્માવી લો ! તે ઈસ્રાઈલી બુઝુર્ગે શૈતાનના આ હુમલાને પણ નિષ્ફળ બનાવતાં ફર્માવ્યું કે હરગિઝ હું તારી સાથે દોસ્તી નહીં કરું ! પછી શૈતાને કહ્યું, સારું ચાલો ! તમારા એહલો અયાલ (બાલ બચ્ચાં)ની હાલત મને પૂછી લો કે તમારા પછી તેમના પર કેવી ગુઝરશે ? તો તેમણે ફર્માવ્યું કે મને તારાથી પૂછવાની જરૂર નથી ! પછી શૈતાને કહ્યું કે, ચાલો ! એ તો પૂછી લો કે હું લોકોને કઈ રીતે બેહકાવું છું ? તો તે બુઝુર્ગે ફર્માવ્યું કે ચાલ ! એ વસ્તુ બતાવી દે. (કે લોકોને કઈ રીતે બેહકાવે છે ?) તો શૈતાને કહ્યું કે (મારી પાસે) ત્રણ જાળો છે : **(૧) બખીલી (૨) ગુસ્સો (૩) નશો.** પછી પોતાના ત્રણેય હથિયારોની સ્પષ્ટતા કરતાં તે બોલ્યો કે જ્યારે કોઈના પર બખીલીની જાળ ફેકું છું તો તે માલ (દૌલત)ની જાળમાં ફસાઈને રહી જાય છે, તેનું દિમાગ એ રીતે બનાવું છું કે જો ! તારી પાસે માલ થોડોક જ છે માટે તું ખૂબ દિલ લગાવી મહેનત કર, પૈસા થશે તો કામ લાગશે. ધીરે ધીરે તે હલાલ તથા હરામની તમીઝ (ફરક) ભૂલી જાય છે, ત્યાં સુધી કે જરૂરી વસ્તુઓમાં પણ પૈસા ખર્ચ કરવાનું છોડી દે છે અને બીજા લોકોના માલ તરફ તે (માણસ) ખેંચાવા લાગે છે. અને આ રીતે માલની જાળમાં ફસાઈ તે નેકીઓથી દૂર થઈ ગુનાહોની ચુંગાલમાં ફસાઈ જાય છે. (પછી કહ્યું કે) જ્યારે કોઈના પર ગુસ્સાની જાળ નાખું છું તો જે રીતે બાળકો દડાને ફેંકે છે અને ઉછાળે છે એ જ રીતે તે ગુસ્સાવાળા માણસને શૈતાનોની જમાઅતમાં તે દડાની જેમ ઉછાળું અને ફેંકુ છું. ગુસ્સાવાળો માણસ ઈલ્મ તથા અમલના કેટલાયે ઊંચા દરજ્જા પર હોય અથવા તેની દુઆઓ રદ ન કરવામાં આવતી હોય અને ભલે પોતાની દુઆઓથી મુર્દાઓને જીવંત કરતો હોય પણ હું તેનાથી નિરાશ નથી થતો, મને ઉમ્મીદ હોય છે કે ખરેખર ક્યારેક તો આ ગુસ્સામાં બેકાબૂ થઈ કોઈ એવો શબ્દ બકી કાઢશે જેના કારણે તેની આખિરત તબાહ થઈ જશે. અને રહ્યો "નશો" તો મારી આ જાળનો શિકાર શરાબી (દારૂડીયો) છે. તેને તો હું બકરીની જેમ કાન પકડી જે બુરાઈ તરફ ચાહું છું ખેંચીને લઈ જાઉં છું !

**પ્યારા ભાઈઓ !** આ બુઝુર્ગની વાતમાં શૈતાને એ પણ દર્શાવ્યું કે ગુસ્સાવાળો માણસ શૈતાનના હાથમાં એ રીતે હોય છે જે રીતે બાળકોના હાથમાં દડો હોય છે. માટે ગુસ્સાનો ઈલાજ અને

તેના પર કાબૂ જરૂરી છે કારણ કે ગુસ્સાના કારણે શૈતાન બધા જ અમલો બરબાદ કરાવી શકે છે.

## ★ ગુસ્સાને રોકવાની ફઝીલત ★

હદીષ શરીફમાં છે કે જે માણસ પોતાના ગુસ્સાને રોકી લે છે, કયામતના દિવસે અલ્લાહ તઆલા તેનાથી પોતાનો અઝાબ રોકી લેશે. *(મિશ્કાત શરીફ)*

અબૂ દાઊદની હદીષમાં છે કે જેણે ગુસ્સાને પી લીધો (રોકી લીધો) જ્યારે કે તે ગુસ્સાને કરવાની તાકાત ધરાવતો હતો, તો અલ્લાહ તઆલા કયામતના દિવસે તેને બધી જ મખ્લૂકની સામે બોલાવશે અને તેને અધિકાર આપશે કે જે હૂરને ચાહે લઈ લે.

જામેએ સગીરમાં છે કે જે માણસે ગુસ્સાની તાકાત રાખવા છતાં ગુસ્સાને રોકી લીધો તો અલ્લાહ તઆલા તેના દિલને સુકૂન તથા ઈમાનથી ભરી આપશે. મતલબ કે કોઈના તરફથી કોઈ તકલીફ પહોંચી અને ગુસ્સો આવ્યો અને એ બદલો પણ લઈ શક્તો હતો પણ માત્ર અલ્લાહ તઆલાની રઝાને ખાતર ગુસ્સો પી ગયો અને તે માણસની ભૂલ માફ કરી દીધી તો અલ્લાહ તઆલા તે માણસને દિલી સુકૂન (ચૈન) અતા ફર્માવશે અને તેના દિલને ઈમાની નૂરથી ભરી આપશે. આથી માલૂમ થયું કે અમુક વાર ગુસ્સો આવવો ફાયદાકારક પણ છે જ્યારે કે તેને રોકી લેવું નસીબ થાય. લોકો બયાન કરે છે કે એક માણસની પત્નીએ ખાવામાં મીઠુ વધારે નાખી દીધું તો તેને ગુસ્સો તો ઘણો આવ્યો પણ તે ગુસ્સો પી ગયો અને તેણીની ભૂલ માફ કરી દીધી. તેના મૃત્યુ પછી કોઈ માણસે તેને ખ્વાબમાં જોયો અને તેને પૂછયું કે અલ્લાહ તઆલા એ તારી સાથે કેવો વર્તાવ કર્યો ? તો તેણે જવાબ આપ્યો કે ગુનાહોની અધિક્તાના કારણે અઝાબ થવાનો જ હતો કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે મારી બંદીએ શાકમાં મીઠુ વધારે નાખી દીધું હતું અને તેં તેણીની ભૂલ માફ કરી દીધી. જા ! આજે તેના બદલામાં હું પણ તને માફ કરું છું. (સુબ્હાનલ્લાહ !)

અહયાઉલ ઉલૂમમાં છે કે એક માણસ દુઆ માંગી રહ્યો હતો, હે અલ્લાહ ! મારી પાસે સદકો તથા ખૈરાત કરવા માટે કોઈ માલ નથી પણ માત્ર આટલું જ છે કે જે માણસ મારી બે ઈજ્જતી કરે તેને મેં માફ કરી દીધું. તો અલ્લાહના પ્યારા મહબૂબ ﷺ પર વહી નાઝિલ થઈ કે મારા આ બંદાને મેં બખ્શી દીધો. *(સુબ્હાનલ્લાહ !)*

## ★ ગુસ્સાનો ઈલાજ ★

જ્યારે ગુસ્સો આવે તો આમાંથી કોઈપણ ઈલાજ કરી લે અને જરૂર લાગતાં બધા જ ઈલાજ કરી લે : (૧) **અઊઝુ બિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમ** પઢી લે. (૨) **લાહૈલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ** પઢી લે. (૩) વુઝૂ કરી લે. (૪) ઊભો હોય તો બેસી જાય અને બેઠો હોય તો સૂઈ જાય. (૫) જેના પર ગુસ્સો આવતો હોય તેની સામેથી હટી જાય. (૬) પાણી પી લે. (૭) ચુપ થઈ જાય.

## ★ ગુસ્સાનાં શારીરિક નુકસાનો ★

સાયકોલાજિસ્ટોએ ગુસ્સા વિશે જે તેહકીક કરી છે તેનો ખુલાસો ટૂંકમાં વર્ણવવામાં આવે છે. ગુસ્સો સમાજની તે મોટી બુરાઈઓમાંથી છે જેના કારણે માણસની જાતી અને તામીરી ઉચ્ચતાનો અંત આવે છે માણસ હમેશાં એવા સંજોગોમાં રહે છે કે જેના કારણે તેના અંગો અને અક્કલ ખેંચાતી રહે છે, તેની યાદશક્તિમાં પણ ઘણી મોટી અસર પડે છે, ગુસ્સો ઝહેરનો અસર ધરાવે છે અને લોહીમાં ઝહેરના અંશો પેદા કરે છે જેના કારણે ચહેરાની

રોનક ખતમ થઈ જાય છે, આંખો અને હોઠની તાજગી ચાલી જાય છે, ગુસ્સો પાચન તંત્ર અને અંગોના હલન ચલનને બુરી રીતે નુકસાન પહોંચાડે છે તથા કિરદારમાં નકારાત્મક્તા અને ફસાદી અસરો પેદા કરે છે. સોશ્યલોજીસ્ટોનું કહેવું છે કે પતિ કે પત્ની ગુસ્સાવાળાં હોય તો તેમના ઘરમાં સુકૂન નથી રહેતું તથા તેની અસર બાળકો પર પડે છે જેના કારણે બાળકો આપસમાં પ્યાર મહોબ્બતથી રહેવાના બદલે લડતાં ઝગડતાં રહે છે, પછી ગુસ્સો આખા સમાજમાં અજંપો પૈદા કરી દે છે. *(સુન્નતેં ઔર ઉન્કી બરકતેં)*

ડૈવીક યુનિવર્સિટી અમેરિકાના એક વૈજ્ઞાનિક ડૉ. રેડ ફોર્ડબી વિલીયમ્ઝની દ્રષ્ટિએ ગુસ્સો અને જલન ધરાવનાર માણસો જલ્દી મૃત્યુ પામે છે. તેમના કહેવા અનુસાર ગુસ્સાથી માણસના દિલને તે જ નુકસાન પહોંચે છે જે તંબાકુ ખાવા તથા હાઈ બ્લડ પ્રેશરથી થાય છે. અમેરિકન હાર્ટ એસોશિએશન થકી વૈજ્ઞાનિક નિષ્ણાંતોના સેમીનારમાં તકરીર કરતાં તેમણે બતાવ્યું કે ઘણા લોકો વખત પહેલાં માત્ર ગુસ્સા અને કીનાના કારણે મૃત્યુ પામે છે. ગુસ્સો અને કીનો દિલી દુઃખાવાના ઘણા કારણોમાંથી એક કારણ છે. એ જ રીતે લાલચમાં ભેરવાયેલ બેચેન અને બેસબરા માણસો પણ હદથી વધુ તમન્નાઓ અને આરઝૂઓના હાથે પોતાની જિંદગીના દીવાને હોલવી નાખે છે.

નિષ્ણાંતોએ ગુસ્સાવાળા, બેચૈન અને જરૂરતથી વધુ તમન્નાઓ ધરાવનારા માણસોને "અ" કક્ષામાં અને નરમ સ્વભાવવાળા, સબર તથા શુક્ર કરવાવાળા લોકોને "બ" કક્ષામાં ગણ્યા છે. તેઓ હવે એ ફેંસલા પર પહોંચ્યા છે કે "અ" કક્ષાના માણસો મોટા ભાગે દિલની બીમારીઓમાં સપડાયેલ રહે છે અને તેઓને કોલેસ્ટ્રોલની અધિક્તા, સિગરેટ અને હાઈ બ્લડ પ્રેશરના જેમ જ હાર્ટ એટેકનો ખતરો લાગેલો રહે છે. *(સુન્નતે નબવી અને જદીદ સાઈન્સ)*

## ★ હસદ શું છે ? ★

કોઈને ખાતો પીતો અથવા ફલતો ફુલતો જોઈ દિલ જલવું અને તેની નેઅમતોના ખતમ થવાની તમન્ના કરવી આવી ખરાબ ધારણાનું નામ હસદ છે. હસદ એટલા માટે મોટો ગુનોહ છે કે હસદ કરવાવાળો અલ્લાહ તઆલા પર વાંધો ઉઠાવે છે કે ફલાણાને આ નેઅમત આપવી યોગ્ય નથી ! તેને આવી નેઅમત કેમ મળી (એ તો મને મળવી જોઈએ) ! હસદ કરવા માટે આટલી સમજા પૂરતી છે કે તે પોતે પોતાના હસદની આગમાં સળગતો રહે છે અને તેને ચૈન તથા સુકૂન નથી મળતું. અલ્લાહ તઆલાએ કુર્આને મજીદમાં પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને હુકમ આપ્યો કે આપ હસદ કરવાવાળાના હસદથી પનાહ માંગતા રહેશો.

આપણા પ્યારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, હસદ નેકીઓને એ રીતે ખાઈ જાય છે જે રીતે આગ લાકડીઓને ખાઈ જાય છે. *(અહયાઉલ ઉલૂમ)*

અને આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે હે લોકો ! એક બીજા પર હસદ ન કરો અને એક બીજાથી સંબંધ ન તોડો. (દુનિયવી કારણસર, પણ દીની કારણ દા.ત. વહાબી કે કોઈ બદ્અકીદાવાળાથી સંબંધ તોડો તો સવાબ મળશે.)

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને બિસ્ર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે હસદ કરવાવાળા, ચુગલી કરવાવાળા અને નજૂમી (જ્યોતિષો) આ લોકોથી મને અને આ લોકોને મારાથી કોઈ સંબંધ નથી. *(કન્ઝુલ ઉમ્માલ) (ક્રમશઃ)*

# बज़्मे औलिया
# સૂતેલાઓની વાતો

**કહેનાર** : હઝરત મૌલાના હસન આદમ કોલવનવી (લેંકાસ્ટર, યુ.કે.)

### ★ હિકાયત નં. : ૧ ★

હઝરત ઉસ્માન رضی اللہ عنہ એમની ખિલાફતના સમય દરમ્યાન પોતાના ખજૂરના બગીચામાંથી લાકડાઓનો ઘાંસડો પોતાના માથા પર ઊંચકીને આવી રહ્યા હતા. આપ મુસ્લિમોના અમીર અને હાકેમ પણ હતા અને અલ્લાહ તઆલાએ આપને ધન દોલત પણ વિપુલ પ્રમાણમાં આપી હતી, ૪૦૦ થી વધારે તો આપના ગુલામ હતા, છતાં આવી હાલત જોઈને કોઈએ આપને કહ્યું, અમીરુલ મો'મિનીન ! આપ જાતે આવું કષ્ટ શા માટે વેઠો છો ?! ગુલામો પાસે કેમ કામ લેતા નથી ?! અથવા કોઈને કહો તો તે પણ આપનું કામ હર્ષભેર કરી દેશે. આપે જવાબ આપ્યો : اُرِيْدُ اَنْ اُجَرِّبَ نَفْسِىْ અર્થાત હું મારા નફ્સની પરીક્ષા લઈ રહ્યો છું. એટલે કે મારું આ કામ તો ગમે તે માણસ કરી આપશે પણ હુકૂમત અને સત્તા મળ્યા પછીથી મારો નફ્સ ઘમંડી અને ગર્વી તો બની ગયો નથી, એવી ચકાસણી કરી રહ્યો છું, જેથી દુનિયાનો માન મરતબો એને કોઈ પણ કામ કરવાથી રોકી શકે નહીં.

### ★ હિકાયત નં. : ૨ ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબીઓ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રબાહ અને હઝરત અબૂ કતાદહ્ رضی اللہ عنہما કહે છે કે, જ્યારે બળવાખોરોએ હઝરત ઉસ્માન رضی اللہ عنہ નું મકાન ઘેરી લીધું ત્યારે અમે એમની પાસે હતા. જ્યારે ફસાદીઓનો હલ્લો વધી ગયો ત્યારે આપના ગુલામોએ હથિયારો ધારણ કરી લડી લેવાની તૈયારી કરી, ત્યારે આપે આપના તે ગુલામોને કહ્યું, તમારામાંથી જે હથિયાર મૂકી દેશે અને લડાઈ નહીં કરે તે ગુલામીમાંથી મુક્ત છે અને આઝાદ વ્યક્તિ તરીકે ગમે ત્યાં જઈ શકે છે. પેલા બંને સહાબીઓ કહે છે કે, અમે ભયના માર્યા બહાર નીકળી ગયા ત્યારે અમે જોયું કે હઝરત ઈમામ હસન رضی اللہ عنہ હઝરત ઉસ્માન પાસે બળવાખોરોની ભીડ ચીરીને જઈ રહ્યા છે, અમે બંને પણ તેમની સાથે થઈ ગયા. હઝરત હસન رضی اللہ عنہ એ હઝરત ઉસ્માન رضی اللہ عنہ ને જઈને કહ્યું, અય અમીરુલ્ મો'મિનીન ! તમે અમારા ખલીફા અને હાકિમ છો, તમારી પરવાનગી વગર અમે હથિયારો ઉપાડી શક્તા નથી, તમે અમને આ ફિતનો શમાવી દેવાની રજા આપો. ત્યારે હઝરત ઉસ્માને તેમને જવાબ આપતા કહ્યું :–

يَا ابْنَ اَخِىْ اِرْجِعْ وَ اَجْلِسْ فِىْ بَيْتِكَ حَتّٰى يَاْتِىَ اللّٰهُ بِاَمْرِهٖ فَلَا حَاجَةَ لَنَا فِىْ اِهْرَاقِ الدِّمَآءِ

**અર્થાત** : અય મારા ભાઈના પુત્ર ! પરત થાઓ અને તમારા ઘરમાં બેસીને અલ્લાહની નક્કી કરેલી તકદીરની રાહ જુઓ ! આપણે મુસ્લિમોનું લોહી વહાવવું નથી. (પછી બળવાખોરોએ હઝરત ઉસ્માનને તેમના ઘરમાં ઘુસી જઈને શહીદ કરી દીધા હતા.)

### ★ હિકાયત નં. : 3 ★

હઝરત ઈબ્રાહીમ અદહમ رضی اللہ عنہ ને કોઈએ પૂછયું : અત્યાર સુધીમાં તમારા હૃદયની કોઈ ઈચ્છા પરિપૂર્ણ થઈ છે ખરી ?! જવાબ મળ્યો, હા ! બે વાર એવું બન્યું છે. એકવાર હું એક નાવડીમાં બેસીને બીજા મુસાફરો સાથે સફરમાં હતો, નાવડીમાં કોઈ મને ઓળખતું હતું નહીં, અને મારાં કપડાં ફાટેલાં તેમજ વાળ વિખરાએલા હતા, બધા જ મુસાફરો મારી ઠેકડી ઉડાડી રહ્યા હતા, તેમાંનો એક માણસ

વારંવાર મારી પાસે આવી મારા વાળ ખેંચીને સર્વેને હસાવતો હતો, અને બધા મુસાફરો ખરેખર હર્ષોલ્લાસમાં તે સમયે આવી ગયા જ્યારે કે પેલા માણસે મારા પર પેશાબ કર્યો. હું લાંબા સમયથી મારા નફ્સનો ગર્વ તોડવા પ્રયત્નો કરી રહ્યો હતો. તે દિવસે મને લાગ્યું કે આજે ખરેખર મારા હૃદયની ઈચ્છા પૂરી થઈ છે.

બીજીવાર એવું બન્યું કે સખત વરસાદ દરમ્યાન હું એક ગામમાં ગયો. ટાઢથી હું ધ્રુજતો હતો, મારાં કપડાંઓ લીલાં થઈ ગયાં હતાં અને તેમાંથી પાણી નિતરતું હતું. હું તે ગામની મસ્જિદમાં ગયો પણ લોકોએ મને અંદર પેસવા દીધો નહીં, બીજી અને ત્રીજી મસ્જિદમાં પણ એવું જ થયું. તે દિવસે મેં મારા નફ્સને કહ્યું, સમજી લે ! તું કશી જ વિસાતમાં નથી. અને તે દિવસે પણ મારા નફ્સને ઝલીલ કરવાની મારી ઈચ્છા પૂરી થઈ.

## ★ હિકાયત નં. : ૪ ★

હઝરત દાતા ગંજબખ્શ અલી બિન ઉસ્માન અલ્ હુજવેરી (વફાત : ૪૬૫ હિ.સ., મઝાર લાહોરમાં) કહે છે કે, મને એક સમયે મઅરિફતની જ્ઞાન પ્રાપ્તિમાં એક મુશ્કેલ વાતની ગુંચ નડતી હતી અને એ ગુંચ કેમ કરીને ઉકલતી ન હતી. એનાથી આગળ આવી જ એક ગંચ મને નડી હતી અને તે સમયે તે ગુંચ ઉકેલવા માટે હું હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ ના મઝાર શરીફ પર જઈને બેસી ગયો હતો અને તે ગુંચ ઉકલી ગઈ હતી. આ વખતે પણ એવું જ કર્યું, ત્રણ મહીનાઓ સુધી ત્યાં બેસી રહ્યો પણ ગુંચ ઉકલી નહીં. એટલે ત્યાંથી ઉઠીને ખુરાસાન તરફ રવાના થયો, રસ્તામાં એક ખાનકાહ (સૂફી, ફકીર લોકોને રહેવાની જગ્યા) આવી ત્યાં રાત પસાર કરવા રોકાયો. મારાથી અગાઉ અમુક સૂફી જેવા લાગતા લોકો ત્યાં ઉતરેલા હતા. લિબાસમાં મારી પાસે એક જાડા કુરતા સિવાય કશું જ ન હતું અને સરસામાનમાં અસો તેમ જ વુઝૂનો લોટો હતો. પેલા બનાવટી સૂફીઓએ મારી મજાક–મશ્કરી કરવાનું શરૂ કર્યું, તે લોકો મને તદ્દન હીન સમજતા હતા અને તેમાંનો એક બોલ્યો કે, આ માણસ આપણી સૂફી લોકોની જમાઅતનો નથી. અને હતું પણ એવું જ કે હું તેમની જેવો ઢોંગી ન હતો. આખરે તે લોકો જમવા બેઠા ત્યારે તેમની વાનગીઓની સુગંધ મને પહોંચતી હતી પણ તેઓએ મને ખાવા માટે સૂકા રોટલાનો માત્ર એક ટુકડો મારી તરફ ફેંક્યો. પછી જ્યારે તેઓ જમી પરવાર્યા ત્યારે તેઓ તરબુચ ખાવા માંડયા અને તેનાં છાણાંઓ મારા હાથ પર ફેંકતા હતા. મેં મારા દિલમાં અલ્લાહ તઆલાને વિનંતિ કરી કે, હે અલ્લાહ ! જો મેં તારી મિત્રતાનો પોશાક પહેર્યો ન હોત તો મારી હાલત આવી થાત નહીં. અને આ વિનંતિની સાથે જ મારી પેલી ગુંચ ઉકલી ગઈ અને એનાથી મારી મઅરિફતના જ્ઞાનમાં જે પ્રગતિ થઈ તેના હર્ષમાં હું મારી થએલી પેલી બેઈજ્જતીને વિસરી (ભૂલી) ગયો.

## ★ હિકાયત નં. : ૫ ★

હઝરત ઈમામ મુહમ્મદ બાકિર رضی اللہ عنہ (વફાત : ૧૧૪ હિ.સ. મઝાર જન્નતુલ બકીઅ, મદીના મુનવ્વરા)ના એક સેવક એમની હાલતનું વર્ણન કરતાં કહે છે કે, પ્રત્યેક રાત્રે આપ પોતાના વિર્દ–વઝાઈફ પઢવાનું પૂરું કરીને અલ્લાહ તઆલાની બારગાહમાં ખૂબ જ કરગરીને બુલંદ અવાજે આ મુજબ દુઆ માંગતા હતા; હે મારા અલ્લાહ ! મારા માલિક ! રાત્રી આવી લાગી. દુનિયાદારોની સત્તા સૂઈ ગઈ, આકાશમાં તારાઓ ચમકવા માંડયા, મખ્લૂક ગફલતની ઊંઘમાં જકડાઈ ગઈ, આંખો મીચાઈ ગઈ, કોલાહલ બંધ થયો, લોકો દુનિયાદારોના દરબારમાંથી રુખ્સત થઈ ગયા, પોતાની કિંમતી વસ્તુઓને સાચવીને મૂકી દીધી, દરવાજાઓ બંધ કરી લીધા, પણ હે અલ્લાહ ! તું જીવંત અને મૌજૂદ છે, બધી જ વસ્તુઓને જોનાર અને જાણનાર છે. સૂઈ જવું અને ઊંઘી જવું તારી

જાત માટે શક્ય નથી જે એટલું નથી સમજતો તે કોઈપણ નેઅમત મેળવવા પાત્ર નથી. હે અલ્લાહ ! એક કામ તને બીજા કામથી ગાફિલ કરી શક્તું નથી. તારી હસ્તી રાત્રી–દિવસના ફેરાઓથી પર છે. જે કોઈ દુઆ માંગે છે તારાં દ્વાર તેના માટે ખુલી જાય છે. માંગનાર તારા દ્વાર પર આવે છે તે ખાલી હાથે પાછો જતો નથી. હે અલ્લાહ ! જયારે મને મૃત્યુ અને કબરના હિસાબનું ધ્યાન દર પળે હોય ત્યારે કઈ ખુશી મને ખુશ કરી શકે ?! જયારે મોતનો ફરિશ્તો મારી સમક્ષ હોય ત્યારે હું દુનિયાના કયા લાભની ઈચ્છા કરી શકું ? હું દરેક વસ્તુ તારી પાક જાત પાસે જ માંગું છું તું એક અને ભાગીદાર વગરનો છે. તારી બારગાહમાં હું દુઆ માંગું છું કે, મૃત્યુ સમયે અઝાબ વગરની શાંતિ આપ અને હિસાબના દિવસે અઝાબ વગરની રાહત આપ. આ દુઆ માંગતા અને રડતા હતા. એક દિવસે સેવકે પૂછયું, હે મારા અને મારા બાપદાદાઓના સરદાર ! આમ ક્યાં સુધી આંસૂંઓ વહાવશો ?! જવાબ આપ્યો, હે દોસ્ત ! હઝરત યાકૂબ عليه السلام ના એક હઝરત યૂસુફ عليه السلام ગુમ થયા તો તે એટલું રડયા કે આંખો વહી ગઈ, મારા અઢાર માણસો અને મારા પિતામહ (ઈમામ હુસૈન رضي الله عنه)માં ગુમ થઈ ગયા છે. હઝરત યાકૂબ عليه السلام ની જેમ રડી રડીને જો મારી આંખો પણ સફેદ બની જાય તો પણ ઓછું છે.

## ★ હિકાયત નં. : ૬ ★

હઝરત હબીબ અજમી رحمة الله عليه મહાન બુઝુર્ગ થઈ ગયા. ઈલ્મ અને મઅરિફત (આધ્યાત્મિક જ્ઞાન) તેઓએ હઝરત ખ્વાજા હસન બસરી رحمة الله عليه (વફાત : ૧૧૬ હિ.સ., મઝાર બસરામાં) પાસેથી મેળવ્યું હતું. તેઓની માતૃભાષા ફારસી હતી એટલે અરબી સારી રીતે બોલી શક્તા ન હતા. એક સમયે હઝરત ખ્વાજા હસન બસરી તેમના હુજરા પાસેથી પસાર થતા હતા ત્યારે હબીબ અજમી નમાઝ પઢવાની તૈયારી કરી રહ્યા હતા. તેમનું ધ્યાન ખ્વાજા હસન બસરી તરફ ગયું નહીં. ખ્વાજા હસન બસરીએ વિચાર્યું કે તેમની સાથે મુકતદી તરીકે નમાઝમાં સામેલ થઈ જાય. પણ પછી એવું વિચારીને કે તેઓ કુર્આન શરીફને સહીહ ઉચ્ચારમાં પઢી શક્તા નથી એટલે તેમની પાછળ નમાઝ પઢયા નહીં. ખ્વાજા હસન બસરીને તે રાત્રે ખ્વાબમાં અલ્લાહ તઆલાનો દીદાર થયો. તેઓએ પૂછયું, હે બારી તઆલા ! તારી ખુશી કઈ બાબતમાં છે ?! જવાબ મળ્યો, અય હસન ! તને ગઈ સાંજે મને ખુશ કરવાની તક સાંપડી હતી પણ તેં તેનો લાભ લીધો નહીં. જો તું હબીબ અજમીની પાછળ નમાઝ પઢી લેત તો તેની નિય્યતની શુદ્ધતા તને ઈબાદતની વાસ્તવિક્તાનું ભાન કરાવી આપત અને હું તારાથી ખુશ થઈ જાત.

## ★ હિકાયત નં. : ૭ ★

હજ્જાજ બિન યૂસુફ ઘણો જુલ્મી બાદશાહ થઈ ગયો. ઘણા બધા સૂફીઓ અને આલિમોને તેણે શહીદ કરી દીધા હતા. એક સમયે તેણે હઝરત ખ્વાજા હસન બસરીની ધરપકડ કરવાનો હુકમ કર્યો. હઝરત ખ્વાજા સાહેબ હબીબ અજમીના હુજરામાં આવીને સંતાઈ ગયા. સિપાઈઓ તેમને ઢુંઢતા તે તરફ આવ્યા. હબીબ અજમી પોતાના હુજરાની બહાર બેઠા હતા. સિપાઈઓએ તેમને પૂછયું, તમે હસન બસરીને જોયા છે ? તેમણે જવાબ આપ્યો, હા ! તેઓ મારા આ હુજરામાં સંતાએલા છે. સિપાઈઓએ અંદર જઈ તપાસ કરી પણ કોઈ જોવા મળ્યું નહીં. બહાર નીકળીને તેમણે સખ્તીની સાથે હબીબ અજમીને સાચું બોલવા કહ્યું. તેમણે કહ્યું, સાચું જ કહું છું ! તેઓ મારા હુજરામાં સંતાએલા છે. સિપાઈઓએ ફરીવાર તપાસ કરી પણ સફળ તા મળી નહીં, એટલે તેમના જવાબને ગાંડા માણસની બકવાસ સમજીને ત્યાંથી ચાલ્યા ગયા. હઝરત ખ્વાજા હસન બસરીએ બહાર નીકળીને કહ્યું, અય હબીબ ! તારી બરકતથી હું બચી તો ગયો પણ

તેં તેઓને શા માટે કહી દીધું કે હું હુજરામાં સંતાએલો છું ?! હબીબ અજમીએ જવાબ આપ્યો, તમે મારી બરકતથી નહીં પણ મારા સત્યની બરકતથી બચી ગયા ! જો હું જૂઠ બોલતો તો મારું એ જૂઠ મને તમને બંનેને ઝલીલ અને અપમાનિત કરત.

### ★ હિકાયત નં. : ૮ ★

અબૂ હલીમ હબીબ બિન સલીમ અલ્ રાઈ મહાન વલીયુલ્લાહ થઈ ગયા, તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબી હઝરત સલમાન ફારસી رضی اللہ عنہ ના સાથીદારોમાંથી હતા. ફુરાત નદીના કિનારે રહેતા હતા અને બકરીઓ પાલવીને તેનાથી ગુજરાન કરતા હતા. એક શૈખ તે તરફથી પસાર થતા હતા તેમણે જોયું કે એક વરૂ તેઓની બકરીઓની સંભાળ રાખી રહ્યો છે અને તેઓ પોતે નમાઝમાં મશગૂલ છે. શૈખના દિલમાં ઝિયારત કરવાનો શોખ થયો એટલે ત્યાં રોકાઈ ગયા. જ્યારે હઝરત હબીબ અલ્ રાઈ નમાઝમાંથી પરવાર્યા ત્યારે પેલા શૈખે તેમને સલામ કરી ત્યાં બેસી ગયા. હઝરત હબીબે સલામનો જવાબ આપ્યો અને આવવાનું કારણ પૂછયું. શૈખે કહ્યું, પસાર થતો હતો અને જોયું કે વરૂ તમારી બકરીઓને ચરાવે છે, એટલે તમારી મુલાકાતનો શોખ થયો. હઝરત હબીબે કહ્યું, ભાઈ ! એનું કારણ એ છે કે એ બકરીઓનો માલિક અલ્લાહ તઆલાના ફર્માનનો તા'બેદાર છે. પછી બે પ્યાલાઓ એક પથ્થરની નીચે મૂક્યા તે પથ્થરમાંથી બે ઝરણાંઓ ફૂટી નીકળ્યાં એક દૂધનું બીજું મધનું. શૈખે પૂછયું, આ મરતબો તમને કેવી રીતે પ્રાપ્ત થયો ? કહ્યું, હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુકમોની તા'બેદારી કરવાથી. હઝરત મૂસા علیہ السلام ની કૌમ બની ઈસરાઈલ તેમના હુકમોનો અનાદર કરતી હતી છતાં તેમના માટે અલ્લાહ તઆલાએ પથ્થરમાંથી પાણીનાં ઝરણાંઓ કાઢયાં હતાં, હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم નો મરતબો ઘણો ઊંચો છે, તેમના સાચા અનુયાઈઓ માટે દૂધ અને મધનાં ઝરણાંઓ ફૂટી નીકળે તો એમાં નવાઈ શું છે ?! *(સંપૂર્ણ)*

### ★ જંબુસરમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો સુન્ની ઈજતેમા યોજાયો ★

જંબુસરની હુસૈની કમિટીના ઉપક્રમે તા. ૩૧–૩–૦૪ ના રોજ આયોજિત **"સુન્ની દા'વતે ઈસ્લામી"**ના અઝીમુશ્શાન ઈજતેમામાં શહેરના સ્થાનિક તેમજ અન્ય ગામો–શહેરોના ઈસ્લામી બિરાદરોએ કષીર તઅદાદમાં હાજરી આપી હતી. તિલાવતે કલામે પાક અને નઅતો મનકબતના પુરકૈફ તરાનાંઓ બાદ મુંબઈથી પધારેલ **હઝરત મુફ્તી ઝુબેર સાહબે** તકલીદના મૌઝૂઅ પર કુર્આનો હદીષની રોશનીમાં અસરકારક પ્રવચન આપ્યું હતું. અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી **હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી** સાહબે વલવલાઅંગેઝ બયાન ફર્માવીને સામઈન હઝરાતને મુતાસ્સિર કરી દીધા હતા. આ મુબારક ઈજતેમાના સદર વડોદરાના જુમ્આ મસ્જિદવાળા બાવા **મોઈને મિલ્લત હઝરત પીર સૈયદ મોઈનુદ્દીનબાવા** ઉપરાંત સાદાતે કિરામ–વ–ઉલમાએ કિરામે હાજરી આપીને ઈજલાસની રૌનક વધારી દીધી હતી અને ઈજતેમાને કામ્યાબ બનાવ્યો હતો.

### ★ દયાદરામાં જશ્ને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ★

શયખુલ ઈસ્લામ વલ મુસ્લિમીન આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વી رحمۃ اللہ علیہ ના (૨૫–સફર) ઉર્સે પાકના નૂરાની અવસરે તા. ૧૬–૪–૦૪ જુમ્આના અસરબાદ કુર્આન ખ્વાની મસ્જિદમાં રાખવામાં આવી હતી. અને ઈશા બાદ નઅતો મન્કબતનો શાનદાર પ્રોગ્રામ રાખવામાં આવ્યો, જેમાં સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગ મશહૂર નઅતખ્વાં જનાબ વાસિફ રઝાએ દયાદરા મોટા ચકલા પર આ'લા હઝરતની નઅતો તથા મન્કબતની ધૂમ મચાવી હતી. આ મુબારક અવસરે ઠેરઠેર ગામે ગામ શહેર શહેર મસ્લકે આ'લા હઝરતના શયદાઈઓએ પ્રોગ્રામો કરી આ'લા હઝરતની બારગાહમાં ખિરાજે અકીદત પેશ કર્યાના સમાચારો મળ્યા છે.

# જગત માટે જોખમરૂપ કોણ ?

(કાર્યાલય)

ઈસ્લામ તથા મુસલમાનને આંતકવાદી તથા વિવિધ રીતે બદનામ કરવાની અમેરિકાની જુલ્મી તથા ગંદી પોલીસીઓ એ કેવળ મુસ્લિમો માટે જ ચર્ચાનો તથા ચિંતાનો વિષય નથી બલ્કે સત્યનો ઈકરાર કરનાર તથા હક્ક વાત બોલનારા વિ□ના ઘણા બુદ્ધિજીવીઓ એનું એ'લાન કરી રહ્યા છે. તા. ૪–૨–૨૦૦૪ ના રોજ ભારતના ભૂતપૂર્વ સેનાપતિ જનરલ સુંદરરાજન પદ્‌મનાભને ધડાકો કર્યો હતો. તેમણે સીધો આક્ષેપ કર્યો **America is a rouge State** એટલે અમેરિકા તેના પોતાના કલાસનો એક અલગ જાતનો **"બદ્‌તમીઝ દેશ"** છે. હિંદુસ્તાન, પાકિસ્તાનને જ નહીં પણ ભારતમાં હિંદુ મુસ્લિમોને લડાવી મારવામાં અમેરિકન શસ્ત્ર ઉદ્યોગ અને જ્યોર્જ બુશના રિપબ્લિકન પક્ષને ઊંડો રસ છે.

ખૂદ અંગ્રેજ લેખિકા જુઆન સ્મિથ પણ લંડનના "ઓબ્ઝરવર"માં લખી ચૂક્યાં છે કે, "અમેરિકનો જ જગતમાં અધિકથી અધિક હિંસક છે. વેરવૃત્તિ રાખવામાં અમેરિકાનો અવ્વલ નંબર છે. અતિશય હિંસક ફિલ્મોને ત્યાં અઢળક એવોર્ડો મળે છે ! એની અસરો પબ્લિકમાં એ રીતે જોવા મળે છે કે ડેનવર નામના શહેરમાં બે ટિનેજર અમેરિકન બાળકોએ હાથમાં બંદૂક લઈને બાર વિદ્યાર્થીઓ અને ટીચરનાં ખૂન કરી નાખ્યાં હતાં. આટલાન્ટા શહેરમાં એક શેર દલાલે શેર સોદામાં ઈન્ટરનેટ ઉપર હજારો ડોલર ખોયા તો તેણે તમામ દલાલોનાં ખૂન કર્યાં હતાં.

માનવ અધિકારની બુમો પાડતુ તથા ત્રાસવાદ વિરૂધ્ધ ચળવળના નામે મુસ્લિમોને કચડતુ અમેરિકા કેટલું ત્રાસવાદી માનસ ધરાવે છે તેનો ચિતાર વાંચતા ચાલો :–

જુઆન સ્મિથ કહે છે કે મુસ્લિમો નહીં પણ અમેરિકનો સૌથી વધુ વાયોલન્ટ (ઘાતકી) છે. ૨૦૦૪ સુધીમાં અમેરિકામાં ૪૦૦૦ કેદીઓ દેહાંત દંડની રાહ જોઈને બેઠા હતા. ૨૮ વર્ષમાં ૭૦૦ જણને ફાંસીની સજા થઈ છે. આટલા વરસમાં ભારત કે પાકિસ્તાનમાં કેટલાને ફાંસી થઈ ?! ખૂબ જ ઓછી બલ્કે નહીંવત. જુઆન સ્મિથ કહે છે કે અમેરિકન સંસ્કૃતિ હિંસાને ખોળે બેસાડે છે એ હિંસા પછી ફિલ્મોમાં હોય, કોમ્પ્યુટર ગેઈમમાં હોય કે ગલ્ફ યુદ્ધ (ઈરાક)માં હોય. દરેક જીવન તબક્કે રાજકરણ કે મનોરંજન કે સામાજિક સંબંધોમાં હિંસા હોય છે. હિંસક બનેલી અમેરિકન સ્ત્રી તેના પ્રેમી બોબીટની જનેન્દ્રીય કાપી નાખે છે ! અમેરિકાના કેટલાયે પ્રમુખોનાં ખૂનોની દાસ્તાનમાં ખૂનોની પરંપરા સર્જાયેલી છે. જ્યોર્જ બુશ ફરીવાર ચૂંટાવા માટે ત્રાસવાદ અને યુદ્ધખોરીની જ વાતો કરે છે. અમેરિકન મીડીયા તથા પત્રકારત્વ પણ હિંસા તેમજ વેરવૃત્તિને પ્રોત્સાહન આપે છે. અમેરિકન અખ્બારો અને રાજકરણીઓને શસ્ત્રો પેદા કરતી કંપનીઓએ ખરીદી લીધાં છે. "ટાઈમ" નામનું પ્રતિષ્ઠિત ગણાતુ અમેરિકાનું સાપ્તાહિક ૧૧ ઓગસ્ટ ૨૦૦૩ ના રોજ એક આવરણ કથા છાપે છે તેનું મથાળુ છે : **Are India's Muslims Being Pushed To Breaking Point ?** "શું ભારતના મુસ્લિમો હવે તેમનો ગુસ્સો લાંબો સમય દબાવશે ?! શું ભારતના મુસ્લિમો તેમની ઉપર થતા જુલ્મોને તૂટી પડે ત્યાં સુધી સહન કરશે ?" આવા લેખો લખીને અમેરિકનો ભારત–પાકિસ્તાનને જ નહીં પણ હિંદુસ્તાનમાં હિંદુ–મુસ્લિમોને લડાવવા માંગે છે ! અમેરિકનો ૮૦૦૦ માઈલ દૂર બેસીને ભારતના મુસ્લિમોની ચિંતા કરે છે પણ અમેરિકાના બે લાખ મુસ્લિમોને તમામને શકની નજરે જુએ છે !

અમેરિકાથી પ્રગટ થતા "ધ નેશન" નામના પ્રબુદ્ધ સાપ્તાહિકના લેખક સી. હીચન્સે તા. ૪–૨–૨૦૦૪ ના અંકમાં એક સરસ લેખ લખ્યો છે; "ડિવાઈડ એન્ડ રૂલ" બે દેશોના ભાગલા પડાવો,

તેને લડાવો અને પછી બંને ઉપર રાજ કરો. ઈઝરાઈલ અને પેલેસ્ટાઈનીઓને લડાવી મારવામાં **નાલાયક બ્રિટિશરોને** ઓડકાર ન આવ્યો એટલે ભારતના ભાગલા પાડીને હિંદુ–મુસ્લિમને લડાવ્યા. એ પછી હિંદુ મુસ્લિમ કે ભારત પાકિસ્તાન એક થશે એવી દહેશત જણાતાં કાશ્મિરનું કોકડુ તેમનું છોડેલું તેને ઉગ્ર બનાવ્યું, રામ મંદિર અને બાબરી મસ્જિદના ઝઘડાનું બીજ પણ તનના ગોરા મનના કાળા અંગ્રેજોનું જ રોપેલું જે આજે વટ વૃક્ષ બનીને હિંદુ મુસ્લિમ ઝઘડાનું કુરુક્ષેત્ર બની ગયું છે.

દુનિયામાં લડાઈઓ કરાવી એક કાંકરે કેટલાયે પક્ષીઓ મારનાર આ શૈતાની દિમાગવાળાઓએ તેમના શસ્ત્ર ઉદ્યોગનો ધંધો ધીકતો રાખ્યો છે. ક્રિસ્ટોફર હીચન્સ "ધ નેશન"માં લખે છે કે અમેરિકન પ્રમુખ આયઝન હોવર અને વિદેશ મંત્રી જહોન ફોસ્ટર ડલેસે ૧૯૫૪ માં વિયેતનામના ભાગલા પડાવ્યા. બ્રિટિશરોને તો દક્ષિણ આફ્રિકાનાય ભાગલા પડાવવા હતા, એક કાળા લોકોનું આફ્રિકા અને એક ગોરા લોકોનું આફ્રિકા. પંજાબ, સિંધ, બંગાળ અને આસામને તો બ્રિટિશરોએ જ અલગ કરવાની બદમાશી શરૂ કરેલી, પાકિસ્તાનમાં પશ્તુઓને આડકતરી મદદ કરી. હવે પાકિસ્તાનીઓને અમેરિકા આપસમાં લડાવશે. ઈરાકમાં અમેરિકા જ શિયા સુન્નીને લડાવી રહેલ છે.

લંડનથી પ્રગટ થતા "ધ ઈન્ડિપેન્ડન્ટ" નામના સાચા અર્થમાં તટસ્થ અંગ્રેજી દૈનિકના લેખક માયકલ બાયર્સે તો છેક તા. ૮–૪–૨૦૦૧ ના અંકમાં લખેલું કે, **"આજે જગત માટે મુસ્લિમો ભયરૂપ નથી પણ જ્યોર્જ બુશ જગત માટે જોખમરૂપ છે.** જ્યોર્જ બુશે બાપનું વેર વાળવા ઈરાક પર હુમ્લો કર્યો. *(ગુજરાત સમાચાર, તા. ૧૪–૩–૨૦૦૪ માંથી સંક્ષિપ્તમાં)*

જે કારણસર ઈરાક પર હુમ્લો કરીને હજારોનો માનવ સંહાર કર્યો તે એ કે સદ્દામ સામુહિક વિનાશ કરતાં શસ્ત્રો ધરાવે છે જે વિ□શાંતિ માટે ભયજનક છે, તે તો ગલત સાબિત થયું છતાં આખા જગતને ઊંધા ચશ્મા પહેરાવનાર અમેરિકાના જાલિમ પ્રમુખ બુશ આ ખાના ખરાબીને યોગ્ય ઠરાવે છે ! હજારો નિર્દોષોની જાનો ગઈ, અસંખ્ય લોકો ઘવાયા, અપંગ બન્યા, કેટલાંયે બાળકો યતીમ બન્યાં, કેટલીયે માંઓએ પોતાના લાલ ખોયા, કેટલીયે ઔરતો વિધવા બની ગઈ, કેટલાય લોકો તબાહ તથા બર્બાદ થઈ ગયા. **શું માનવ ભલાઈનાં કામો કરવાનો આ તરીકો છે ?! માનવ અધિકારની વાતો અને માનવોનાં લોહીનો વરસાદ વરસાવવો એ શું જાલિમનું કામ નથી ?!**

અમેરિકા તથા યૂરોપના ઈતિહાસ પ્રતિ નજર દોડવશો તો એક વાત સ્પષ્ટ તરી આવશે કે માનવઅધિકારની ડંફાસો મારતા આ જાલિમો **માનવ લોહીના તરસ્યા કૂતરા** સમાન છે. જાપાનના હીરોશીમા અને નાગાસાકી શહેરો પણ બોમ્બ ફોડીને તેને કબ્રસ્તાનમાં ફેરવનારા કોણ હતા ?! આ જ માનવ અધિકારની વાતો કરનાર જ તો હતા ! દુનિયાને ગુલામીની જંઝીરો પહેરાવી તેમનું લોહી ચૂસનારા કોણ હતા ?! આ જ તો "તનના ગોરા મનના કાળા" લોકો જ હતા ! અને તેમનાં વરસોથી કરેલાં કુકર્મોનું જ એ પરિણામ છે કે આજે વિ□માં ક્યાંય પણ માનવસંહાર કે ખાના ખરાબી થતી હોય તેની પાછળ ઊંડે ઊંડે આ જ જાલિમોનો હાથ રહેલો છે.

## ૨૦૦ વરસોમાં અમેરિકાના દુનિયા પરના જુલ્મની દાસ્તાન !

અમેરિકાએ અફઘાનિસ્તાન પછી ઈરાક પર જે હુમ્લો કર્યો અને લોહીની નદીઓ વહાવી અને હજી પણ માનવ લોહોથી રોજ હોળી ખેલાઈ રહી છે એ કાંઈ નવી વાત નથી બલ્કે દુનિયાના વિવિધ દેશો પર અમેરિકા તરફથી જે ફૌજી હુમ્લા કરવાનો એક ઈતિહાસ મૌજૂદ છે તેનાથી એ ઘણા અંશે બદનામ છે જ. અમેરિકાએ વિ□ના દેશો પર ક્યાં, ક્યારે અને કેવા હુમ્લા કર્યા તેની વિગત આ પ્રમાણે છે :–

**બ્રિટન–અમેરિકાની જંગ (૧૮૧૨) :** આ જંગનું કારણ એ હતું કે અમેરિકા અને ફ્રાંસની

વચ્ચે બેહતરીન સંબંધોમાં બ્રિટનની દરિયાઈ ફૌજો તરફથી દખલગીરી કરવામાં આવી જેના પછી અમેરિકાએ બ્રિટનની વિરૂધ્ધ યુધ્ધની જાહેરાત કરી દીધી હતી.

**મેક્સિકો-અમેરિકાની જંગ (૧૮૪૬-૪૮)** પોતાની ભૂમિથી બહાર આ અમેરિકાની પ્રથમ જંગ હતી એમાં અમેરિકાએ વિજય મેળવ્યો અને મેક્સિકોએ પોતાના અડધા ઈલાકા પર પોતાની દાવેદારી છોડી દીધી.

**સ્પેન-અમેરિકાની જંગ (૧૯૮૯) :** હુવાના બંદરગાહ પર અમેરિકી વસાહતમાં અજીબો ગરીબ ઢંગથી થયેલ ધમાકા પછી અચાનક લડાઈ શરૂ થઈ ગઈ ત્યાર બાદ અમેરિકા એક જંગલી હવાઈ તાકાતના રૂપમાં ઉભરાઈને સામે આવી ગયું.

**નિગાર અગોઆ (૧૯૧૨-૧૯૧૩) :** નિગાર અગોઆએ અમેરિકા પાસેથી કરજ લીધેલું હતું જે કોઈ મજબૂરી હેઠળ તે પરત ચૂકવી ન શક્યું. એ કરજની માંગણીમાં સખ્તીના રૂપે અમેરિકાએ તુરત જ પોતાની ફોજ નિગાર અગોવામાં ઉતારી દીધી.

**હીતી (૧૯૧૫) :** અમેરિકાએ ઈ.સ. ૧૯૧૮ માં જર્મનીની વિરૂધ્ધ જંગનું એલાન કર્યું. એ જંગમાં લગભગ સવા લાખ અમેરિકી ફૌજી માર્યા ગયા હતા.

**બીજુ વિ□ યુદ્ધ (૧૯૩૯-૧૯૪૫) :** પર્લ હાર્બર પર **જાપાની** હુમ્લા પછી અમેરિકાએ ૮ ડિસેમ્બર ૧૯૪૧ ના રોજ તેની વિરૂધ્ધ યુદ્ધની જાહેરાત કરી દીધી. ૧૧ ડિસેમ્બરે **ઈટાલી** અને **જર્મની**ની વિરૂધ્ધ પણ યુદ્ધની જાહેરાત કરી. આ યુદ્ધમાં ત્રીસ હજાર અમેરિકનો માર્યા ગયા હતા.

**કોરિયાની સાથે યુદ્ધ (૧૯૫૦-૫૩) :** દક્ષિણ કોરિયા પર ઉત્તર કોરિયાના હુમ્લા બાદ અમેરિકાએ સલામતી કાઉન્સિલની નિગરાની હેઠળ પોતાનાં લશ્કરો રવાના કર્યાં. તેમ છતાં અમેરિકાએ જંગની શરૂઆત કરી અને પછી એ જંગમાં ખૂદ તેના લશ્કરના ૩૦ હજાર સૈનિકો માર્યા ગયા.

**સુએઝ નહેર-મિસ્ર (૧૯૫૬) :** અમેરિકી પાણીદળે ફ્રાંસ, ઈઝરાઈલ તથા બ્રિટનના સંગઠિતોને આ ઈલાકાથી હટવા માટે મજબૂર કર્યા અને તેના માટે બળ પ્રયોગની બાકાયદા ધમકી પણ આપી.

**લેબનોન (૧૯૧૮) :** લેબનાન ગવર્નમેન્ટની મદદ અને ત્યાં વસેલા અમેરિકનોની રક્ષા માટે અમેરિકાએ ત્રણ હજારથી અધિક સૈનિકો લેબનાનની ભૂમિ પર ઉતાર્યા. એ એક પ્રકારનો લેબનાન પર અમેરિકી લશ્કરનો હુમ્લો જ હતો.

**ક્યૂબા (૧૯૬૧) :** ક્યૂબામાં ફેડરલ કાસ્ટ્રોની સત્તાને ના'બૂદ કરવા માટે અમેરિકાએ કેટલીયે વાર લશ્કરી દખલગીરી કરી પરંતુ તેમાં તેને કદી પણ કામયાબી ન મળી.

**વિયતેનામ (૧૯૬૧-૭૫) :** સામ્યવાદીઓ (કોમ્યુનિસ્ટો)ને સત્તાથી દૂર કરવા અને ફરીવાર સત્તા હાંસલ ન કરી લે એટલા માટે અમેરિકાએ લાંબાગાળાનું યુદ્ધ વિયેટનામ પર ઠોકી બેસાડયું અને આ લાંબા યુદ્ધમાં વિયેતનામની તબાહીની સાથોસાથ અમેરિકાએ પોતાના ૫૫ હજાર સૈનિકોએ આ જંગમાં હોમી નાખ્યા.

**ડોમેન્ક લોકતંત્ર (૧૯૬૫) :** સામ્યવાદીઓથી આ દેશને સુરક્ષિત રાખવા માટે અમેરિકાએ ત્રીસ હજાર અમેરિકન પાણીદળના સૈનિકો અને અસંખ્ય એર ફોર્સના માણસો ડોમેન્ગો મોકલ્યા.

**ઈરાન (૧૯૮૦) :** તેહરાન અમેરિકી એચલી કચેરીમાં કૈદી બનાવવામાં આવેલા પર અમેરિકનોની મુક્તિના માટે અમેરિકાએ છાપો મારવાની ગુપ્ત કાર્યવાહી કરી. ઈરાની રણમાં એક અમેરિકી હેલીકોપ્ટર અને બળતણ ભરનારા વિમાન વચ્ચે આપસમાં ટકરાવના કારણે આ છુપા હુમ્લાની નાપાક સાઝિશ ઉઘાડી પડી ગઈ અને તેનો એ હુમ્લો નિષ્ફળ નિવડયો.

**લેબનોન(૧૯૮૩) :** બૈરૂતમાં અમેરિકાએ જબરદસ્તી પોતાની દરિયાઈ ફોજ મોકલી આપી.

એ ફોજના હેડકવાર્ટરમાં ટ્રક બોમ્બ ધડાકામાં ૨૩૯ અમેરિકી સૈનિકો માર્યા ગયા. જેના પછી અચાનક અમેરિકાએ લેબનોન પર બોમ્બ વર્ષા શરૂ કરી દીધી.

**ગ્રેનહાડ (૧૯૮૩)** : ગ્રેનહાડમાં ત્યાંની સામ્યવાદી પાર્ટીના એક લીડર જુન્તા થકી વડા પ્રધાનના ખૂન પછી અમેરિકાએ લગભગ ૨૦૦૦ અમેરિકી સૈનિકો ગ્રેનહાડ મોકલી દીધા. તે દેશે અમેરિકી લશ્કરી દખલગીરીને આવકારી.

**લીબિયા (૧૯૮૬)** : અમેરિકનો પર કેટલાયે હુમ્લાઓ પછી અમેરિકાએ ઉશ્કેરાઈને ત્રીપોલી તથા બંધાજી એરોડ્રામો પર જબદસ્ત બોમ્બવર્ષા કરી.

**પનામા (૧૯૮૯)** : પનામામાં વસેલા અમેરિકનોની જાન માલની રક્ષાના બહાને અમેરિકાએ એ દેશમાં ફૌજી દખલગીરીનો માર્ગ કાઢી લીધો અને પછી પોતાની ફૌજ ત્યાં મોકલીને ત્યાંના લોકપ્રિય અને પબ્લિકમાં પ્રિય લીડર મેનુઈલ ઈન્તુન્યુ નૂરેજાને સત્તાએથી દૂર કરાવી દીધા.

**અખાતી યુદ્ધ (૧૯૯૧)** : કુવૈત પર ઈરાકી હુમ્લાને બહાનુ બનાવીને અને તેને ઈરાકથી આઝાદ કરાવવાના માટે અમેરિકાએ જબરદસ્તી પોતે પહોંચી જઈને પછી સઊદી ગવર્નમેન્ટના નિમંત્રણને આધાર બનાવી ૧૯૯૦ માં "ઓપરેશન ડેઝર્ટ સ્ટોર્મ"નો પ્રારંભ કર્યો. અમેરિકા તરફથી શરૂ કરવામાં આવેલી આ જંગમાં પાંચ લાખ અમેરિકી સૈનિકોએ ભાગ લીધો. ઈ.સ. ૧૯૯૩ માં અમેરિકી તથા બ્રિટનની ફૌજોએ ઈરાક પર કેટલાયે હવાઈ હુમ્લા કર્યા અને મિસાઈલો વડે પણ જબરદસ્ત હુમ્લા કર્યા.

**સૂમાલિયા (૧૯૯૨)** : ગરીબી તથા ભૂખમરાથી પરેશાન સૂમાલિયાની પ્રજાના માટે યુનોની માનવ ભલાઈની ચળવળમાં અમેરિકી ફૌજે પણ ઈમદાદી કામોમાં સહકાર કર્યો. પરંતુ ૧૯૯૪ માં એક સૂમાલિયન ગૃપના થકી અમેરિકી ફૌજો પર હુમ્લા પછી અમેરિકી ફૌજોએ તેના પ્રત્યાઘાત આપતાં સૂમાલિયા પર હુમ્લો કરી આપ્યો અને બાદમાં અમેરિકી લશ્કર તે ચળવળમાંથી વોક આઉટ કરીને પોતાના વતન પાછી ચાલી ગઈ.

**બોસ્નિયા (૧૯૯૫)** : સર્બિયા પર મુસલમાનો અને કુર્દશિયાઈ લોકોની સાથે ચર્ચાઓના માટે દબાવ બનાવી રાખવા માટે અને તેઓને એ માટે તૈયાર કરવાના માટે આંતરરાષ્ટ્રિય કાયદા કાનૂનને અભરાઈએ ચઢાવીને અમેરિકાએ પોતાના જંગી વિમાનો થકી સર્બિયાના રહોણાંકો પર બોમ્બવર્ષા શરૂ કરી દીધી.

**અફઘાનિસ્તાન અને સુડાન (૧૯૯૮)** : આતંકવાદ વિરૂધ્ધ કાર્યવાહીનું બહાનુ બનાવીને અમેરિકાએ અફઘાનિસ્તાન તથા સુડાન પર મિસાઈલો વડે હુમ્લો કરી દીધો.

**યોગોસ્લેવિયા (૧૯૯૯)** : યોગોસ્લેવિયાના કોસવી પ્રાંતમાં અલ્બેનિયાઈ વંશના લોકોની રક્ષા માટે સર્બિયત ફોજને હટાવવાની ચળવળ હેઠળ અમેરિકી વિમાનોએ બોમ્બવર્ષા શરૂ કરી આપી. અમેરિકી ફોજોએ મોટા યુદ્ધો ઉપરાંત કેટલાય નાના નાના જંગી મન્સૂબા આયોજિત કર્યા અને એમાં ભરપુર ભાગ લીધો ચાહે તે અમેરિકી વાસીઓની રક્ષાના માટે ૧૯૯૬ માં લાઈબેરીયામાં કરવામાં આવેલા હુમ્લા હોય અથવા ૧૯૮૨ માં લેબનોનમાં યુનો તરફથી એની લશ્કરી કાર્યવાહી હોય.

સારાંશ કે અમેરિકાના અફઘાનિસ્તાન પર થયેલા હવાઈ હુમ્લા બાદ જમીન પરની જંગમાં તાલિબાનની હકાલપટ્ટી હોય કે ઈરાકમાં એ જ પ્રકારે ખૂનની હોળી ખેલીને સદ્દામનો તખ્તો ઉલટવાની કાર્યવાહી હોય, દરેકમાં નિદોર્ષ બાળકો તથા સ્ત્રીઓનું ખૂન વહાવનાર આ બસો વરસનો ખૂની ઈતિહાસ તમારી સમક્ષ જ છે ! અમેરિકાનું આ કૃત્ય કાંઈ નવું નથી બલ્કે તેના ખૂનમાં જ ખૂનામરકી છે જેમનાથી આજે આખુ જગત પરેશાન છે. *(નવ ભારત ટાઈમ્સ, હિન્દી, બહવાલા કિતાબ દુન્યા દેહશતગર્દી કે સાએમેં) (સંપૂર્ણ)*

# ફતાવા વિભાગ

★ અઝ ★

હઝરત મુફતી મુહમ્મદ હારૂન રશીદ
કાદરી અમજદી કંબોલવી

શું ફર્માવે છે દીનના આલિમો તથા શરીઅતના મુફતીઓ નીચેના મસાઈલ બારામાં કે :–

### ★ સવાલ નં. ૧ ★

અમારે ત્યાં અમુક લોકો મહેનતાણુ લઈને મસ્જિદમાં બાળકોને દીની તા'લીમ આપે છે, એમાં મસ્જિદની ચીજો દા.ત. પંખા, લાઈટ વગેરેનો ઉપયોગ કરે છે તો શું આ રીતે પઢાવી શકે છે કે નહીં ?

### ★ સવાલ નં. ૨ ★

વહાબી દેવબંદી વગેરે બદ્‌મઝહબ સફમાં આવી જાય તો નમાઝ થશે કે નહીં ? સફ કટ થશે કે નહીં ?

### ★ સવાલ નં. ૩ ★

એવો ઈમામ જે તજવીદના નિયમો તથા કાયદા ન જાણતો હોય તેની પાછળ તજવીદના નિયમો તથા કાનૂનો જાણનારની નમાઝ થશે કે નહીં ? તેમજ તેના જેવો અન્ય ન જાણનારાઓની નમાઝ થશે કે નહીં ?

### ★ સવાલ નં. ૪ ★

અમારે ત્યાં દરગાહોમાં નારિયેલ ફોડે છે, સ્ત્રીઓ મઝારો પર આવે છે, મઝારો પર લોબાન કરવામાં આવે છે જેમાં સળગતા કોલસાને મઝારોની નજીક ગુમાવવામાં આવે છે, તો આ બધાની શરીઅતની રૂએ સ્થિતિ શું છે ?

### ★ સવાલ નં. ૫ ★

અમારે ત્યાં એક ઘણુ જ જૂનુ કબ્રસ્તાન છે જે એક જમાઅતના હેઠળ છે, તેની ચાર બાજુઓ છે, એક બાજુ મકાનો કબરોની ઉપર બનાવવામાં આવી રહ્યાં છે, એક બાજુ જૂની કબરોમાં શરાબ બનાવવામાં આવે છે, એક બાજુ કબ્રસ્તાનમાં નાનો રસ્તો હતો તેને હવે આવ જા કરનારાઓ માટે મોટો કરી દેવામાં આવ્યો છે એટલે સુધી કે મોટી ગાડીઓ પણ ત્યાંથી પસાર થાય છે. યાદ રાખશો કે આ રસ્તો મોટો કરી દેવામાં આવ્યો છે તે કબરો પર કરવામાં આવ્યો છે. અને એક બાજુએ કબ્રસ્તાનથી તદ્દન અડીને શહેરની મોટી ગટર નીકળે છે અને તે ગટરમાં કબ્રસ્તાનની માટી પડે છે. તો કબ્રસ્તાનની ફઝીલત શું છે એ દર્શાવીને શું કરવું જોઈએ એ શરીઅતની રોશનીમાં જણાવશો. તેમજ જમાઅતના મેમ્બરોનો શો હક્ક છે તે જણાવશો.

### ★ સવાલ નં. ૬ ★

મસ્જિદ મદ્રસા વગેરેના માટે દેવબંદી, વહાબી, સુલેહકુલ્લીની પાસેથી ચંદો લઈ શકીએ છીએ કે નહીં ? આ પ્રશ્નોના કુર્આન તથા હદીષની રોશનીમાં વિગતવાર સરળ જવાબ આપી અલ્લાહની બદલાના હક્કદાર બની આભારી થશો. બૈયનૂ વ તુજરૂ. (**પ્રશ્નકર્તા :** મુહમ્મદ ખિઝર અ. સત્તાર નવીવાળા નૂરી રઝવી–ધોરાજી)

**باسمہ تعالیٰ والصلاۃ والسلام علیٰ رسولہ الاعلیٰ**

### ★ જવાબ નં. ૧ ★

મસ્જિદમાં બાળકોને મહેનતાણુ લઈને પઢાવવાં જાઈઝ નથી. મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી علیہ الرحمۃ والرضوان લખે છે કે, "જો પઢાવનાર મેહનતાણુ લઈને પઢાવે છે તો અધિક નાજાઈઝ છે કે હવે દુનિયાનું કામ થઈ ગયું. અને દુનિયાની વાતના માટે મસ્જિદમાં જવું હરામ છે. *(ફતાવા રઝવિય્યહ્‌, ભાગ–૬, પેજ–૪૪૫)*

અલ્બત્ત સખત જરૂરતના સમયે એ સિવાય કોઈ માર્ગ ન હોય તો "**મહેનતાણુ લેનાર પણ**

**મસ્જિદમાં પઢાવી શકે છે."** ફતાવા રઝવિય્યહ્, ભાગ–૩, પેજ–૬૦૬ પર ફતાવા ખુલાસાથી છે :–

المعلم الذين يعلم الصبيان باجى
اذا جلس فى المسجد يعلم الصبيان
لضرورة الحر وغيره لايكره

વલ્લાહુ તઆલા અઅ્લમ.

★ જવાબ નં. ૨ ★

વહાબી, દેવબંદી પોતાના સ્પષ્ટ કુફી અકીદાઓના કારણે હુસ્સામુલ હરમૈનના ફત્વા અનુસાર મુસલમાન નથી, તેમની નમાઝ શરઅન નમાઝ નથી. જેથી દેવબંદી વહાબી સફમાં ઉભેલા હશે તો યકીનન સફ કટ થયેલી ગણાશે. સુન્નીઓ પર લા'ઝિમ છે કે તેઓ પોતાની મસ્જિદોમાં એલાન કરી આપે કે કોઈ વહાબી દેવબંદી અમારી સફોમાં ન ઘુસે, બલ્કે અમારી મસ્જિદોમાં ન આવે. કેમ કે તેઓ મુઝી છે અને દરેક મુઝીને મસ્જિદમાં આવવાથી રોકવો લા'ઝિમ છે. દુર્રે મુખ્તાર, ભાગ–૧, પેજ–૪૮૯ માં છે : يمنع منه كل موذولو بلسانه ملخصًا એટલે "ઈજા આપનારને મસ્જિદમાં આવવાથી રોકવામાં આવે, ભલે તે કેવળ જીભ વડે જ ઈજા આપતો હોય." તો અલ્લાહ عزوجل તથા રસૂલ صلى الله تعالى عليه وسلم ને ગાળો આપનારાઓથી વધીને મુઝી કોણ હશે ? જેથી તેમને મસ્જિદમાં આવવાથી રોકવામાં આવે અને આવી જાય તો બહાર કરી દેવામાં આવે. વલ્લાહુ તઆલા અઅ્લમ. આ જ પ્રમાણે ફતાવા ફૈઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૩૪૫ માં છે.

★ જવાબ નં. ૩ ★

જે નમાઝ જાઈઝ થઈ જાય એ પ્રમાણે કિર્અત ન કરતો હોય તે જ શરીઅતની રૂએ ગૈર કારી તથા ઉમ્મી છે, એવા શખ્સની પાછળ કારી એટલે કે જે નમાઝ જાઈઝ થઈ જાય એ પ્રમાણે કિર્અત કરનાર હોય તેની નમાઝ થશે નહીં. ફતાવા આલમગીરી, ભાગ–૧, પેજ–૮૦ માં છે :–

لايصح اقتد ائلقارى بالا مى
كذافى فتاوى قاضى خان

અને દરેક હર્ફને સહીહ તૌર પર અદા કરવો લા'ઝિમ છે, અને એક હર્ફને (બદલે) બીજો પઢવામાં જો અર્થ ફાસિદ થતો હોય તો (એની પાછળ કોઈની) નમાઝ થશે નહીં. એવું જ ફતાવા અમજદિયા, ભાગ–૧, પેજ–૧૪૧ ઉપર છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

★ જવાબ નં. ૪ ★

દરગાહોમાં નારિયેલ ફોડવું જાઈઝ છે, અલ્બત્ત ખાસ કબરની ઉપર ન ફોડવામાં આવે. અને લોબાન જણાવ્યા મુજબના તરીકાથી સળગાવવું સૌ મના છે. (કબર શરીફથી હટીને ખૂશ્બુ માટે સળગાવી શકાશે.)

અને સ્ત્રીઓનું મઝારો પર જવું નાજાઈઝ તથા ગુનોહ છે. હદીષ શરીફમાં છે :–

ان زياره القبور مكروهة للنساء بل
حرام فى هذا الزمان

એટલે કે સ્ત્રીઓના માટે કબરોની ઝિયારત મકરૂહ છે બલ્કે આ જમાનામાં હરામ છે." *(ઉમ્દતુલ કારી શરહે બુખારી, ભાગ–૮, પેજ–૮૦)* વલ્લાહુ તઆલા અઅ્લમ.

★ જવાબ નં. ૫ ★

મુસલમાનોનું કબ્રસ્તાન ચાહે ગમે તેટલુ જૂનુ કેમ ન હોય એમાં મકાન, શરાબ તથા રસ્તો બનાવવો હરગિઝ હરગિઝ જાઈઝ નથી. હદીષ શરીફમાં છે:–

لان يجلس احدكم على جمرة حتى
تحرق ثيابه خيرمن ان يجلس على قبر

એટલે "જો તમારામાંથી કોઈ શખ્સ આગની ચિન્ગારી પર બેસે, ત્યાં સુધી કે તેનાં કપડાં સળગી જાય તો એ કબરો પર બેસવાથી બેહતર છે." *(નિસાઈ શરીફ, ભાગ–૧, પેજ–૨૮૭)*

અને ફતાવા આલમગીરી, ભાગ–૨, પેજ–૩૬૨ માં છે :–

سئل هو (ای القاضی الامام شمس الائمة محمود الاوزجندی) عن المقبرة فی القری اذا اندرست ولم يبق فيها اثر الموتی لا العظم ولا غيره هل يجوز زر مها واستغلا لها قال لا ولها حكم المقبرة كذافی المحيط

અને હઝરત સદરુશ્શરીઅહ્ عليه الرحمة والرضوان લખે છે કે, "મુસલમાનોનું કબ્રસ્તાન છે જેમાં કબરોની નિશાનીઓ પણ નષ્ટ થઈ ગઈ છે, હાડકાંઓનો પણ પતો નથી, છતાં પણ તેને ખેતર બનાવવું, તેમાં મકાન બનાવવું જાઈઝ નથી. હજી પણ તે કબ્રસ્તાન જ છે, કબ્રસ્તાનના સર્વ આદાબો પાળવામાં આવે. *(બહારે શરીઅત, ભાગ–૧૦, પેજ–૮૩)*

જેથી જમાઅતના સભ્યો પર લા'ઝિમ છે કે આ સર્વ બાબતો પર ધ્યાન આપે અને જે ખરાબીઓ કબ્રસ્તાન તથા તેની જમીન પર થઈ રહેલ છે તે સૌને શક્તિ અનુસાર રોકવાની પૂરેપૂરી કોશિશ કરે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

## ★ જવાબ નં. ૬ ★

સુન્નીઓની મસ્જિદ મદ્રસા વગેરેમાં દેવબંદી વહાબી વગેરે બદ્મઝહબોથી ચંદો માંગવો હરગિઝ જાઈઝ નથી એટલા માટે કે જે જણાવેલ ગુમરાહ ફિર્કાઓથી મસ્જિદ, મદ્રસા માટે ચંદો લેશે તો વહાબી દેવબંદી પણ પોતાની મસ્જિદ તથા મદ્રસા માટે સુન્નીઓથી ચંદો લેશે અને એઓ તેને આપશે. તેમજ તેઓ તેમનાથી સલામ કલામ કરશે, તેઓ આવશે તો તેમની તા'ઝીમ કરશે, તેમને શાદી વિવાહમાં શરીક થવાનું દા'વત આપશે અને તેઓ પણ આ પ્રકારના પ્રસંગોએ સુન્નીઓને દા'વત આપશે તો તેઓ તેમના પ્રસંગોમાં હાજરી આપશે એટલે સુધી કે તેમના ઘરવાળાંઓની નમાઝે જનાઝા પઢશે અને તેઓ ચાહશે તો તેમને ત્યાં શાદી (વિવાહ) પણ કરશે અને તેઓ પોતાનો ઈમામ નિયુક્ત કરશે તો એનાથી પણ ઈન્કાર કરશે નહીં.

આ રીતે વહાબી દેવબંદી મસ્જિદ તથા મદ્રસાના નામ પર સુન્નીઓને રૂપિયા આપીને પૂરા મહોલ્લા કે ગામવાળાઓને થોડાક દિવસોમાં વહાબી ન બનાવી શક્યા તો કમસે કમ સુલેહ કુલ્લી જરૂર બનાવી નાખશે. એટલા માટે મસ્જિદ તથા મદ્રસાના માટે તેમની પાસેથી ચંદો માંગવો જાઈઝ નથી. અને જો વગર માંગ્યે આપે તો પણ ન લે કે તેઓ એ રીતે બદ્મઝહબ બનાવવાની કોશિશ કરશે, જેમ કે ઉપર વર્ણન કરવામાં આવ્યું. અને હદીષ શરીફમાં છે :–

اياكم واياهم لا يضلونكم ولا يفتنونكم وان مرضوافلا تعودوهم ما توا فلا تشهد وهم وان لقيتموهم فلا تسلمو اعليهم ولا تجا لسوهم ولا تشاربوهم ولاتواكلوهم ولاتناكحوهم ولاتصلوعليهم ولا تصلوامعهم

એટલે "બદ્મઝહબોથી દૂર રહો, તેમને તમારાથી દૂર રાખો, ક્યાંક તેઓ તમને ગુમરાહ ન કરી આપે, ક્યાંક તેઓ તમને ફિત્નામાં ન નાખી દે. જો તેઓ બીમાર પડે તો તેમની અયાદત (બીમારપુર્સી) ન કરો, જો તેઓ મૃત્યુ પામે તો તેમના જનાઝામાં ન જાવ અને તેમનાથી મુલાકાત થાય તો તેમને સલામ ન કરો, તેમની સાથે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, તેમની સાથે ખાવા ન ખાવ, તેમની સાથે શાદી (વિવાહ) ન કરો, તેમની નમાઝે જનાઝા ન પઢો અને તેમની સાથે નમાઝ ન પઢો." આ હદીષ મુસ્લિમ, ઈબ્ને માજહ્, અબૂ દાઉદ, ઓકૈલી તથા ઈબ્ને હબ્બાનની રિવાયતોનો સમુહ છે. *(અન્વારુલ્ હદીષ, પેજ–૧૦૩)* વલ્લાહુ તઆલા અઅ્લમ.

***લખનાર** : મુહમ્મદ હારૂન રશીદ કાદરી અમજદી કંબોલ્વી*

***અલ્ જવાબુ સહીહુન્ :– (૧)** મુહમ્મદ કૌનેન નૂરી* ***(૨)** મુહમ્મદ મેહમૂદ અખ્તર મિસ્બાહી ગુફિરલહૂ*

*–[અમીને શરીઅત એજ્યુ. ટ્રસ્ટ–ધોલ]*

# બરકાતે ખ્વાજાની ટપાલ

## વાંચકો લખે છે કે ......

### ★ પયગામે આલે રસૂલ ★

બિરાદરે તરીકત, મોહસિને સુન્નિયત અઝીઝ શબ્બીર અલી દયાદરવી ! આ'લે રસૂલ કા સલામ વ ખૈરિયતે તરફૈન..... **"બરકાતે ખ્વાજા"** મેગેઝિન કી ઈબ્તેદા પર જુમ્લા અરાકીન કો બહોત બહોત મુબારકબાદ ! આપકી જાનિબસે ભેજા હુવા "બરકાતે ખ્વાજા" (માસિક) મિલા, યકે બઅદ દીગર ઔર ભી મૌસૂલ હુએ. સબકો મુખ્તલિફ જગાસે દેખા. "મશાઈખાને ચિશ્તસે ઈમામે એહલે સુન્નત કી અકીદત" કી હકીકત જો આમ લોગોં તક નહીં પહૂંચી થી ઉસે પળ્હકર દિલ કો સુકૂન મિલા. ઈસ સિલસિલેમેં જિસ્ને જિસ્ને હિસ્સા લિયા ઉસે અલ્લાહ તઆલા કુબૂલ ફર્માએ, મૈં દુઆગો હૂં કે આપકી કાવિશકો શરફે કુબૂલિયત બખ્શે ઔર મકબૂલે આમ બનાએ. આમીન બિજાહિ સૈયદુલ મુરસલીન ﷺ.

*–આપકા ફકીરે જીલાની ઝૈનુલ આબેદીન*
*(નડિયાદ, પીજ ભાગોળ)*

☆ ✪ ★ ✇

**"બરકાતે ખ્વાજા"** નામનું દીની સામયિક શરૂ કરવામાં આવ્યું છે એ જાણી અત્યંત ખુશી થાય છે. એ સામયિકના ફેબ્રુઆરી–માર્ચ ૨૦૦૪ ના પ્રથમ બે અંકોનું અવલોકન કરતાં ભાઈ શબ્બીર પટેલ અને સામયિકના પરિવારની મેહનતની પ્રતિતિ થાય છે. દીની માહિતી સભર દળદાર અંકો, સફાઈદાર છાપકામ વાંચકોને પ્રભાવિત કરે એવા છે.

દીની મદ્રસાઓનું સંચાલન, દીની સાહિત્યનું પ્રકાશન ઉપરાંત દીનની અનેક પ્રવૃત્તિઓમાં મશ્ગૂલિયત હોવા છતાંયે ભાઈ શબ્બીરે આ વધુ એક સાહસ માથા પર લીધું છે ત્યારે આ વાતની પણ નોંધ લેવા જેવી છે કે દીની, સામયિકના પ્રકાશનનું કામ અત્યંત કપરૂં છે, તે ઘણો સમય અને શ્રમ માંગી લે છે. સંશોધન માટે અનેક કિતાબોમાંથી પસાર થવું પડે છે. આ બધા અનુભવોમાંથી ભાઈ શબ્બીર પસાર થઈ ચૂકેલ છે. એ પછી એમણે આ કામ માથા પર લીધુ છે જે એમની વિશિષ્ટતામાં મૂકી શકાય. એ એમની હિંમત, ઈશ્કે રસૂલ ﷺ અને સુન્નિયત પ્રત્યેના તલસાટને આભારી છે.

સુન્ની મુસ્લિમ વાંચકોની ફરજ છે કે સામયિક "બરકાતે ખ્વાજા" માટે શક્ય એટલા ગ્રાહકો બનાવી સામયિકની હોંસલા અફઝાઈ કરે. અલ્લાહ તઆલા બદલો દેનાર છે. ***–"જિગર"*** *નબીપુરી (લંડન)*

☆ ✪ ★ ✇

આપના **"બરકાતે ખ્વાજા"** (માસિક) અંક ૧ અને ૨ મળ્યા અને વાંચ્યા. વાંચી ઘણી ખુશી થઈ તે બદલ આપને મુબારકબાદ આપુ છું. આપની ખિદમતને બુઝુર્ગોના વસીલાથી ખુદાપાક કબૂલ ફર્માવે તથા ઉમર દરાઝ કરે. તેમજ આપ જે દીન માટે મેહનત કરો છો તેમાં બરકત આપે. "બરકાતે ખ્વાજા"ના બધા જ લેખ પસંદ પડયા તેમાંય ખાસ "ફતવા વિભાગ, ઈસ્લામ અને આધુનિક શોધો" ઘણા પસંદ આવ્યા. અમો ખુદાપાક પાસે દુઆ કરીએ છીએ કે ખુદાપાક તેના હબીબ ﷺ ના સદકામાં તથા તમામ બુઝુર્ગોના વસીલાથી આપને કામમાં હમેશાં તરક્કી અતા કરે. (આમીન)

***–લિ.*** *(નાચીઝ) હાજી હારૂનભાઈ બરકાતી–વડોદરા*

☆ ✪ ★ ✇

તમારા પોતાના અને "બરકાતે ખ્વાજા"ના લાંબા આયુષ્ય માટે દુઆગો છું. આપણા માહોલમાં માસિક ચલાવવું કેટલું કપરૂં છે તે તો મારા કરતાં તમે વધારે જાણો છો. હિંમતભર્યા કદમ ઉઠાવવા બદલ મુબારકબાદ. આપના માસિકમાં યુવાન કલમોને કામ કરતી જોઈને ખરેખર ખુશી થાય છે. "બરકાત"નું માત્ર

જાહેર જ નહીં પણ એનું બાતિની મટેરીઅલ પણ ઉચ્ચકક્ષાનું છે. ઈન્શાઅલ્લાહ ! હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہ ની બરકતોથી એ માલામાલ થશેજ. ફક્ત આપનો મુખ્લિસ

*–(હઝરત મૌલાના) હસન આદમ કોલવનવી–લેંકાસ્ટર*

☆ ✪ ★ ✫

**"બરકાતે ખ્વાજા"** માસિકના પ્રકાશન બદલ આપ સર્વેને દિલી મુબારકબાદી પાઠવું છું. દુઆ છે કે રબ્બુલ ઈજ્જત એને એટલે હદે કામયાબી આપે કે "બરકાતે ખ્વાજા" (માસિક) વર્તમાનકાળમાં દીન અને સુન્નિયતની એક જરૂરત બની જાય જે પ્રમાણે સુન્ની દા'વતે ઈસ્લામીની તેહરીક છે. અલ્લાહ તઆલા આપને તંદુરસ્તી સાથે ઉમર દરાઝ ફર્માવી વધુને વધુ દીન–સુન્નિયતની ખિદમત કરવાનો સબબ પેદા ફર્માવે. *(આમીન)*

*–દુઆગો શફીકભાઈ અસૂરીયાવાલા (બોલ્ટન)*

☆ ✪ ★ ✫

**પાલેજ** : પટેલ શબ્બીર અલી રઝવી સાહબને બરકાતે ખ્વાજા (માસિક) માટે મુબારકબાદી સાથે ખૂબ ખૂબ સલામ બાદ જણાવવાનું કે તા. ૨૮–૩–૦૪ ને રવિવારના રોજ મર્હૂમા મરયમ બીબીની ઝિયારતના પ્રસંગે **રાળોદ** ગામે જે પાલેજથી આશરે ૧૫ કિ.મી. દૂર છે. જ્યાં સવારે ૯ થી ૧૧ દરમ્યાન આલિમા ફાઝિલા કારીયા અનીસા યાકૂબ પટેલે મૌતના બારામાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું જેમાં મોટી સંખ્યામાં માં બહેનોએ હાજરી આપી હતી. ત્યાર બાદ તે જ દિવસે રવિવારે બપોરે ઝોહરની નમાઝ બાદ મદ્‌સાએ નૂરે મુહમ્મદીમાં (પાલેજ)માં ઔરતો માટે ઈજતેમા રાખ્યો હતો જેમાં આજ આલિમા–ફાઝિલાએ નફ્સે અમ્મારા વિશે બયાન કર્યું હતું.

તથા તા. ૨૯–૩–૦૪ ને સોમવારના રોજ ઝોહરથી અસર સુધી અંકુર સોસાયટી (પાલેજ)માં તકરીરનો પ્રોગ્રામ ઔરતો માટે રાખ્યો હતો જેમાં આ જ આલિમાએ અઝમતે ઈન્સાન વિશે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું તથા નઅત શરીફ અને સલાતો સલામ પઢી હતી જેમાં મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી. તથા મોહર્રમ મહિનામાં પણ આજ મુબલ્લિગાએ આશરે ૧૪ તકરીરી પ્રોગ્રામ પાલેજમાં કર્યા જેમાં શોહદાએ કરબલાની શાનમાં બયાન કર્યા હતા. *–રજુકર્તા : હાફેઝ અબ્દુલ મજીદ (પાલેજ)*

**અણખી (જંબુસર)** : ગામના બુઝુર્ગ હઝરત પીર અનવરશાહબાવાના ઉર્સ શરીફ નિમિત્તે જંબુસર શહેરના સામાજિક કાર્યકર મોહતરમ જનાબ સૈયદ હસમતઅલી હાજી મજુમિયાં બાપુના હસ્તે સંદલ શરીફની રસ્મ સલાતો–સલામ સાથે અદા કર્યા બાદ ફાતિહાખ્વાની દુઆએ ખૈર ગુઝારીને નિયાઝ તકસીમ કરવામાં આવી હતી.

**પાલેજ** : મદ્‌સાએ મોહદ્દિસે આ'ઝમ નવીનગરીનો ૧૭ મો વાર્ષિક ઈનામી જલ્સો હલદરવા થયો. દારુલ ઉલૂમના આલિમોએ ઈમ્તેહાન લીધુ હતું બાદમાં તા. ૨૬–૦૪–૦૪ ના રોજ બાળકોને ઈનામો આપવામાં આવ્યાં હતાં. તા. ૨૬–૦૪–૦૪ ના ઈશા બાદ જશ્ને શોહદાએ કરબલાની શાનમાં હઝરત મૌલાના સૈયદ સફીયુલ્લાહબાવા દરિયાઈ અશરફીએ શાનદાર તકરીર કરી હતી.

*–રજુકર્તા : અ. મજીદ શેખ ઓપરેટલર–પાલેજ*

## ★ વિનંતિ ★

**એપ્રિલ–૦૪** ના અંક પેજ નં. ૮ ના અરબી લખાણમાં આયત છૂટી હતી જેથી નીચેનું લખાણ કટ કરી ત્યાં જ ચોંટાડશો.

وَالَّذِيْنَ يُؤْمِنُوْنَ بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَمَآ اُنْزِلَ مِنْ قَبْلِكَ وَبِالْاٰخِرَةِ هُمْ يُوْقِنُوْنَ
اُولٰٓئِكَ عَلٰى هُدًى مِّنْ رَّبِّهِمْ وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ اِنَّ الَّذِيْنَ
كَفَرُوْا سَوَآءٌ عَلَيْهِمْ ءَاَنْذَرْتَهُمْ اَمْ لَمْ تُنْذِرْهُمْ لَا يُؤْمِنُوْنَ خَتَمَ
اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ وَعَلٰى سَمْعِهِمْ وَعَلٰٓى اَبْصَارِهِمْ غِشَاوَةٌ وَّلَهُمْ
عَذَابٌ عَظِيْمٌ وَمِنَ النَّاسِ مَنْ يَّقُوْلُ اٰمَنَّا بِاللّٰهِ وَبِالْيَوْمِ
الْاٰخِرِ وَمَا هُمْ بِمُؤْمِنِيْنَ يُخٰدِعُوْنَ اللّٰهَ وَالَّذِيْنَ اٰمَنُوْا

# ઐસા સખી ન હુવા હૈ ન હોગા !

**આતા હૈ ફકીરોં પે ઉન્હેં પ્યાર કુછ ઐસા કે**
**ખૂદ ભીક દે ઔર ખૂદ કહે મંગતા કા ભલા હો !** *(હસન રઝા બેરલ્વી)*

નબી કરીમ ﷺ આઠ દિરહમ લઈને બજારે તશરીફ લઈ ગયા હતા. રસ્તામાં એક બાંદીને રડતી જોઈ તો આપે રડવાનુ કારણ પૂછયું, તેણી કહેવા લાગી કે હું ઘરેથી બે દિરહમ લઈને ખરીદી કરવા નીકળી છું પણ તે દિરહમ મારાથી માર્ગમાં ક્યાંક ગુમ થઈ ગયા છે. આપે સાંત્વન આપ્યું અને બે દિરહમ તેને આપી દીધા. ચાર દિરહમનો કુર્તો ખરીદીને જ્યારે આવ્યા તો એક ફકીર કહી રહ્યો હતો, જે મને કુર્તો પહેરાવશે તેને અલ્લાહ તઆલા જન્નતનો લિબાસ અતા કરશે. આપે તે કુર્તો તેને આપી દીધો. ફરી બજારમાં ગયા અને બે દિરહમનો લિબાસ કુર્તો ખરીદી લાવ્યા. પાછા વળ્યા તો એક બીજી બાંદીને રસ્તા વચ્ચે રડતી જોઈ. આપે તેને પૂછયું કે શા માટે રડી રહી છે ?! તેણીએ અર્ઝ કરી, હુઝૂર ! મને મારા માલિકના ઘરે જવામાં મોડુ થઈ ગયું છે ! આપે ફર્માવ્યું, મને તારી સાથે લઈ ચાલ. જેથી આપ તેના ઘર સુધી પહોંચ્યા અને દરવાજો ખટખટાવી કહ્યું, અસ્સલામુ અલૈકુમ ! પણ જવાબ ખામોશી સિવાય કાંઈ ન હતો. આપે ફરી સલામ કરી પણ ખામોશી યથાવત રહી. ત્રીજી વાર આપે ફરી સલામ કરી તો તેમણે જવાબ આપ્યો, યા રસૂલલ્લાહ ! અલૈક વસલ્લમ, અમે ઈરાદાપૂર્વક જવાબ ન આપ્યો કે આપના પ્યારા અવાજથી ફૈઝયાબ થતા રહીએ અને આપની સલામતીની દુઆઓનો ઝખીરો બનાવી લઈએ ! અને બરકત હાંસલ કરીએ. પછી આપે ફર્માવ્યું, આ બાંદીને ઘરે પહોંચવામાં મોડુ થયું છે તો એને માફ કરી આપો ! તેમણે ઘણી જ ખુશીભેર અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તેણી આપને ખાતર આઝાદ છે ! હુઝૂર ﷺ પાછા ફરતાં ફર્માવી રહ્યા હતા, "મેં આ આઠ દિરહમોને સૌથી વધુ નફાકારક પામ્યા ! કેમ કે એક બાંદીને મેં પનાહ અપાવી, બીજીને આઝાદી મળી અને નગ્ન વ્યક્તિને લિબાસ મળ્યો." *(કિતાબ શરફુલ મુસ્તફા બ હવાલા નુઝહતુલ મજાલિસ, ભાગ-૧, ઉર્દૂ, પેજ-૬૯૦)*

હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે જે વ્યક્તિમાં ત્રણ ગુણો હશે તે અલ્લાહ તઆલાની હિફાઝતમાં રહેશે : કમજોરો સાથે નરમી કરવી, મા બાપની સાથે સારો વર્તાવ કરવો અને ગુલામો બાંદીઓ સાથે ભલાઈ કરવી. *(તિર્મિઝી શરીફ)*

આપ ﷺ એ ફર્માવ્યું, "જે કોઈ ગમગીન પરેશાનની મદદ કરે છે તો કિયામતમાં મહાન ભયના દિવસે અલ્લાહ તઆલા તેને દોઝખથી નજાત અતા ફર્માવશે. *(નુઝહતુલ મજાલિસ)*

★ ★ ★ ★ ★

## ★ ચાર દિરહમમાં ચાર દુઆઓ ! ★

નકલ થયેલ છે કે હઝરત મન્સૂર ઈબ્ને અમ્માર رحمة الله تعالى عليه વઅઝ ફર્માવી રહ્યા હતા. શ્રોતાઓમાંથી એક વ્યક્તિએ ઉભા થઈને ચાર દિરહમની માંગણી કરી. આપે ફર્માવ્યું, "જે કોઈ એને ચાર દિરહમ આપશે તેના માટે હું ચાર દુઆઓ કરીશ." એક યહૂદીનો ગુલામ ઉભો થયો અને તેણે ચાર દિરહમ આપતાં કહ્યું કે, "મારા માટે ચાર દુઆઓ કરો !"

હું ગુલામ છું તો આઝાદી મળે, ફકીર છું તો તવંગરી મળે, ગુનેહગાર છું તો મગફેરત થાય અને મારો ગૈર મુસ્લિમ માલિક ઈસ્લામ લઈ આવે.

હઝરત મન્સૂરે દુઆ ફર્માવી. જ્યારે તે ઘરે પહોંચ્યો તો માલિકે પૂછયું, તેં મોડુ શાથી કર્યુ ? તે કહેવા લાગ્યો કે, હું મન્સૂર ઈબ્ને અમ્મારની વઅઝ સાંભળવા લાગ્યો અને મેં ચાર દિરહમના સદકામાં ચાર દુઆઓ મેળવી; **એક** : મારી આઝાદીના માટે હતી. તેણે કહ્યું, સારું જા ! મેં તને આઝાદ કર્યો ! **બીજી** : મારી મોહતાજી દૂર થાય. તેણે ચાર હજાર દિહરમ તેને આપી દીધા. **ત્રીજી** : અલ્લાહ તને ઈસ્લામની દૌલત અતા ફર્માવે. તો માલિકે તુરત જ કલમો પઢી ઈસ્લામ સ્વીકારી લીધો અને મુસલમાન થઈ ગયો ! **ચોથી** : મારા તથા તારા માટે મગફેરત અને બખ્શિશની હતી. તે કહેવા લાગ્યો કે આ મારી શક્તિ બહાર છે ! રાત્રે તેણે ખ્વાબમાં જોયું કે કોઈ કેહનાર કહી રહ્યો છે, જે કાંઈ તારી કુદરતમાં હતું તે તેં કર્યુ અને જે મારી કુદરતમાં છે તે હું કરું છું. જેથી સાંભળ ! મેં તને, તારા ગુલામને, વાઈઝને તથા તમામ હાજરજનોને મારી મગફેરતથી નવાઝયા. સુબ્હાનલ્લાહ ! *(નુઝહતુલ મજાલિસ, ભાગ-૧, ઉર્દૂ, પેજ-૬૬૨)*

## ✪ અમારું અવલોકન ✪

**કિતાબ** : **ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અકીદત** (પેજીસ : ૨૦)

**સંપાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**પ્રકાશક** : અંજુમને રઝાએ મુસ્તફા, મુા. દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૮૨૪૪૮૬૪૪૩

**કિંમત** : ફક્ત પોસ્ટકાર્ડ લખીને મફત મંગાવો

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمة الله تعالى عليه ની શખ્સિયતે ઈશ્કે રસૂલ વ ઈશ્કે અવલિયાના જામ ભરી ભરીને લોકોને પીવડાવી પુખ્તા ઈમાનવાળા બનાવ્યા છે. અલ્હમ્દુલિલ્લાહ ! આ કિતાબ વાંચવાથી ફલિત થાય છે કે બુઝુર્ગોની અકીદત શીખવી હોય તો પ્રથમ આ'લા હઝરતના ગુલામ બનો ! ચિશ્તી બુઝુર્ગોની તા'ઝીમ તથા મહબ્બતથી લબરેઝ પ્રસંગો તથા મસાઈલના જવાબ વાંચો અને ઈમાનને પુખ્તા બનાવી દરેક પ્રકારની ગુમરાહીને ભગાડો ! દયાદરાના સરનામે ફક્ત પોસ્ટકાર્ડ લખીને મફતમાં કિતાબ મેળવો.

મસ્લકે આ'લા હઝરત !
ઝિંદાબાદ !

# સંસ્થા પરિચય

ઈશ્કો મહબ્બત ! ઈશ્કો મહબ્બત !
આ'લા હઝરત ! આ'લા હઝરત !

**સંસ્થાનું નામ** : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** [Regd. No. : GRWB/059/Bharuch/02]

**સરનામુ** : C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન. ૩૯૨૦૨૦, ગુજરાત (ઈન્ડિયા) ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મો. ૯૮૨૪૪૮૬૪૪૩

**ઉદ્દેશ** : ગુજરાતીમાં સ્ટાન્ડર્ડ સુન્ની સાહિત્યનું પ્રકાશન કરી "સુન્નિયત"નો એટલે "મસ્લકે આ'લા હઝરત"નો ડંકો વગાડવો.

## ★ લાભની વાતો ★

૧. આપના તથા મર્હૂમોના સવાબ અર્થે સુન્ની મહાન આલિમોની કિતાબો છપાવી બંને દુનિયાની ભલાઈ કમાઓ !

૨. વરસમાં ફક્ત એક જ વાર **રૂા. ૨૦૦/– (કમસે કમ) મોકલી સભ્ય બનો** અને વરસભર અંજુમન થકી છપાતી કિતાબો મફતમાં ઘેર બેઠાં પામો અને ઈમાનને તથા અમલને ચમકદાર બનાવો.

૩. **ઝકાત, લિલ્લાહ, ફિત્રા, સદકા, ન્યાઝની રકમો, કુર્બાનીના ચામડાની રકમો** મોકલીને જેઓ શક્ય સહકાર કરશે તો એમને પણ કિતાબો રવાના થાય છે.

**"ઈમાનનીની મજબૂતી"** તથા **"અમલોની ઈસ્લાહ"** બાબતે અત્યાર સુધીમાં નાનીથી માંડીને ૪૦૦–૫૦૦ પેજીસ સુધીની કિતાબો સુન્ની ઉલમાની કિતાબો અથવા તેમનાથી ફયૂઝ પામી સંપાદિત કરીને **મોટા ભાગે મફત** વિ□ભરમાં જ્યાં ગુજરાતી વસે છે તેમને પહોંચાડવા **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** સતત કાર્યશીલ રહે છે. **વહાબી, દેવબંદી, તબ્લીગઢોંગીઓ, ગૈર મુકલ્લિદ યા'ને કહેવાતા અહલે હદીષ, મૌદૂદી યા'ને કહેવાતા જમાઅતે ઈસ્લામી હોય કે જૂઠા શરીઅત વિરૂધ્ધ વર્તતા બનાવટી પીરો હોય તથા સુન્નિયત અને શરીઅત સામે ઉઠતા કોઈ પણ ગુમરાહીના તુફાનનો જવાબ આપવા આપણી આ સંસ્થાએ ખડે પગે રહીને અત્યાર સુધીમાં ૧૧૧ (એક સો અગીયાર) પ્રકાશનનો તથા વિવિધ પ્રમ્ફલેટો બહાર પાડેલાં છે.**

## ★ અપીલ ★

આપ પણ **મઝહબે હક્ક અહલે સુન્નત** યા'ને **મસ્લકે આ'લા હઝરત**ના ચાહવાવાળા હોઉ તો અને સુન્નિયતની હમદર્દી આપનામાં હોય તો આ સંસ્થાના મેમ્બર બનીને, બનાવીને ડોનેશન આપીને–અપાવીને આ નેક કાર્યમાં જોડાઈ જાવ.

**અંજુમનના સભ્ય બનો અને બનાવો**

Anjumane Raza-E-Mustafa-Dayadara
C/o. Faizane Raza Manzil
At & Po.: Dayadara, Pin: 392020
Di.: Bharuch (Guj.) India
PH. (02642) 282792, 282911
GRWB/059/BHARUCH/02

**અંજુમનને મદદ કરો અને કરાવો**

# અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાની

ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨,

## હાજર સ્ટોક કિતાબોની યાદી

મો. ૯૮૨૪૪૮૬૪૪૩

| | | |
|---|---|---|
| તોહફાએ નજાત | *(ભાગ–૨)* | ૨૦.૦૦ |
| તોહફાએ નજાત | *(ભાગ–૫)* | ૫૦.૦૦ |
| તોહફાએ નજાત | *(ભાગ–૬)* | ૫૦.૦૦ |
| તોહફાએ નજાત | *(ભાગ–૮)* | ૫૦.૦૦ |
| તોહફાએ નજાત | *(ભાગ–૯)* | ૬૦.૦૦ |
| તોહફાએ નજાત | *(ભાગ–૧૦)* | ૫૦.૦૦ |
| રહનુમાએ હક્ક | *(વહાબીની રદમાં)* | ૫૦.૦૦ |
| જા અલ્ હક્ક | *(ભાગ–૨)* | ૧૫.૦૦ |
| જા અલ્ હક્ક | *(ભાગ–૩)* | ૨૦.૦૦ |
| જા અલ હક્ક | *(એહલે હદીષની રદમાં, ભાગ–૪)* | ૨૦.૦૦ |
| ઈમામ અહમદ રઝા علیہ الرحمۃ والرضوان | | ૨૫.૦૦ |
| સુન્ની–દેવબંદી મતભેદની ન્યાયી તપાસ | | ૨૦.૦૦ |
| ઈલ્મેદીનનું મહત્વ તથા સૂફીપણાની વાસ્તવિક્તા | | ૨૦.૦૦ |
| પર્દો શા માટે ? | | ૨૦.૦૦ |
| શીશ મહેલ | *(મૌદૂદીની રદમાં)* | ૨૦.૦૦ |
| સ્ત્રી તથા પુરૂષ ઈસ્લામી રોશનીમાં | | ૧૫.૦૦ |
| ફેશનની બર્બાદીઓ | | ૦૦.૦૦ |
| બદ્ અકીદગીથી બચો | | ૦૦.૦૦ |
| અકાઈદે ઉલ્માએ દેવબંદ | | ૦૫.૦૦ |
| મસ્લકે મુજદ્દિદ | | ૦૦.૦૦ |
| ઈસ્લામ અને અર્વાચીન બેંક કારોબાર | | ૦૦.૦૦ |
| રૂહાની હિકાયતો | *(ભાગ–૨)* | ૩૦.૦૦ |
| ફિલ્મી ગીતોની ભયાનક્તા | | ૦૦.૦૦ |
| કાદયાનીને ઓળખો | | ૦૦.૦૦ |
| ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અકીદત | | ૦૦.૦૦ |

### ★ અન્ય સંસ્થાની કિતાબો ★

| | | |
|---|---|---|
| ફયૂઝાને શરીઅત | *(તમામ મસાઈલનો સમુહ)* | ૧૫૦.૦૦ |
| જિન્નાતની દુન્યા | | ૫૦.૦૦ |

| | |
|---|---|
| અલ્લાહના પયગંબરો (ભા. ૧ થી ૪ સેટના) | ૨૦૦.૦૦ |
| મુકાશિફતુલ કુલૂબ | ૮૦.૦૦ |
| ભારતના દોસ્ત અને દુશ્મન | ૩૦.૦૦ |
| રહમતે ખુદા બ વસીલએ ઔલિયા | ૧૫.૦૦ |
| સલ્તને મુસ્તફા | ૧૫.૦૦ |
| મિન્હાજુલ આબેદીન | ૧૦૦.૦૦ |
| ખુત્બાતે નૂરી *(ભાગ–૧)* | ૨૦.૦૦ |
| શેરે રઝા | ૨૦.૦૦ |
| મારેહરા અને બરૈલીનો અતૂટ રૂહાની રિશ્તો | ૧૫.૦૦ |
| ઝિના ગુનાહે કબીરા | ૦૫.૦૦ |
| ઈસ્લામી પ્યારાં નામ | ૧૫.૦૦ |
| કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન *(કુર્આન શરીફનો તર્જુમો તથા તફસીર)* | ૩૦૦.૦૦ |
| નિકાહ રજીસ્ટર (૩ કોપીમાં) | ૧૬૦.૦૦ |
| બિદઅત અને બરૈલી ? | ૧૦૦.૦૦ |
| મો'મિનકી નમાઝ | ૬૫.૦૦ |
| જન્નતી ઝેવર *(તમામ મસાઈલનો સમુહ)* | ૧૨૦.૦૦ |
| નૂરાની તા'લીમાત (દુઆ, સૂરતો પોકેટ સાઈઝ) | ૦૫.૦૦ |
| અત્યબુલ બયાન (તકવિયતુલ ઈમાનની રદમાં) | ૧૨૫.૦૦ |
| તા'લીમાતે જાને ઈમાન *(ખાસ મદ્રસા માટે)* | ૧૦.૦૦ |
| **Noorani Talim (Set) ( 2 to 5 Part)** | **100.00** |
| **Wahabi & Deobandl Beliefs** | **30.00** |
| **Qanoon-E-Shariat (1-Part)** | **70.00** |
| **Conspiracy Against Islam** | **15.00** |
| **A Call for Justice** | **10.00** |
| **The Respect of Madina** | **5.00** |
| **Hajj and Umrah** | **10.00** |

ઉપરાંત નૂરાની તા'લીમ, તા'મીરે અદબ વગેરે દર્સી કિતાબો મળશે.

આ **"બરકાતે ખ્વાજા"** (માસિક) **"ઈસ્લામિક વેલ્ફેર મિશન"** દયાદરા તરફથી તેના પ્રમુખ, તંત્રી, પબ્લીશર તથા પ્રિન્ટર પટેલ શબ્બીર અલી રઝવી (B. Sc.)એ **"ટેકનો પ્રિન્ટ"** કાટવાલા એસ્ટેટ, યાકૂતપૂરા, વડોદરામાં છપાવી ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાની ઓફિસેથી પ્રગટ કર્યું.

*Barkate Khwaja (Monthly) May-2004 Regd. No. G/Bch/54*

# શું તમે હજી ''બરકાતે ખ્વાજા''ના ગ્રાહક બન્યા નથી ?!

**અહલે સુન્નત વ જમાઅત** યા'ને **''મસ્લકે આ'લા હઝરત''**ની હક્કાનિયતનો ડંકો વગાડતુ આપણુ આ માસિક **''બરકાતે ખ્વાજા''** ક્રમે ક્રમે મંઝિલો પસાર કરતું પ્રગતિના પંથે આગળ ધપી રહ્યું છુ. અલ્હમ્દુલિલ્લાહ ! આપના હાથમાં આ તેનો પાંચમો અંક છે, આપે એને વાંચ્યો, સુન્નિયતની ખિદમત માટે સંતોષકારક ભરપુર સામગ્રી આપે એમાં મેહસૂસ કરી હશે. અને ઘણા વાંચકો પત્રો થકી, ફોન દ્વારા **બરકાતે ખ્વાજા (માસિક)** વાંચીને મુબારકબાદી અર્પી રહ્યા છે એમના અમે ખૂબ ખૂબ આભારી છીએ કે એ રીતે અમને ખિદમતે દીનો સુન્નિયતના માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે.

સાથે સાથે અમારી એક વિનંતિ એ છે કે પ્રશંસાના પત્રોથી કેવળ કામ ચાલશે નહીં ! ખરેખર તમને **બરકાતે ખ્વાજા (માસિક)** ગમ્યું હોય તો **કેવળ ખુદા વ રસૂલની રઝામંદી ખાતર નવા ગ્રાહકોની નોંધણી કરીને તેની યાદી અમારા સુધી પહોંચાડો તો એનાથી અમારી અધિક હોસલા અફઝાઈ થશે.**

**મેરી હિમ્મત કો સરાહો મેરે હમરાહ ચલો**
**મૈંને ઈક શમ્અ જલાઈ હૈ હવાઓં કે ખિલાફ !**

જેમને ખુદા પાકે દૌલતથી નવાઝયા છે તેઓને અપીલ છે કે **આજીવન સભ્ય ફી** અથવા **પેટ્રન સભ્ય ફી** (૧૧ વરસ માટે) ભરીને જરૂરથી સહકાર કરે અને રબ તઆલાથી બદલો મેળવે.

*(–લિ. તંત્રી ''બરકાતે ખ્વાજા'')*

**સંપર્ક સરનામુ**

**બરકાતે ખ્વાજા *(માસિક) કાર્યાલય***
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦. ગુજરાત (ઈન્ડિયા)
✆ : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨. મો. ૯૮૨૪૪૮૬૪૪૩

**બોલ્ટનમાં ''બરકાતે ખ્વાજા''નું લવાજમ ક્યાં નોધાવશો ?!**

**MAULANA M. IQBAL**
**29, WALNUT ST. LANC'S - BL1 8 LN BOLTON - U.K. (ENGLAND)**

આ **''બરકાતે ખ્વાજા''** (માસિક) **''ઈસ્લામિક વેલ્ફેર મિશન''** દયાદરા તરફથી તેના પ્રમુખ, તંત્રી, પબ્લીશર તથા પ્રિન્ટર પટેલ શબ્બીર અલી રઝવી (**B. Sc.**)એ **''ટેકનો પ્રિન્ટ''** કાટવાલા એસ્ટેટ, યાકૂતપૂરા, વડોદરામાં છપાવી ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાની ઓફિસેથી પ્રગટ કર્યું.

# અમારું અવલોકન

**કિતાબ** : **ઈસ્લામ અને વિ□શાંતિ** (પેજીસ : ૩૪૮, આવૃત્તિ : બીજી)

**લેખક** : હઝરત મૌલાના બદરુલ્ કાદરી મિસ્બાહી (હોલેન્ડ)

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**પ્રકાશક** : ઈસ્લામિક વેલ્ફેર મિશન C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ. દયાદરા, તા. જિ. ભરૂચ, ગુજરાત–ઈન્ડિયા, પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મો. ૯૮૨૪૪૮૬૪૪૩,

**હદિયો** : ફક્ત પચાસ રૂા. M.O. કરીને **દયાદરા**ના સરનામેથી આ કિતાબ અવશ્ય મંગાવશો.

બેશક ! યકીનન ! **"ઈસ્લામ વિ□ શાંતિનો જામિન"** છે. આજે પૂરા વિ□માં વિશેષતઃ યૂરોપ તથા અમેરિકામાં તેજીની સાથે લોકો ઈસ્લામને સ્વીકારી રહ્યા છે. જેવી રીતે અત્તરને શીશીમાં દાબીને ફીટ બંધ કરી દેવામાં આવે છતાં તેની ખુશ્બુ ફેલાયા વિના રહેતી નથી તેમ યૂરોપ, અમેરિકાના તથા વિ□ભરના ઈસાઈ, યહૂદી તથા મુશ્રિકોના ઈસ્લામ વિરૂદ્ધના જૂઠા દુષ્પ્રચારની અતિશયતા છતાં ઈસ્લામની હક્કાનિયતની ખુશ્બુ વિ□ભરમાં વેરાઈ રહી છે અને ઈસ્લામનો અભ્યાસ કરનારા ફટાફટ ઈસ્લામમાં દાખલ થઈ રહ્યા છે.

વિરોધીઓએ ઈસ્લામથી લોકોને દૂર રાખવા તરહ તરહના વાંધાઓ ઉઠાવીને લોકોને ભડકાવવા અથાગ પ્રયાસો કર્યા છે. ક્યારેક જેહાદનો ગલત અર્થ દર્શાવીને તેની સામે વાંધો ઉઠાવે છે તો ક્યારેક ઈસ્લામી સજાઓ સામે વાંધો ઉઠાવે છે તો ક્યારેક ઈસ્લામે સ્ત્રીઓને અધિકારોમાં પાછળ રાખી છે (મઆઝલ્લાહ !) વગેરે વાંધાઓ ઉઠાવે છે. એ સર્વનો સંતોષકારક ઈમાનવર્ધક જવાબ આ કિતાબમાં વાંચી ઈમાનને તાજુ કરો.

આજે જ મંગાવો અને ગૈરોને પણ વંચાવીને ઈસ્લામની સચ્ચાઈ તેમની સમક્ષ પેશ કરો. લાયબ્રેરીઓ, મદ્રસા, દારુલ ઉલૂમોને ભેટ મોકલી સવાબ કમાઓ. સુંદર ટાઈટલ, ઉમદા કાગળ પર છપાયેલ આ લાજવાબ કિતાબ પ્રસિદ્ધ કરવા બદલ લેખક, પ્રકાશકને મુબારકબાદ !!

*(–તંત્રી "બરકાતે ખ્વાજા)*

**નોંધ** : આ કિતાબ ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાના લાભાર્થે છપાવવામાં **મર્હૂમ સુલેમાન જીવા દયાદરા**ના નેક ફરઝંદોએ તેમના વાલિદૈનના સવાબ અર્થે સહાય કરી છે. મૌલા તઆલા મર્હૂમોની મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે. *–આમીન.*

✪ ✪ ✪